ISSN-0971-8397

# યોજના

એપ્રિલ ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨



## ઉત્તર પૂર્વ

**ઉત્તર પૂર્વ વિસ્તારોનો સહિયારો વિકાસ - પડકારો અને આગળનો રાહ**
સી.કે.દાસ

**ઉત્તર-પૂર્વની આર્થિક સાપેક્ષ સ્થિતિ**
મંજુલા વાધવા

**ઉત્તર-પૂર્વનો કૃષિ વિકાસઃ વાંસ મિશન, આર્થિક સમૃધ્ધિનું સાધન**
નિરેન્દ્ર દેવ

**ખાસ લેખ**
**ઉત્તર પૂર્વમાં શાસન સામેના પડકારો**
નરેશ ચંદ્ર સક્સેના

**ફોક્સ લેખ**
**ઉત્તર પૂર્વમાં કૌશલ્ય વિકાસ**
ઈબુ સંજીબ ગર્ગ

**ઓફબીટ લેખ**
**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુધ્ધિમત્તા)થી ભારતના વિકાસને વેગ**
અવિક સરકાર

# વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય પોષણ મિશન અને દેશભરમાં બેટી બચાઓ બેટી પઢાઓ ઝૂંબેશ વિસ્તરણનો આરંભ




આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે, વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય પોષણ મિશન અને સમગ્ર દેશમાં બેટી બચાઓ બેટી પઢાઓ (બીબીબીપી) ઝૂંબેશના વિસ્તરણ કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. રાજસ્થાનનાં ઝુનઝુનુમાં ૮ માર્ચ ૨૦૧૮ના રોજ યોજાયેલા વિશાળ કાર્યક્રમમાં દેશભરના તમામ ૬૪૦ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા. તેમણે આ પ્રસંગે એવા ૧૦ જિલ્લાને એવોર્ડ એનાયત કરી સન્માન કર્યું હતું જેમણે સામુદાયિક સંકલન, પીસી અને પીએનડીટી એક્ટનું અમલીકરણ અને છોકરીઓના શિક્ષણની દિશામાં દેશભરમાં ખૂબ જ સારી કામગીરી બજાવી છે.

છોકરીઓને પણ છોકરાઓની જેમ જ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ મળવું જોઈએ તે બાબત પર વડાપ્રધાને આ કાર્યક્રમ દરમિયાન વિશેષ ભાર મુક્યો હતો. સંતાન તરીકે છોકરીઓ ક્યારેય બોજ નથી હોતી તે વાત પર તેમણે ભાર મુકતા કહ્યું હતું કે, ઘણા બધા ક્ષેત્રોમાં અદભુત કામગીરી કરીને છોકરીઓ અત્યારે આપણા દેશને ગૌરવ અને કિર્તી અપાવી રહી છે. બીબીબીપી ઝૂંબેશની ત્રીજી વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે, વડાપ્રધાને ફોટો જર્ની (તસવીરોની ઝલક) બુકનું વિમોચન કર્યું હતું જેમાં તમામ જિલ્લાઓમાં લેવામાં આવેલા અનોખા પગલાંઓને તસવીરોના માધ્યમથી રજૂ કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે વડાપ્રધાને જાન્યુઆરી ૨૦૧૫માં બીબીબીપી ઝૂંબેશનો પ્રારંભ થયા પછી રાજસ્થાનમાં જન્મેલી છોકરીઓ પૈકી ૨૦૦ છોકરીઓ અને તેમની માતાઓ સાથે હળવી વાતો કરી હતી. હેલ્થ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (એચએમઆઈસ)માં ઉપલબ્ધ ડેટા અનુસાર, છોકરાઓની તુલનાએ છોકરીઓની સંખ્યાના જન્મ દર (લિંગ જન્મ દર)માં અગાઉની તુલનાએ સુધારો જોવા મળ્યો છે. રાજ્યો/ જિલ્લાઓની સક્રિય ભાગીદારી સાથે હાથ ધરવામાં આવેલા પ્રયાસોના કારણે આ ઝૂંબેશનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં ખૂબ પ્રોત્સાહક પરિણામો મળ્યા છે; આ ઝૂંબેશના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૪-૧૫માં સેક્સ રેશિયો એટ બર્થ (એસઆરબી) એટલે કે જન્મ લિંગ સપ્રમાણતા દર ૯૧૮ હતો તે વર્ષ ૨૦૧૬-૧૭માં વધીને ૯૨૬ થયો છે તેમ એચએમઆઈએસના ડેટામાં ટાંકવામાં આવ્યું છે. આ સફળતાથી ઉત્સાહિત થઈને, આ ઝૂંબેશનું સમગ્ર દેશમાં વિસ્તરણ કરીને તમામ જિલ્લાઓને આવરી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ સુધી બીબીબપી ઝૂંબેશ માટે કુલ રૂપિયા ૧૧૩૨.૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.



Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

એપ્રિલ-૨૦૧૮

# યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૬ અંક : ૧ સળંગ અંક : ૮૦૮ કિંમત: ₹ ૨૨

**મુખ્ય તંત્રી**
દીપિકા કચ્છલ

**વરિષ્ઠ તંત્રી**
નવલસંગ પરમાર

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.

લવાજમ માટે
"yojanagujarati@gmail.com"
પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.
સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.

યોજના ગુજરાતીનું લવાજમ
ઑનલાઈન ભરી શકાશે :
(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana
(2) http://yojana.gov.in/
(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
લૉંગ લાઇફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર, પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૫૬

લવાજમ અંગેની માહિતી
શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

## વિષયસૂચિ

ઉત્તર પૂર્વ વિસ્તારોનો સહિયારો વિકાસ - પડકારો અને આગળનો રાહ
સી.કે.દાસ......૫

ઉત્તર-પૂર્વની આર્થિક સાપેક્ષ સ્થિતિ
મંજુલા વાધવા......૧૦

ઉત્તર-પૂર્વનો કૃષિ વિકાસઃ વાંસ મિશન, આર્થિક સમૃધ્ધિનું સાધન
નિરેન્દ્ર દેવ......૧૭

ઉત્તર પૂર્વમાં શાસન સામેના પડકારો
નરેશ ચંદ્ર સક્સેના......૨૦

ઉત્તર પૂર્વમાં કૌશલ્ય વિકાસ
ઈબુ સંજીબ ગર્ગ......૨૫

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુધ્ધિમત્તા)થી ભારતના વિકાસને વેગ
ડૉ. અવિક સરકાર......૨૯

વર્ષ ૨૦૧૮ માટે શિક્ષણ ક્ષેત્રે બજેટમાં થયેલી ફાળવણીઃ
શું આપણે આશાનું કીરણ જોઇ રહ્યા છીએ ?
શૈલેન્દ્ર શર્મા અને ડૉ. શશીરંજન ઝા......૩૪

ઉત્તરપૂર્વના રાજ્યો : સામાજિક-સાંસ્કૃતિક અળગાપણા વિશેની ભ્રાંતિ
સરોજ કુમાર રથ અને પ્રોફેસર અરૂણ કુમાર આચાર્ય......૩૭

ભારતના ઉત્તર પૂર્વી પ્રદેશમાં જાતિગત મુખ્યપ્રવાહઃ નાર્કોમ્પનો કેસ સ્ટડી
ડૉ. શૈલેન્દ્ર ચૌધરી, મિહીન ડોલો અને ડિમ્પલ એસ. દાસ......૪૪

નવું ભારત અને નવી રેલવેઃ બજેટ અને દૂરંદેશી
ડૉ. શશીકલા પુષ્પા અને ડૉ. બી. રામસ્વામી......૪૮


## ટાઇટલ

૧. આવરણ ડિઝાઇન
૨. વિકાસનો રોડમેપ
૩. ઇન્ડિયા ૨૦૧૮ ઇબુકનું વિમોચન
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

# તંત્રીલેખ

## યોજના

## ઉત્તર-પૂર્વને પુનર્જીવિત કરવાની કામગીરી



આપણે જ્યારે ઉત્તર-પૂર્વના પ્રદેશો તરફ નજર માંડીએ છીએ ત્યારે આપણને કાઝીરંગાના ગેંડા, મેઘાલયના રેઈન ક્લાઉડઝ, વાંસની હસ્તકલા અને સુંદર હેન્ડલૂમનું ડ્રેસ મટિરિયલ્સ, રંગબેરંગી ફૂલ અને ચાના બગીચાઓ યાદ આવે છે. આપણે ઉત્તર-પૂર્વના આપણાં શાળાના અને કોલેજના જૂના મિત્રોને યાદ કરીએ છે. જે આપણાં સાથી વિદ્યાર્થી તરીકે રહી ચૂક્યા છે.

પરંતુ ઉત્તર-પૂર્વ એ માત્ર આનંદપ્રદ પ્રવાસનું સ્થળ, અદ્દભૂત હેન્ડલૂમ અને હસ્તકલા તથા મૈત્રીપૂર્ણ લોકો જ નથી. આ એક એવો વિસ્તાર છે, જે સમગ્રપણે પોતાની આગવી છાપ ધરાવે છે. તેના વિશિષ્ટ સ્થાનને કારણે તે ભૌગોલિક મુખ્ય પ્રવાહથી અળગો પડી ગયો છે. ઉત્તર-પૂર્વની સેવન સિસ્ટર્સ વત્તા સિક્કીમ દ્વારા એક અનોખી સંસ્કૃતિ અને ઓળખ ઉભી થઈ છે, જે બાકીના ભારત કરતાં તદ્દન અલગ છે. આ આઠ રાજ્યોમાં આસામ, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર અને સિક્કીમને આયોજનના મંચ પર એક સંપૂર્ણ અસ્તિત્વ ધરાવતા એકમ તરીકે જોવામાં આવે છે. અંદાજપત્રની ફાળવણીઓ, માળખાગત સુવિધાઓ તેમજ વિકાસ યોજનાઓ માટે ફાળવાતા નાણાં આ સમગ્ર પ્રદેશ માટે એકત્રિત રીતે ફાળવાય છે. આ કારણે આ વિસ્તારની છાપ બાકીના દેશની તુલનામાં એક નોંખા છતાં, અનોખા પ્રદેશ તરીકે થાય છે.

મુખ્યત્વે ભૌગોલિક રીતે અળગા પડી જવાને કારણે તેમજ દેખીતા તફાવતને લીધે આ વિસ્તાર પછાતપણાંનો સામનો કરી રહ્યું છે અને ઘણાં ક્ષેત્રોમાં વિકાસમાં અનિયમિતતા જોવા મળી છે. કૃષિની ઓછી ઉત્પાદકતા, બેંકો તરફથી ઓછો ધિરાણ પ્રવાહ, મોટા કદના ઉદ્યોગોની ગેરહાજરી તથા માળખાગત સુવિધાઓનો અભાવ વગેરેને કારણે આ વિસ્તારના સમાવેશી વિકાસ માટે અવરોધ ઉભો થયો છે. સમય જતાં સરકારોએ ઉત્તર-પૂર્વના સમાંતર અને સમતોલ વિકાસ માટે પગલાં લીધાં છે. વર્તમાન સરકારની 'એક્ટ ઈસ્ટ' નીતિ વાસ્તવિક બનતાં નવેસરથી ઝોક મળવાને કારણે આ વિસ્તારની આશાઓમાં વધારો થયો છે. મેઘાલયમાં મેંદીપથરથી આસામમાં ગૌહત્તિ સુધીની સૌ પ્રથમ ઐતિહાસિક ટ્રેનનો પ્રારંભ અને ઓએનજીસી ત્રિપુરા કંપની લિમિટેડના પાવર પ્લાન્ટના બીજા એકમને રાષ્ટ્રને સમર્પિત કરવાની ઘટના તથા આસામમાં ધોલા- સદીયા વચ્ચે ૯.૧૫ કી.મી.ના સૌથી લાંબા પૂલ તેમજ આઈઆઈટી, ગૌહત્તિ માટે શિલારોપણ વિધિ જેવા પગલાંઓથી ઉત્તર-પૂર્વમાં વિકાસની ગતિને વ્યાપક વેગ મળ્યો છે. ઉત્તર-પૂર્વ માટેના બજેટમાં વધારો કરીને તેને હાલમાં અંદાજે ૪૮,૦૦૦ કરોડ જેટલું કરવામાં આવ્યું છે.

ઉત્તર-પૂર્વ મુખ્યત્વે આજીવિકા માટે ખેતી ઉપર આધાર રાખતો પ્રદેશ છે. આમ છતાં, ખેતીની નીચી ઉત્પાદકતા અને ઝૂમ જેવી વાવણીની ખેત પ્રક્રિયાઓને કારણે આ વિસ્તારમાં આજીવિકાની સમસ્યાઓ ઉભી થઈ છે. આ સ્થિતિને દૂર કરવા માટે સરકાર દ્વારા નવા ઘડાયેલ નેશનલ બામ્બુ મિશનની રૂ.૧૨૯૦ કરોડની ફાળવણી સાથે શરૂઆત કરવામાં આવી છે, જેને કારણે વાંસના સમગ્રલક્ષી વિકાસને પ્રોત્સાહન મળશે તેવી અપેક્ષા છે. આ વિસ્તારના વિકાસમાં કનેક્ટીવિટી એ એક મોટો અવરોધ છે. રેલવે અને રોડની નબળી કનેક્ટીવિટી તથા લગભગ નહીંવત્ત એર કનેક્ટીવિટીને કારણે અહીંના અર્થતંત્રની ગતિ ધીમી પડી છે, કારણ કે માલ-સામાન અને સર્વિસીસ આ વિસ્તારમાંથી દેશના અન્ય વિસ્તારમાં પહોંચી શકતા નથી અથવા તો અન્ય વિસ્તારમાંથી આ વિસ્તારમાં આવી શકતા નથી. સરકારે હવે આ વિસ્તારની માળખાગત સુવિધાઓના વિસ્તાર માટે છેલ્લા ચાર વર્ષમાં રૂ.૫,૮૮૬ કરોડ જેટલી અંદાજપત્રિય ફાળવણી કરી છે અને નવા માર્ગો, પૂલ વગેરે માટે વર્ષ ૨૦૧૪-૨૦૧૯ માટે રૂ.૨ લાખ કરોડની અધધ જોગવાઈ કરી છે. આ વિસ્તારના ૫૦ એરપોર્ટસને રૂ.૧૦૧૪ કરોડના ખર્ચે પુનર્જીવિત કરાશે. આને કારણે માત્ર દેશના અન્ય ભાગો સાથે જ નહી, પણ પડોશના મ્યાનમાર, ભૂતાન અને બાંગ્લાદેશ સાથે ઉત્તર-પૂર્વની કનેક્ટીવિટી વધશે. હાલમાં જે પાવર પ્રોજેક્ટસની કામગીરી ચાલુ છે તેને માટે રૂ.૧૨૯૨ કરોડ અલાયદા રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત આ વિસ્તારમાં સૌર ઉર્જા વિકસાવવા માટે રૂ.૨૩૪ કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે.

શિક્ષણ અને કૌશલ્ય વિકાસ માટે સારી સુવિધાઓના અભાવને કારણે આ વિસ્તારના યુવાનો પ્રદેશ છોડીને અન્ય વિસ્તારોની સંસ્થાઓમાં જોડાય છે. સમાન પ્રકારે નોકરી માટેની તકોના અભાવને કારણે યુવાનો અન્ય પ્રદેશોમાં સ્થળાંતર કરે છે. રોજગાર નિર્માણ મિશન અને આસામ માટે આસામ સ્ટેટ લાઈવલીહુડ મિશન, મેઘાલય સ્ટેટ સ્કીલ ડેવલપમેન્ટ સોસાયટી વગેરે યોજનાઓને કારણે યુવાનો માટે ઉત્તર-પૂર્વમાં યોગ્ય નોકરીઓ પ્રાપ્ત કરવાના નવા દ્વાર ખૂલ્યા હોવાથી તેમણે સ્થળાંતર કરવું નહી પડે.

આ વિસ્તારની મહિલાઓ પરંપરાગત રીતે દબાયેલી હતી અને પરિવારમાં નાણાંકીય બાબતે તેમનો કોઈ દરજ્જો કે અવાજ નહોતો. સ્વ-સહાય જૂથો જેવી પહેલને કારણે આ વિસ્તારની મહિલાઓનું સશક્તિકરણ કરી શકાયું છે. ઉંચાઈ પર આવેલા વિસ્તારો માટે નોર્થ ઈસ્ટર્ન રિજિયન કોમ્યુનિટી રીસોર્સ મેનેજમેન્ટ પ્રોજેક્ટ (NERCOMP) અને નેચરલ રિસોર્સ મેનેજમેન્ટ ગ્રુપ્સ (NARMGs) વગેરે જાતિય સશક્તિકરણના વાહક તરીકે કામ કરી રહ્યા છે.

આ રીતે નવેસરથી હાથ ધરાયેલા પ્રયાસોને કારણે સમાજના તમામ વર્ગોનો વિકાસ થશે અને ઉત્તર-પૂર્વનો વિસ્તાર રાષ્ટ્રીય વિકાસની પ્રક્રિયામાં જોડાશે અને ઉત્તર-પૂર્વના લોકોને હવે ક્યારેય વિકાસની દ્રષ્ટિએ તથા સાંસ્કૃતિક દ્રષ્ટિએ દેશના અન્ય ભાગોથી અલગ ગણવામાં નહીં આવે.

# ઉત્તર પૂર્વ વિસ્તારોનો સહિયારો વિકાસ - પડકારો અને આગળનો રાહ

સી.કે.દાસ



કુદરતી અને માનવ નિર્મિત (માઈગ્રેશન) પડકારો હોવા છતાં પણ ઉત્તરપૂર્વ ક્ષેત્રના આર્થિક પડકારો દેશના ભાગલા સમયે દેશના બાકીના ભાગમાં રહેલા પડકારો સમાન જ હતા. પરંતુ ૧૯૪૭ બાદથી થયેલી મોટી ઐતિહાસિક ઘટનાઓએ ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં ધરખમ પરિવર્તન આણ્યા છે અને ઘણા ક્ષેત્રે તેના વિકાસને પ્રભાવિત અથવા મંદ કર્યો છે.

ભારતનો ઉત્તર-પૂર્વીય વિસ્તાર, જે સામાન્ય રીતે નોર્થ-ઈસ્ટ તરીકે ઓળખાય છે, તે આઠ રાજ્યો, જેમના નામ અરૂણાચલ પ્રદેશ, આસામ, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા છે, તેમનાથી બનેલો છે અને આ વિસ્તારનો ભૌગોલિક વિસ્તાર ૨૬૨૧૭૯ ચોરસ કિલોમીટર છે. આ વિસ્તાર ભારતના કેટલાક મોટા રાજ્યો, જેવાકે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ભૌગોલિક વિસ્તાર કરતા નાનો છે. ઉત્તરપૂર્વ ક્ષેત્ર દેશના બાકીના હિસ્સા સાથે સિલિગુડી ક્ષેત્રમાં ખૂબજ સાંકડા કોરિડોર (ગલિયારા) મારફત જોડાયેલું છે, જેને સામાન્ય રીતે ચિકન્સ નેક (મરઘાની ગરદન) કહેવામાં આવે છે. ભારતનો ઉત્તર-પૂર્વ વિસ્તાર પાંચ વિદેશી રાષ્ટ્રોથી ઘેરાયેલો છે. તે દેશોમાં બાંગ્લાદેશ, ભૂટાન, ચીન, નેપાળ અને મ્યાનમાર સામેલ છે. ઉત્તર-પૂર્વના વિસ્તારની માત્ર ત્રીસથી પાંત્રીસ ટકા જમીન જ સમતળ છે અને તે મુખ્યત્વે ત્રણ નદીઓના ખીણ વિસ્તારમાં આવેલી છે, જે બ્રહ્મપુત્રા, બરાક અને ઈમ્ફાલ ખીણ તરીકે ઓળખાય છે. બાકીનો વિસ્તાર પહાડી કે પર્વતિયાળ છે. ઉત્તરપૂર્વ વિસ્તારનો લગભગ ત્રણ ચતુર્થાંશ વિસ્તાર હજુ પણ જમીન સર્વેક્ષણના દાયરામાં લાવવાનો બાકી છે. અહીના વ્યાપક પ્રમાણમાં સર્વે નહીં થયેલા વિસ્તારમાં કોઇ યોગ્ય અને પ્રમાણિત જમીન રેકોર્ડ્સ ઉપલબ્ધ નથી જે જમીન પર લોકોની વ્યક્તિગત માલિકીનો હક દર્શાવતા હોય.

ઉત્તરપૂર્વ ક્ષેત્રના વિસ્તારની તુલનામાં આ ક્ષેત્રની વસતી દેખિતી રીતે જ ગત સદીના પ્રારંભથી એકદમ અસામાન્ય રીતે વધવા પામી છે. વર્ષ ૧૯૦૧માં જ્યારે ભારતની વસતી ૨૯ કરોડ કરતા વધારે હતી ત્યારે ઉત્તરપૂર્વ ક્ષેત્રની વસતી લગભગ ૪૪ લાખ હતી. વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી અનુસાર ઉત્તરપૂર્વની વસતી વધીને ૪૫૦ લાખ (૪.૫ કરોડ) થઇ ગઇ છે, જ્યારે તેની સામે ૧૯૦૧ની વસતીની તુલનામાં ભારતનીની વસતી વધીને ૧૫૬૦૦ લાખ અથવા ૧૫૬ કરોડ થઇ ગઇ છે. (ભારત ૧૨૧ કરોડ, વત્તા પાકિસ્તાન ૧૮ કરોડ અને બાંગ્લાદેશ ૧૭ કરોડ) આ બાબત દર્શાવે છે કે વર્ષ ૧૯૦૧થી ૨૦૧૧ની વચ્ચે,ભારતની ૧૯૦૧ની વસતી ૫.૪ ટકા ગણી વધી છે, જ્યારે ઉત્તરપૂર્વના વિસ્તારની વસતી દસગણા કરતા વધારે વધી છે. આસપાસના વિસ્તારોમાંથી સતત લોકોના માઇગ્રેશને ઉત્તરપૂર્વના વિસ્તારોની વસતી એટલી હદ

સુધી વધારી દીધી છે કે ક્ષેત્રમાં સરેરાશ જમીન માલિકી માત્ર એક હેક્ટર રહેવા પામી છે.

જો ઉત્તરપૂર્વ વિસ્તારના વરસાદના ઊંચા પ્રમાણ અને અહીં વિશ્વની સૌથી મોટી નદીઓ પૈકીની એક એવી બ્રહ્મપુત્રા નદીની હાજરી અને તેની સીત્તેર કરતા પણ વધારે સહાયક નદીઓ વિશે કંઇ ના કહીએ તો આ ક્ષેત્રનું ચિત્ર સંપૂર્ણ ના થઇ શકે. ઉત્તરપૂર્વ વિસ્તારમાં સરેરાશ વાર્ષિક વરસાદ બે હજાર પાંચસો મિલિમીટર કરતા પણ વધારે છે. બ્રહ્મપુત્ર નદીના કદની તુલનામાં જોઇએ તો બ્રહ્મપુત્રા ખીણ ખૂબજ સાંકડી છે. વરસાદનું ખૂબજ ઊંચુ પ્રમાણ અને નદીના તટ પ્રદેશોનું મોટું કદ (બ્રહ્મપુત્રા અને બરાક નદીનો તટ પ્રદેશ) અને સાંકડી ખીણો નિયમિત ધોરણે અહીં તીવ્રતમ પૂર, ધોવાણ, ભૂસ્ખલન અને ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં રેતીના ભરાવાને અંજામ આપે છે પરિણામે કૃષિની મૂલ્યવાન જમીનને જંગી નુકશાન થવાની સાથે જ ક્ષેત્રમાં જમીનને પણ નુકશાન થાય છે.

કહેવાય છે કે વર્ષ ૧૯૫૦માં આસામમાં આવેલા ભયાવહ ભૂકંપ (રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૮.૫ માપવામાં આવી હતી) બાદથી રાજયમાં પૂર અને જમીનના ધોવાણમાં વધારો થયો છે અને આજની તારીખ સુધીમાં રાજયની પાંચ થી છ હજાર ચોરસ કિલોમીટર જમીન નદીઓના ધોવાણને કારણ ગુમાવવી પડી છે. તેના કારણે રાજ્યના લાખો લોકો જમીન વિહોણા અને ઘરવિહોણા થયા છે. જમીનનું ધોવાણ અને ભૂસ્ખલનના પુર્નવસને ઉત્તરપૂર્વના જમીનવિહોણા લોકોને ખૂબજ અસર કરી છે અને જમીનના ધોવાણને વળતરની ચૂકવણી માટે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંન્ડના દિશાનિર્દેશની વ્યાખ્યામાં આવરી લેવાની આ ક્ષેત્રમાં તાતી જરૂરિયાત છે.

આ કુદરતી અને માનવ નિર્મિત (માઇગ્રેશન) પડકારો હોવા છતાં પણ ઉત્તરપૂર્વ ક્ષેત્રના આર્થિક પડકારો દેશના ભાગલા સમયે દેશના બાકીના ભાગમાં રહેલા પડકારો સમાન જ હતા. પરંતુ ૧૯૪૭ બાદથી થયેલી મોટી ઐતિહાસિક ઘટનાઓએ ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં ધરખમ પરિવર્તન આણ્યા છે અને ઘણા ક્ષેત્રે તેના વિકાસને પ્રભાવિત અથવા મંદ કર્યો છે. ઉક્ત ઐતિહાસિક ઘટનાઓ નીચે પ્રમાણે છેઃ-



**અ) <u>દેશના ભાગલાઃ</u>** જ્યારે દેશના ઉત્તરપૂર્વ ક્ષેત્રને દેશના અન્ય ભાગો સાથે જોડતા મોટા રોડ, રેલવે અને નદીના રૂટો એકાએક બંધ થઇ ગયા હતા.

**બ) <u>૧૯૬૨ની ચીનની આક્રમકતા અને યુદ્ધઃ</u>** જ્યારે ચીની સેનાએ અરૂણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી હતી (તે સમયે આ વિસ્તાર એનઇએફએ તરીકે ઓળખાતો હતો) અને પોતાની શરતે પરત ફરી હતી. આ બાબતે દેખિતી રીતે જ કેટલાક ખાનગી રોકાણકારોના મનમાં સાચી કે ખોટી પણ આ લાગણી પેદા કરી હતી કે ઉત્તર પૂર્વ વિસ્તારમાં મોટા પાયે મૂડીરોકાણ કરવા માટે હજુ રાહ જોવાની જરૂર છે.

**ક) <u>૧૯૭૧નો બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામઃ</u>** જ્યારે બાંગ્લાદેશમાંથી કરોડો લોકોએ શરણાર્થી તરીકે ભારતના ઉત્તરપૂર્વના રાજ્યોમાં પ્રવેશ કર્યો હતો. અલબત મોટાભાગના શરણાર્થીઓ યુદ્ધ બાદ બાંગ્લાદેશ પરત ફર્યા હતા પરંતુ તે બાદ આ બાબત ધ્યાનમાં આવી હતી કે બાંગ્લાદેશ સરહદને અડીને આવેલા ઉત્તરપૂર્વના વિસ્તારોમાં મોટાપાયે વસતી વિષયત પરિવર્તન થયું છે. ગત સદીના સિત્તેરના દાયદાના અંતથી આસામ, મેઘાલય ત્રિપુરા અને મણીપુર જેવા રાજ્યોમાં ઉગ્રવાદની સમસ્યાનો પ્રારંભ થયો હતો. વર્તમાન

નાગાલેન્ડ અને મિઝોરમ રાજ્યોમાં ઉગ્રવાદે ગત સદીના પચાસ અને ૬૦ના દાયકામાં પોતાનું માથું ઉંચક્યુ હતું. હાલ, નિશ્ચિત રીતે કેન્દ્ર અને ઉત્તર પૂર્વ ક્ષેત્રના વિભિન્ન રાજ્યોની સરકારોએ લીધેલા પગલાઓને કારણે આ ક્ષેત્રમાં ઉગ્રવાદ હવે મોટી ચિંતાનો વિષય રહ્યો નથી.

પાછલા લગભગ ચાર દાયકા દરમિયાન સત્તાધિશો સમક્ષ આત્મસમર્પણ કરનારા હજારો વસાહતીઓનું યોગ્ય પુર્નવસન ઉત્તરપૂર્વ ક્ષેત્ર માટે ખૂબજ મહત્વપૂર્ણ છે.

ઉત્તરપૂર્વના વિસ્તારોની મૂળનિવાસી વસતી કદાચ ત્રણ કરોડ કરતા પણ ઓછી છે, પરંતુ આવા સો કરતા પણ વધુ જૂથો છે, જે પૈકી ઘણા જૂથોની વસતી પ્રતિ જૂથ ૨૫ હજાર કરતા પણ ઓછી છે. આવા ઘણા નાના વંશીય જૂથો હજુ પણ હાંસિયા ધકેલાયેલા હોવાનું અનુભવી રહ્યા છે.

ઉપર જણાવેલા કુદરતી અને ઐતિહાસિક પડકારો ઉપરાંત કેટલાક અન્ય મોટા પડકારોનો પણ ઉત્તરપૂર્વ ક્ષેત્ર સામનો કરી રહ્યું છે, જે પડકારો નીચે પ્રમાણે છેઃ-

એ) નીચી કૃષિ ઉત્પાદકતા (પ્રતિ હેક્ટર લગભગ ૨૦૦૦ કિલોગ્રામ ચોખા), ચોખા (ડાંગર) આ વિસ્તારનો મુખ્ય પાક છે.

બી) પાકની નીચી તીવ્રતા (લગભગ ૧.૫ ટકા)

સી) સિંચાઇ માટે ખૂબજ ઓછી જમીન આવરી લેવાઇ છે.



ડી) રાસાયણિક ખાતરનો નીચો ઉપયોગ

ઇ) બેન્કો દ્વારા અપાતુ નીચું ધીરાણ. ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં ક્રેડિટ અને ડિપોઝિટ વચ્ચેનો ગુણોત્તર પચાસ ટકા કરતાં પણ ઓછો છે.

એફ) સમગ્ર ક્ષેત્રમાં, આખુ વર્ષ ખેડૂતોને પ્રમાણિત બિયારણ અને સારી ગુણવત્તાની રોપણ સામગ્રી અપૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે છે.

જી) ગોડાઉન, વેરહાઉસ અને કોલ્ડ સ્ટોરેજ વગેરેની અપૂરતી સુવિધા

એચ) ક્ષેત્રમાં આધુનિક અને સારા ઉપકરણો ની અથવા મંડીની ગેરહાજરી, થોડાઘણા ક્ષેત્રોમાં આ સુવિધા છે.

આઇ) રાષ્ટ્રીય સરેરાશની તુલનામાં માથા દીઠ ખૂબજ ઓછો વીજ વપરાશ.

જે) સિંચાઈ માટે વીજળીનો ખૂબજ ઓછો વપરાશ.

કે) ઔદ્યોગિક સ્તરે ઉપયોગી ધાતુઓ જેવીક લોખંડ, એલ્યુમિનિયમ, તાંબુ, જસત, ટીન, સીસું અને નિકલ વગેરેની કાચી ધાતુ અને માઇકા અને સલ્ફર જેવા પદાર્થોની અનુપ્લબ્ધતા.

આઇ) સારી ગુણવત્તાના કુદરતી કોલસાના મોટા ભંડારોની અનુપ્લબ્ધતા. ઉત્તરપૂર્વના રાજ્યો અને ક્ષેત્રમાં ઉપલબ્ધ કોલસામાં મોટાભાગે સલ્ફરનું પ્રમાણ ખૂબજ ઊંચુ હોય છે, જે તેને ઉદ્યોગ જગતમાં ઉપયોગ માટે અયોગ્ય બનાવે છે.

એમ) પોલિટેકનિક અને એન્જીનિયરિંગ, મેડિકલ અને નર્સિંગ અભ્યાસ માટે અપુરતી સંખ્યામાં રહેલી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ.

એન) સમગ્ર ઉત્તરપૂર્વ વિસ્તારમાં શિક્ષકોની તાલીમ એ એક અન્ય મુદ્દો છે, જેની તરફ ક્ષેત્રમાં શિક્ષણના સર્વાંગી સ્તરને સુધારવા માટે તાકીદે ધ્યાન આપવાની જરૂરિયાત છે.

સ્કૂલોમાં ગણિત અને વિજ્ઞાન શિખવવાની રીતમાં સુધારા માટે વિશેષ પગલા ભરાવાની પણ જરૂર છે.

ઓ) ચાર ઓઇલ રિફાઇનરી અને બે પેટ્રોકેમિકલ્સ કોમ્પલેક્સ સિવાય અન્ય મોટા ઉદ્યોગોની ગેરહાજરી વગેરે.

બેશક આસામ અને ઉત્તરપૂર્વના રાજયોમાં ગત સદીના પ્રારંભથી રેલવે લાઇનો, ચાના બગીચા અને ઓઇલ અને રાઇસ મિલ્સની સ્થાપના થઇ છે. છેલ્લા કેટલાક દાયકામાં સમગ્ર ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં રોડ, રેલવે અને હવાઇ કનેક્ટિવિટીના સંદર્ભમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે. સાથે જ ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રે પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. છેલ્લા બે દાયકામાં ક્ષેત્રમાં ઘણી નવી યુનિવર્સિટીઓ, મેડિકલ કોલેજો અને ઇજનેરી કોલેજોની સ્થાપના થઇ છે. ઉત્તરપૂર્વમાં હવે એક આઇઆઇટી અને એક આઈઆઈએમની પણ સ્થાપના થઇ છે.

ક્ષેત્રની સરેરાશ માથા દીઠ આવક રાષ્ટ્રીય સરેરાશના સિત્તેર ટકા છે. ક્ષેત્રનો સાક્ષરતા દર (૭૪.૪૮ ટકા) એ રાષ્ટ્રીય સાક્ષરતા દર (૭૪.૦૪) ની લગભગ સમાન છે.

ઉત્તરપૂર્વ ક્ષેત્ર સ્વતંત્રતા બાદથી દેશના અન્ય રાજયોની તુલનામાં પછાત રહેવા પામ્યો છે જેના માટે ઉપરના કારણો જવાબદાર છે. મોટા પાયે નિર્માણ અથવા ઉત્પાદન ઔદ્યોગિક આધારની ગેરહાજરીમાં ક્ષેત્રનું ભવિષ્ય મુખ્યત્વે નીચેના સેક્ટર્સ પર આધારિત છેઃ

એ) હોર્ટિકલ્ચર અને ફલોરિકલ્ચર સહિત કૃષિ

બી) ડેરી ફાર્મિંગ

સી) બકરી ઉછેર

ડી) ડુક્કર ઉછેર

ઇ) મરઘા પાલન

એફ) બતક પાલન

જી) મત્સ્ય પાલન

એચ) ખાદ્ય અને માંસ પ્રસંસ્કરણ

આઈ) પર્યટન

જે) સેરિકલ્ચર (રેશમ ઉત્પાદન) અને વણાટ અને હેન્ડલૂમ તેમજ સૂતરના વધુ ઉત્પાદનને કારણે ટેક્સ્ટાઇલ્સ અને ગારમેન્ટ્સની સુધરેલી ડિઝાઇન્સ

કે) ઓર્ગેનિક ચા, ઓર્ગેનિક ફૂડ, મશરૂમ અને મધનું ઉત્પાદન

એલ) દિબ્રુગઢ સ્થિત બ્રહ્મપુત્રા ક્રેકર એન્ડ પોલિમર્સ લિમિટેડમાં ઉત્પાદિત થતા ઉચ્ચ અને નીતી ઘનતાના પોલિથિલિનથી પ્લાસ્ટિકના સામાનનું ઉત્પાદન.

એમ) વાંસ, નેતર, શણ, ડાંગરના ફોતરા અને ઔષધિય છોડના જંગી જથ્થા આધારિત લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગ.

એન) સ્થાનિક સ્તરે ઉપલબ્ધ આદુ અને હળદરની ગુણવત્તામાં સુધારા અને તેના પેકેજિંગ માટે ઉદ્યોગનો વિકાસ

ઓ) સ્થાનિક નદીઓ અને ઝરણામાં ઉપલબ્ધ પાણીના જંગી જથ્થાનો જળ વિદ્યુત પેદા કરવા તેમજ સિંચાઇની સુવિધા તૈયાર કરવા માટે ઉપયોગ.

પી) ગારમેન્ટ્સ (કપડા), ફાર્માસ્યુટિકલ્સ, કાગળ અને ખાંડ વગેરેના ઉત્પાદન માટે ઉદ્યોગની સ્થાપના (ઊંચા વરસાદના પ્રમાણને કારણે અહીંની જમીનમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ઉત્તરપૂર્વ ક્ષેત્ર શેરડી, દાળ, તેલિબિયા અને ઓર્કિડ જેવા મોંઘાદાટ ફૂલોના વિપુલ ઉત્પાદન માટે એકદમ અનુકૂળ છે.

ક્યૂ) પૂરતા પ્રમાણમાં પોલિટેકનિક, નર્સિંગ, પેરામેડિક્સ, ફાર્મસી સંસ્થાનો, ટ્રાન્સફોમર્સ અને ટેલિવિઝન, એરકંડિશનર, કમ્પ્યુટર અને વોશિંગ મશીનો, વાહનો, રેફ્રિજરેટર વગેરે જેવી વસ્તુઓના સમારકામ માટે સંસ્થાનોની સ્થાપના.

ઉત્તરપૂર્વ ક્ષેત્ર સંસ્કૃતિની દ્રષ્ટિએ ખૂબજ સમૃદ્ધ છે અને અહીંના યુવાનો સંગીત, નૃત્ય અને ચિત્રકલામાં ખૂબજ પ્રતિભા ધરાવે છે. જો અહીં પૂરતા પ્રમાણમાં ગાયન, નૃત્યકલા અને સંગીતના વિભિન્ન વાદ્યોને વગાડતા શિખવાડવા માટે સ્કૂલોની સ્થાપના કરવામાં આવે તો અહીંના મોટી સંખ્યાના યુવાનોને આ ક્ષેત્રે રોજગાર મળે તેવી

પૂરતી સંભાવના છે.

જો ઉપરોક્ત સેક્ટરમાં મોટા પાયે મૂડીરોકાણની વ્યવસ્થા કરવામાં આવે અને અહીંના પાકના વાવેતરને વર્તમાન ૨ ટકાના દરેથી વધારીને ૨.૫ ટકા કરવામાં આવે તો સ્થાનિક લોકોને ક્ષેત્રમાં પૂરતા પ્રમાણમાં રોજગાર મળી રહેશે. બેન્કની શાખાઓની સંખ્યા અને ક્રેડિટ અને ડિપોઝિટ રેશિયોને પણ વધારવાની જરૂર છે. સાથે જ ક્ષેત્રમાં ટેલિ કનેક્ટિવિટીને પણ સુધારવાની જરૂર છે જેથી કરીને ઉત્તરપૂર્વ ક્ષેત્રની જનતાનું સંપૂર્ણપણે નાણાકીય ને ડિજિટલ સમાવેશીકરણ થઇ શકે.

હાલ કેન્દ્ર સરકારે ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે કેટલાક પ્રસંશનીય પગલા ભર્યા છે. કેન્દ્ર સરકારનો એક્ટ ઇસ્ટ પોલિસીને વાસ્તવિકતામાં પરિણમિત કરવાના નવા આગ્રહે ઉત્તરપૂર્વની જનતાના મનમાં નવી આશા પેદા કરી છે. દેશના આ ભાગને દક્ષિણપૂર્વ એશિયન દેશો બાંગ્લાદેશ, નેપાળ અને ભૂટાન જેવા દેશો માટે ખુલ્લો મૂકવા ઉત્તરપૂર્વને હલ બનાવવા માટે, આ ક્ષેત્રને આર્થિક રીતે વધુ સક્રિય અને વૈવિધ્યતાપૂર્ણ બનાવવાની જરૂર છે. ઉપરોક્ત દેશોને ઉત્તરપૂર્વ ક્ષેત્ર સાથે રોડ, રેલવે લાઇન અને નદીના માર્ગે તેમજ હવાઇ માર્ગે જોડવાથી આપોઆપ અહીં માનવ સંસાધન, મટિરિયલ ટેકનોલોજી અને વિચારોનો પ્રવાહ ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં વધશે અને અહીંથી બીજા ક્ષેત્રમાં તે વિચારો જઇ શકશે. ઉપર જણાવેલા દેશોની જનતા માટે ઉત્તરપૂર્વ ક્ષેત્રમાં ધાર્મિક, ઇકોલોજિકલ અને એડવેન્ચર અને મેડિકલ ટૂરિઝમની વ્યવસ્થા કરવામાં આવી શકે છે. તેનાથી ઉત્તરપૂર્વ ક્ષેત્રની જનતાના તેની આસપાસના લોકો અને ઉપર જણાવેલા દેશોની જનતા સાથેના સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંબંધોમાં પણ સુધારો થઇ શકે છે.

તમામ સંબંધિત લોકોને વિકાસના ફળની સમાનતાપૂર્ણ અને ન્યાયી રીતે વહેંચણી થઇ શકે તે સુનિશ્ચિત કરવા માટે ઉત્તરપૂર્વ ક્ષેત્રના તમામ વિભિન્ન નાના મૂળનિવાસી વંશીય જૂથો માટે વિશેષ અને તાત્કાલિક પગલા ભરવાની જરૂર છે. આ બાબત પહેલા જ મીડિયામાં આવી ગઇ છે કે ઉત્તરપૂર્વ ક્ષેત્રના અગિયાર વંશીય જૂથોની ભાષા હાલ વિલુપ્ત થવાની નજીક આવીને ઊભી છે અને આ હાલ આ ભાષાઓ બોલનારા લોકોની સંખ્યા માત્ર દસ હજાર કરતા પણ ઓછી રહી ગઇ છે. આ બાબત તરફ ખાસ ધ્યાન આપવું પડશે કે વિકાસની પ્રક્રિયા ક્ષેત્રના નાના અને હાંસિયામાં ધકેલાયેલા વંશીય જૂથોને અવગણીને આગળના વધી જાય.

ઉત્તરપૂર્વ ક્ષેત્રનું પ્રદૂષણ મુક્ત વાતાવરણ અને મોટી સંખ્યામાં રહેલા યુવાનો અંગ્રેજી ભાષામાં ખૂબજ ધારાપ્રવાહ છે, અને તેથી નીતિ નિર્ધારકો અહીં ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડસ્ટ્રીઝ અને બીપીઓની સ્થાપના કરી શકે છે.

અહીં પ્રવર્તમાન બેરોજગારીની તીવ્ર સમસ્યાને ઉકેલવા માટે રેલવે, રાષ્ટ્રીયકૃત બેન્કો, આસામ રાયફલ્સ સહિતના કેન્દ્રીય અર્ધલશ્કરી દળો, એરલાઇન્સ, ઓઇલ રિફાઇનરીઓ અને કેન્દ્ર સરકારના અન્ય જાહેર સાહસો અને એકમોમાં ઉત્તરપૂર્વ ક્ષેત્રના યુવાનોની ભરતી માટે વિશે અભિયાન હાથ ધરાવવું જોઇએ.

અંતે, ઉત્તર પૂર્વના રાજયોની જનતાને કૃષિ, ઉદ્યોગ અને બિઝનેસ જગત ક્ષેત્રે નાણાકીય પ્રોત્સાહન ઉપલબ્ધ કરાવવા માટે અહીં જમીન સુધારવા માટે તાત્કાલિક ધોરણે પગલા ભરવાની તાતી જરૂરિયાત રહેલી છે. જેમાં અત્યારસુધીમાં જે જમીનોનો સરવે થઇ શક્યો નથી તેવી જમીનોનો સરવે હાથ ધરવો ઉપરાંત જંગલની ન હોય તેવી જમીનનો સરવે કરવો સામેલ છે. તે સિવાય સંબંધિત અને લાગુ પડતાજમીન કાયદાઓની જોગવાઇઓ અનુસાર લાયક અને યોગ્ય વ્યક્તિઓને જમીનની માલિકીનો અધિકાર પ્રદાન કરવા માટે જમીનના રેકોર્ડ તૈયાર કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. (જગ્યાના અભાવે આ વિષયને મર્યાદિત શબ્દોના આ લેખમાં વધારે વિસ્તૃત રીતે વર્ણવવામાં આવી શકે તેમ નથી).

**લેખક ૧૯૭૫ની બેચના આઈએએસ ઓફિસર છે અને આસામ તથા મેઘાલયમાં આસામ સરકારના અધિક મુખ્ય સચિવ સહિતના વિવિધ મહત્વના પદ સંભાળી ચૂક્યા છે. હાલમાં તે શીલોંગ ખાતેની નોર્થ-ઈસ્ટર્ન કાઉન્સિલના સભ્ય છે.**

**E-mail:ck.das09@gmail.com**

# ઉત્તર-પૂર્વની આર્થિક સાપેક્ષ સ્થિતિ

**મંજુલા વાધવા**



વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા વિકાસની જે પહેલ ડિસેમ્બર, ૨૦૧૭માં હાથ ધરવામાં આવી હતી અને કેન્દ્ર સરકારે નોર્થ-ઈસ્ટ સ્પેશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કીમ હાથ ધરી છે, જે બે ક્ષેત્રોમાં માળખાગત સુવિધાઓના સર્જનમાં રહેલી ઊણપ દૂર કરશે. આમાંનું એક ક્ષેત્ર પાણી પૂરવઠા, વિજળી, કનેક્ટીવિટી અને ખાસ કરીને પ્રવાસનને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટસ માટેની ભૌતિક માળખાગત સુવિધાઓ ઉભી કરી છે.

ધ 'સેવન સિસ્ટર્સ ઓફ નોર્થ-ઈસ્ટ' સાત અલગ અલગ છતાં પડોશમાં આવેલા રાજ્યો તથા છૂટા પડેલા સિક્કીમને ઉત્તર-પૂર્વની ૭ બહેનો તરીકે ઓળખવામાં આવે છે. આ રાજ્યો મુખ્યત્વે સામાજીક, સાંસ્કૃતિક, રાજકિય, ભૌગોલિક અને ઐતિહાસિક પાસાંઓને કારણે આપણાં દેશમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અહી ચોક્કસપણે ઉલ્લેખ કરવો જોઈએ કે ત્રિપુરા અને મિઝોરમ, આ બંને રાજ્યોનો દેશના સૌથી વધુ સાક્ષર રાજ્યોમાં સમાવેશ થાય છે. આસામનો ચા ઉદ્યોગ ચીન પછીનો સૌથી વધુ ચાનું ઉત્પાદન કરતો પ્રદેશ છે. આસામમાં દીગ્બોઈ ખાતે એશિયાનો સૌ પ્રથમ તેલનો કૂવો આવેલો છે.

આપણે જો હાલમાં આ ચિત્રનું ઉજળુ પાસું તપાસીએ તો IndiaSpend research ના અહેવાલ મુજબ મેઘાલયનો ૯.૭ ટકાનો પ્રભાવક વૃધ્ધિ દર, ઝડપથી વિકસતા મોટા રાજ્યોની તુલનામાં પણ ઉંચો ગણાય છે. ગુજરાત કરતાં અરૂણાચલ પ્રદેશ વધુ ઝડપે વિકસી રહ્યું છે. ઉત્તર- પૂર્વ વિસ્તારમાં ૧૨.૮ મિલિયન જેટલા ઓછા લોકો ગરીબીની જીવનરેખા હેઠળ આવે છે, જેની તુલનામાં કર્ણાટક જેવું મોટું રાજ્ય ૧૨.૯ મિલિયન જેટલા ગરીબીની જીવનરેખા જીવતા લોકો ધરાવે છે. બીજી તરફ વિરોધાભાસી બાબત જોઈએ તો, ભારતનો સૌથી વધુ બેરોજગારીનો દર ત્રિપુરાના શહેરી વિસ્તારોમાં ૨૫.૨ ટકા જેટલો જોવા મળ્યો હતો. તે પછી નાગાલેન્ડમાં વર્ષ ૨૦૧૧-૧૨માં આ દર ૨૩.૮ ટકા જણાયો હતો. આ તમામ ૮ રાજ્યોનો ઔદ્યોગિક ક્ષેત્રનો હિસ્સો વધ્યો છે, જયારે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના હિસ્સામાં ઘટાડો થયેલો જોવા મળે છે. ઉત્તર- પૂર્વના તમામ રાજ્યોના શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ગ્રામ્ય વિસ્તારોની તુલનામાં વધારે છે અને તે રાષ્ટ્રીય તરાહ મુજબ જણાય છે. અહિંયા ગરીબી ખૂબ જ અસમતોલપણે ફેલાયેલી જણાય છે. મણિપુર સૌથી ગરીબ રાજ્ય છે અને સિક્કીમ સૌથી ધનવાન રાજ્ય છે.

હકીકતમાં, બ્રિટીશ શાસન દરમ્યાન ઉત્તર- પૂર્વના વિસ્તારોમાં આર્થિક વૃધ્ધિનો ખૂબ જ અસમાન દર જોવા મળ્યો હતો. બ્રિટીશ લોકો માટે ઉત્તર- પૂર્વ એ કોલસા, નેચરલ ઓઈલ, વન સંપત્તિ અને ચા જેવા કાચા માલના સ્ટોર હાઉસ સમાન હતું. આ બધા સ્રોતોનો મોટે પાયે ઉપયોગ કરવામાં આવતો હતો અને તેમને પ્રોસેસીગ માટે દેશના અન્ય ભાગોમાં મોકલી આપવામાં આવતો હતો. આમ છતાં આ પ્રદેશોને પરિવહન કે સંદેશા- વ્યવહારની સુવિધાઓ વિસ્તરવાનો કોઈ લાભ મળ્યો નથી. બ્રિટીશરોએ અહી પ્રોસેસીગ અને ઉત્પાદન એકમો સ્થાપ્યા હતા. એ લોકોએ આ વિસ્તારમાં પરિવહન કે સંદેશા- વ્યવહાર વ્યવસ્થા સ્થાપવા માટે સહેજ પણ ધ્યાન આપ્યું ન હતું. ભારતનું

વિભાજન થતાં લાંબા ગાળા સુધી બાંગ્લાદેશ (પૂર્વ પાકિસ્તાન) સાથેનો વેપાર અટવાઈ પડ્યો હતો અને તે કારણે આ વિસ્તારની આર્થિક વૃધ્ધિની ક્ષમતાને ભારે નુકશાન થયું હતું. આ કારણે આ વિસ્તાર અને બાકીના ભારત વચ્ચેની ખાઈ વિસ્તૃત બની ગઈ હતી. નજીકના સમયમાં ચિત્ર થોડુંક બહેતર બન્યું છે. ભારતની સરેરાશ સ્થિતિની તુલનામાં ઉત્તર- પૂર્વના રાજ્યોએ પુરૂષો અને સ્ત્રીઓ બંનેમાં માનવ વિકાસ નિર્દેશકો બાબતે પણ ઠીક ઠીક પ્રમાણમાં બહેતર કામગીરી કરી છે, પરંતુ આ રાજ્યો, અન્ય રાજ્યોની તુલનામાં આર્થિક વૃધ્ધિ જાળવવામાં નિષ્ફળ નિવડ્યા છે. આપણે આ વિગતોને ઊંડાણમાં તપાસીશું.

વિવિધ ક્ષેત્રોમાં GSDP, PCI અને વૃધ્ધિ દર નીચે કોઠા સ્વરૂપે દર્શાવ્યો છે.

**GSDP, PCI અને વૃધ્ધિ દર વર્ષ -૨૦૧૬-૧૭ (A)**

| | | | ૨૦૧૬-૧૭(A) | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | GSDP | | માથાદીઠ આવક | | GSDPની ટકાવારી પ્રમાણે વૃધ્ધિ દર (૨૦૧૧-૧૨) |
| ક્રમ | રાજ્ય | વસતિ-૨૦૧૧ | (રૂ.માં) | (કરોડમાં) | (NSDP)(રૂ.) | | |
| | | | હાલના ભાવની સ્થિતિએ | સતત (૨૦૧૧-૧૨) ના ભાવ | વર્તમાન કિંમત | સતત કિંમતે (૨૦૧૧-૧૨) | કિંમતો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આંધ્ર પ્રદેશ | ૮૪,૫૮૦,૭૭૭ | NA | NA | NA | NA | NA |
| ૨ | અરૂણાચલ પ્રદેશ | ૧૩૮૩૭૨૭ | NA | NA | NA | NA | NA |
| ૩ | આસામ | ૩૧૨૦૫૫૭૬ | NA | NA | NA | NA | NA |
| ૪ | બિહાર | ૧૦૪૦૯૯૪૫૨ | NA | NA | NA | NA | NA |
| ૫ | છત્તીસગઢ | ૨૫૫૪૫૧૯૮ | ૨૯૦૧૪૦ | ૨૨૩૯૩૨ | ૯૧૭૭૨ | ૭૧૨૧૪ | NA |
| ૬ | ગોવા | ૧૪૫૮૫૪૫ | NA | NA | NA | NA | NA |
| ૭ | ગુજરાત | ૬૦૪૩૯૬૯૨ | NA | NA | NA | NA | NA |
| ૮ | હરિયાણા | ૨૫૩૫૧૪૬૨ | NA | NA | NA | NA | NA |
| ૯ | હિમાચલ પ્રદેશ | ૬૮૬૪૬૦૨ | NA | NA | NA | NA | NA |
| ૧૦ | જમ્મુ અને કાશ્મીર | ૧૨૫૪૧૩૦૨ | NA | NA | NA | NA | NA |
| ૧૧ | ઝારખંડ | ૩૨૯૮૮૧૩૪ | NA | NA | NA | NA | NA |
| ૧૨ | કર્ણાટક | ૬૧૦૯૫૨૯૭ | NA | NA | NA | NA | NA |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | કેરાલા | ૩૩૪૦૬૦૬૧ | NA | NA | NA | NA | NA |
| ૧૪ | મધ્ય પ્રદેશ | ૭૨૬૨૬૮૦૯ | ૬૪૦૪૮૪ | ૪૬૫૨૧૨ | ૭૨૫૯૯ | ૫૧૮૫૨ | ૧૨.૨૧ |
| ૧૫ | મહારાષ્ટ્ર | ૧૧૨૩૭૪૩૩૩ | NA | NA | NA | NA | NA |
| ૧૬ | મણિપુર | ૨૫૭૦૩૯૦ | NA | NA | NA | NA | NA |
| ૧૭ | મેઘાલય | ૨૯૬૬૮૮૯ | ૨૯૫૬૭ | ૨૪૦૦૫ | ૭૯૩૩૨ | ૬૩૬૭૮ | ૬.૬૫ |
| ૧૮ | મિઝોરમ | ૧૦૯૭૨૦૬ | NA | NA | NA | NA | NA |
| ૧૯ | નાગાલેન્ડ | ૧૯૭૮૫૦૨ | NA | NA | NA | NA | NA |
| ૨૦ | ઓડીશા | ૪૧૯૭૪૨૧૮ | ૩૭૮૯૯૧ | ૩૧૪૩૬૪ | ૭૫૨૨૩ | ૬૧૬૭૮ | ૭.૯૪ |
| ૨૧ | પંજાબ | ૨૭૭૪૩૩૩૮ | ૪૨૭૮૭૦ | ૩૪૮૪૮૭ | ૧૨૮૮૨૧ | ૧૦૩૭૨૬ | ૫.૯૩ |
| ૨૨ | રાજસ્થાન | ૬૮૫૪૮૪૩૭ | NA | NA | NA | NA | NA |
| ૨૩ | સિક્કીમ | ૬૧૦૫૭૭ | NA | NA | NA | NA | NA |
| ૨૪ | તામિલ નાડુ | ૭૨૧૪૭૦૩૦ | NA | NA | NA | NA | NA |
| ૨૫ | તેલંગણા | - | NA | NA | NA | NA | NA |
| ૨૬ | ત્રિપુરા | ૩૬૭૩૯૧૭ | NA | NA | NA | NA | NA |
| ૨૭ | ઉત્તર પ્રદેશ | ૧૯૯૮૧૨૩૪૧ | NA | NA | NA | NA | NA |
| ૨૮ | ઉત્તરાખંડ | ૧૦૦૮૬૨૯૨ | NA | NA | NA | NA | NA |
| ૨૯ | પશ્ચિમ બંગાળ | ૯૧૨૭૬૧૧૫ | - | - | - | - | - |
| ૩૦ | આંદામાન અને નિકોબાર ટાપુઓ | ૩૮૦૫૮૧ | NA | NA | NA | NA | NA |
| ૩૧ | ચંદીગઢ | ૧૦૫૫૪૫૦ | NA | NA | NA | NA | NA |
| ૩૨ | દિલ્હી | ૧૬૭૮૭૯૪૧ | ૬૨૨૩૮૫ | ૪૯૮૨૧૭ | ૩૦૩૦૭૩ | ૨૪૦૩૧૮ | ૮.૨૬ |
| ૩૩ | પોંડીચેરી | ૧૨૪૭૯૫૩ | ૨૯૫૫૭ | ૨૩૬૫૬ | ૧૯૦૩૮૪ | ૧૫૦૩૬૯ | ૭.૪૯ |
| ૩૪ | ઓલ ઈન્ડિયા | ૧૨૧૦૫૬૯૫૭૩ | ૧૫૧૮૩૭૦૯ | ૧૨૧૮૯૮૫૪ | ૧૦૩૨૧૯ | ૮૨૨૬૯ | ૭.૧ |

સ્રોતઃ (૧) ઈકોનોમિકલ એન્ડ સ્ટેટેસ્ટીકલ ઓર્ગેનાઈઝેશન, પંજાબ

(૨) સેન્ટ્રલ સ્ટેટેસ્ટીકલ ઓર્ગેનાઈઝેશન, નવી દિલ્હી

ઉત્તર- પૂર્વ વિસ્તારની મંદ પ્રગતિ પાછળનાં કારણો માટે નીચેના પરિબળોને જવાબદાર ગણાવી શકાય.

**ભૌગોલિક પરિબળો:** ઉત્તર- પૂર્વ વિસ્તારનો ૭૦ ટકા જેટલો વિસ્તાર પહાડી વિસ્તાર છે અને ત્યાં ૩૦ ટકા જેટલી વસતિ રહે છે. જ્યારે મેદાની વિસ્તાર ૩૦ ટકા જેટલો છે અને ત્યાં ૭૦ ટકા જેટલી વસતિ રહે છે. આ વિસ્તારોમાં પહોંચવાની સ્થિતિ હંમેશાં ભૌગોલિક કારણોથી નબળી રહી છે અને ત્યાં ભારતના બાકીના વિસ્તારો સાથે પરિવહનની કડીઓ પણ અવિકસિત રહી છે. આ ઉપરાંત આ વિસ્તારોમાં બ્રહ્મપુત્રા તથા આસામના બરાક વેલી વિસ્તારમાં પૂર અને ભૂસ્ખલન જેવી ઘટનાઓ બનતી રહેતી હોવાના કારણે માત્ર આસામ જ નહીં, ઉત્તર- પૂર્વના અન્ય રાજ્યોમાં પણ અર્થતંત્ર ઉપર બોજો પડે છે.

**માળખાગત સુવિધાના પરિબળો:** ઉત્તર-પૂર્વના રાજ્યોમાં આર્થિક પછાતપણા માટેનાં મુખ્ય કારણોમાં માર્ગો, જળ માર્ગો, ઉર્જા અને સાથે સાથે શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્યની સુવિધાઓ જેવી સામાજીક માળખાગત સુવિધાઓ આ વિસ્તારના માનવ વિકાસ અને આર્થિક વૃધ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઉત્તર-પૂર્વ વિસ્તારમાં આશરે ૬ ટકા જેટલા રાષ્ટ્રીય માર્ગો આવેલા છે અને ૧૩ ટકા જેટલા રાષ્ટ્રીય ધોરીમાર્ગો આવેલા છે. આમ છતાં, નબળી માવજતના કારણે આ માર્ગોની ગુણવત્તા સારી નથી. અહીંયાં માળખાગત સુવિધાઓની ઊણપ માટેના મહત્વના નિર્દેશકોમાં વધુને વધુ ગીચ માર્ગો, વારંવાર વિજળી ખોરવાઈ જવી, પીવાના પાણીની તંગી વગેરેનો સમાવેશ થાય છે.

**ઔદ્યોગિક વૃધ્ધિ માટેના અવરોધો:** આઝાદી મળી તે સમયે આસામનું ઔદ્યોગિક ક્ષેત્ર પ્રમાણમાં નાનુ છતાં નોંધપાત્ર સ્થાન ધરાવતું હતું અને તેમાં મહદ અંશે બ્રિટીશ મૂડીવાદીઓનું પ્રભુત્વ વર્તાતુ રહેતુ હતું. આ ક્ષેત્રોમાં પ્લાન્ટેશન અને ચાનું ઉત્પાદન, કોલસા અને ઓઈલનું શારકામ, ઓઈલ રિફાનરી, પ્લાયવુડનું ઉત્પાદન અને જંગલ આધારિત અન્ય પ્રોડક્ટસનો સમાવેશ થતો હતો. આઝાદી મળ્યા પછી ભારતના વિભાજનને કારણે આસામના ઔદ્યોગિક ક્ષેત્રને ગંભીર ધક્કો પહોંચ્યો, કારણ કે દેશના બાકીના હિસ્સા સાથે તેના વ્યાપારી જોડાણો કપાઈ ગયા હતા. આને કારણે ભારતના અન્ય ભાગો સાથેના આર્થિક સંકલનને પણ વિપરીત અસર થઈ અને મૂડી રોકાણના સ્થાન તરીકે આ વિસ્તારના આકર્ષણમાં પણ ઘટાડો થયો હતો. આ વિસ્તારના ઔદ્યોગિક વિકાસની મુખ્ય તાકાત તેના જંગી કુદરતી સ્રોતોના પાયાના કારણે છે. દા.ત. વિસ્તારમાં મોટા પ્રમાણમાં હાઈડ્રો- ઈલેક્ટ્રિક ક્ષમતાનો લાભ લેવા માટે હાઈડ્રો- ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન તથા ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (ગેઈલ) અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) ની સ્થાપના તેલ સંશોધન અને ઓઈલ અને ગેસની અનામતો બહાર કાઢવા માટે કરવામાં આવી. વર્ષ ૧૯૯૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા વૃક્ષો કાપવા ઉપર પ્રતિબંધ મૂકાવાના કારણે જંગલ આધારિત ઔદ્યોગિક એકમોની પડતી થઈ. આ ઉપરાંત સ્થાનિક મૂડી, માર્કેટિંગ અને પરિવહનના અવરોધોને કારણે આ વિસ્તારના ઔદ્યોગિક વિકાસ માટે નડતર ઉભુ થયું હતું. ચા ઉદ્યોગ ભારતનો સૌથી જૂનો ઉદ્યોગ છે. તેનો પ્રારંભ ૨૦મી સદીના પ્રારંભ કાળમાં સારી રીતે થયો હતો. ચા એ આસામના મુખ્ય મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ તરીકેનું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે અને તેની જંગી ક્ષમતા દર્શાવી. ખાસ કરીને આસામમાં ચા ઉદ્યોગને જે મુખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે તેમાં, મૂળ આસામના લોકો અને કામદારો વચ્ચે આરોગ્ય અને કામદાર કલ્યાણના લાભ અંગે પ્રવર્તતો સંઘર્ષ જવાબદાર છે.

**ખેતી:** આદિવાસી વસતિ માટે ખેતી એ જીવન નિર્વાહ માટેનો મુખ્ય વ્યવસાય હોવા છતાં આ વિસ્તારમાં વિવિધ રાજ્યોમાં અને વિવિધ પાક બાબતે કૃષિ વિકાસ અસમતોલ જણાય છે. ચોખા (ખરીફ) આ વિસ્તારનો મુખ્ય પાક છે. આ વિસ્તારમાં લેવાતા અન્ય પાક (રવિ) માં ઘઉં, બટાકા, શેરડી, કઠોળ અને તેલિબિયાંનો સમાવેશ થાય છે. ઉત્તર- પૂર્વ વિસ્તાર દેશના અનાજના ઉત્પાદનમાં માત્ર દોઢ ટકાનો હિસ્સો ધરાવે છે. આમ છતાં ૭૦ ટકા જેટલી વસતિને આજીવિકા પૂરી પાડે છે. દેશના બાકીના વિસ્તારો કરતાં પૂર્વ અને ઉત્તર- પૂર્વના વિસ્તારોમાં કૃષિ વિકાસની ગતિ ધીમી છે. હરિયાળી ક્રાંતિ મહદ અંશે ઉત્તર- પશ્ચિમ વિસ્તારો પૂરતી જ સિમિત રહી છે અને ઉત્તર -પૂર્વના વિસ્તારોને તેનો લાભ મળ્યો નથી. મહદ અંશે ઉત્તર-પૂર્વના વિસ્તારોમાં ઉત્પાદનની સ્થિતિ પરંપરાગત રહી છે. કૃષિની ઉત્પાદકતા સૌથી ઓછી છે. કેટલાક વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ લગભગ નહીંવત્ત છે અને ખાતરનો વપરાશ તો અત્યંત નીચો છે. ઉત્તર- પૂર્વ વિસ્તારમાં અતિ સામાન્ય કૃષિ પ્રણાલિ તરીકે 'Jhum' કૃષિ તરફ જવાની સ્થિતિ છે. મોટાપાયે વૃક્ષો કપાવાના કારણે જમીનનું ધોવાણ અને ફળદ્રુપતામાં ઘટાડો થવાના કારણે અંદાજે ૧.૭ મિલિયન હેક્ટર જેટલી જમીન નકામી બની ગઈ છે.

**કુદરતી સ્રોતોનો પાયો:** જમીન, પાણી, હરિયાળો વિસ્તાર અને હાઈડ્રોકાર્બન્સ હોવા છતાં કુદરતી સ્રોતો તરીકે જળાશયો હોવા છતાં દેશનો ઉત્તર- પૂર્વ વિસ્તાર સાધનોના અવ્યવસ્થિત ઉપયોગના કારણે તથા અવ્યવસ્થાના કારણે અવિકસિત રહ્યો છે. આ કારણે વૃધ્ધિ અને વિકાસની સૌથી વધુ શક્યતા ધરાવતા ઉત્તર- પૂર્વના આ વિસ્તારની અસ્કયામતોનું ધોવાણ થયું છે. કુદરતી સ્રોતોનું જે અધઃપતન થયું છે તેના

મુખ્ય કારણોમાં કોલસાની ખાણો, ફર્ટિલાઈઝર ઉદ્યોગ, કાગળ ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ અને આતંકવાદી પ્રવૃત્તિઓને જવાબદાર ગણવામાં આવે છે.

**પરિવહન અને સંદેશા-વ્યવહાર:** ઉત્તર-પૂર્વનું ચિત્ર સહેજ પણ પ્રભાવક નથી. આ વિસ્તારનો માર્ગ વિકાસ વિવિધ ભૌગોલિક અને આર્થિક-સામાજીક કારણોથી ખૂબ જ ધીમો છે. પંચવર્ષિય યોજનાઓ દરમ્યાન ઉત્તર-પૂર્વમાં પરિવહન ક્ષેત્રના વિકાસ માટે ફાળવાયેલું ફંડ તેની જરૂરિયાતની તુલનામાં ખૂબ જ ઓછુ હતું. અપૂરતી પરિવહન સુવિધા જેવી ગંભીર ઊણપને કારણે ઘણાં લાંબા સમયથી આ વિસ્તારનો વિકાસ પાંગળો બની રહ્યો છે. દેશના વિભાજનને કારણે આ વિસ્તારને માત્ર આર્થિક દ્રષ્ટિએ જ નહી, પણ કન્ઝ્યુમર ગુડ્ઝની પ્રમાણમાં ઉંચી કિંમતો ચૂકવવી પડી હતી અને અર્થતંત્રનો ખર્ચ વધી ગયો હતો અને આ વિસ્તાર દેશના અન્ય ભાગોથી છૂટા પડી ગયા હોવાની લાગણી અનુભવતો હતો. વધુમાં, અહી રેલવેનું નેટવર્ક સમગ્ર ભારતની તુલનામાં ૪ ટકા જેટલું જ છે. ન્યૂ બોંગાઈ ગાંવના પૂર્વ વિસ્તારમાં સમગ્ર નેટવર્ક આવેલું છે અને તે મીટરગેજમાં છે તેમજ સમસ્યાઓ ભોગવવી પડે છે તેમાં અપૂરતા નેટવર્કની સાથે સાથે ગેજ બદલાવાના કારણે ઉભી થતી સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર સિમેન્ટ, સ્ટીલ, અનાજ, મીઠું વગેરે આવશ્યક ચીજ-વસ્તુઓની હેરફેર બાબતે પણ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે.

ઉત્તર- પૂર્વના વિસ્તાર માટે વધુ એક જંગી સમસ્યા વૈશ્વિકરણની છે. ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિને કારણે પૂર્વલક્ષી વલણમાં આભ- જમીનનો તફાવત ઉભો થયો છે. ઉત્તર- પૂર્વના વિસ્તારો માટે બહુરાષ્ટ્રીય કંપનીઓ અને વિદેશના ઉદ્યોગસાહસિકો સાથે બિઝનેસ અને વેપારમાં સફળતાપૂર્વક વેપાર કરવાનું અત્યંત મુશ્કેલ બની ગયું છે.

સામાજીક રીતે વેર-વિખેર હોવાની બાબત આ વિસ્તાર માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. એવો સમાજ કે જ્યાં ઉત્પાદનના સાધનો અપૂરતા છે અને તેના સભ્યોની ક્ષમતાને તે નબળી બનાવે છે અને નબળી સમાજ રચના ઉભી થાય છે. તેની સાંસ્કૃતિક મૂડી પણ નબળી પડે છે અને આવા સમાજમાં જીવનધોરણ ઉત્પાદનના પરિબળોને કારણે પરવડી શકે તેના કરતાં મોંઘુ રહે છે. આવી પરિસ્થિતિમાં આ વિસ્તારની આર્થિક સ્થિતિમાં નૈતિક અધઃપતન આવે છે અને પરિણામે ચારિત્ર્ય વિહિનતાનો ભોગ બને છે.

શિક્ષણ પ્રણાલી અહીંયાં ખૂબ ખરાબ રીતે નિષ્ફળ નિવડી છે. અહીંના સંપન્ન પરિવારો તેમના બાળકોને વધુ અભ્યાસ માટે ટોચના શહેરોમાં મોકલતા હોવાના કારણે સ્થાનિક સમાજને મોટો આર્થિક ફટકો પડે છે. આ બ્રેઈન ડ્રેઈનનું કારણ આ વિસ્તારની જરૂરિયાતો નહી સંતોષી શકવાના પોલિસી પેરાલિસીસને કારણે ઉભી થાય છે.

અન્ય નકારાત્મક પરિબળમાં નોંધપાત્ર નશાખોરીને કારણે થતું અધઃપતન જવાબદાર છે. અહી સામાન્ય રીતે એવું સ્વીકારી લેવામાં આવે છે કે ૩૦ ટકાથી વધુ યુવકો નાર્કોટીક ડ્રગ્ઝનો ભોગ બન્યા છે અને મણિપૂર, નાગાલેન્ડ અને મિઝોરમ જેવા વિસ્તારોમાં એચઆઈવી/ એઈડ્ઝનો રોગ મહાવ્યાધી બનીને ચિંતાનો વિષય બની રહ્યો છે.

આ વિસ્તારના વિકાસ ઉપર અવિરત ધ્યાન આપવાના હેતુથી વર્ષ ૧૯૭૧માં ભારત સરકારે નોર્થ-ઈસ્ટ કાઉન્સિલની રચના કરવામાં આવી હતી. તમામ ૮ રાજ્ય તેમાં સભ્યપદ ધરાવે છે અને તેનું વડુ મથક શિલોંગમાં આવેલું છે અને તે ભારત સરકારના નોર્થ-ઈસ્ટ રિજીયન વિકાસ મંત્રાલય હેઠળ કામ કરે છે. આ કાઉન્સિલની રચના શરૂઆતમાં એક સલાહકારી સંસ્થા તરીકે થઈ હતી, પરંતુ વર્ષ ૨૦૦૨થી તેને રિજીયોનલ પ્લાનીગ બોડી તરીકે મંજૂરી આપવામાં આવી છે. આ કાઉન્સિલમાં ઉત્તર-પૂર્વના રાજ્યોના સમાન હિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવે છે અને આ બાબતોમાં શું નિર્ણય લેવો તે નક્કી કરાય છે. આવું કરવાનું કારણ આ રાજ્યોના આર્થિક અને સામાજીક આયોજનની કાળજી લેવા માટેનું છે. સાથે સાથે આંતર રાજ્ય વિવાદો થાય ત્યારે પરામર્શની વ્યવસ્થા ઉભી કરવાનું પણ છે. ધ નોર્થ -ઈસ્ટર્ન ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ (NEDFCL) ની પબ્લિક લિમિટેડ કંપની તરીકે સ્થાપના કરીને ઉત્તર- પૂર્વ વિસ્તારમાં માઈક્રો, નાના, મધ્યમ અને મોટા એકમોને સહાયની વ્યવસ્થા કરવામાં આવી હતી. નોર્થ-ઈસ્ટ રિજીયન વિકાસ મંત્રાલયના નેજા હેઠળ રચાયેલી અન્ય સંસ્થાઓમાં નોર્થ ઈસ્ટર્ન રિજીયોનલ એગ્રીકલ્ચરલ માર્કેટિંગ કોર્પોરેશન લિમિટેડ (NERAMAC), સિક્કીમ માઈનિંગ કોર્પોરેશન લિમિટેડ (SMC) અને નોર્થ ઈસ્ટર્ન હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NEHHDC) નો સમાવેશ થાય છે.

નોર્થ- ઈસ્ટર્ન રિજીયન ડેવલપમેન્ટ મંત્રાલય (MDoNER) ની રચના સપ્ટેમ્બર, ૨૦૦૧માં કરવામાં આવી હતી, જે ઉત્તર-પૂર્વના ૮ રાજ્યોના આર્થિક- સામાજીક વિકાસ સંબંધિ બાબતો અંગે મધ્યસ્થ એજન્સી તરીકેનું કામ કરે છે અને કેન્દ્ર સરકારના મંત્રાલયો/ વિભાગો અને ઉત્તર- પૂર્વના વિસ્તારોની રાજ્ય સરકારો સાથે સહયોગ આપવાની કામગીરી કામગીરી બજાવે છે અને માળખાગત સુવિધાના અવરોધો, પાયાની લઘુત્તમ સેવાઓ, ખાનગી મૂડી રોકાણ માટે વાતાવરણ ઉભુ કરવાની કામગીરી અને આ વિસ્તારમાં લાંબાગાળાની શાંતિ અને સલામતિ, ખાનગી મૂડી રોકાણ માટે વાતાવરણ ઉભુ કરવાનું પણ કામ કરે

છે. આ કાઉન્સિલ આ વિસ્તારના સુસંકલિત વિકાસ માટેની એજન્સી તરીકે કામ કરે છે અને વિજળી, પરિવહન, સંદેશા- વ્યવહાર અને આરોગ્ય જેવા અગ્રતા ક્ષેત્રોને ઓળખીને કામગીરી બજાવે છે.

નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલે પાયાની માળખાગત સુવિધાઓ વિકસાવીને ઉર્જા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આ વિસ્તારની વીજ ઉત્પાદન ક્ષમતા હાઈડ્રો- ઇલેક્ટ્રિસિટી પ્રોજેક્ટસ તથા ગેસ આધારિત પ્રોજેક્ટસનો ઉમેરો કરીને ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. કાઉન્સિલ વીજ પરિવહન સિસ્ટમ (ટ્રાન્સમિશન) ને વ્યવસ્થિત કરવામાં દરમ્યાનગિરી કરે છે અને તેને નેશનલ ગ્રીડ સાથે જોડે છે. આ ઉપરાંત નોર્થ ઈસ્ટ કાઉન્સિલ તેના પ્રારંભકાળથી જ માર્ગો અને જળમાર્ગોના વિકાસમાં પણ સામેલ થઈ છે. નોર્થ ઈસ્ટ કાઉન્સિલના પ્રારંભ પ્રસંગે ખેતી હેઠળનો વિસ્તાર અંદાજે ૧૨ ટકા જેટલો હતો, જેને કારણે આ વિસ્તારની ખેત પેદાશોની માંગ અને પૂરવઠા વચ્ચે મોટી ખાઈ રહેતી હતી. ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બિયારણની સુધારેલી વેરાયટી ઉપલબ્ધ નહીં થવાને કારણે, સિંચાઈ સુવિધાઓના અભાવને કારણે તથા ફર્ટિલાઈઝરની હેરફેરમાં અવરોધો જેવા કારણોથી ઉત્પાદનમાં વધારો કરવામાં મુશ્કેલી નડતી હતી. આ અવરોધોને પહોંચી વળવા માટે નોર્થ ઈસ્ટ કાઉન્સિલે કૃષિ અને સંબંધિત ક્ષેત્રોમાં સંખ્યાબંધ કદમો ઉઠાવ્યા છે. વિતેલા વર્ષોમાં નોર્થ ઈસ્ટ કાઉન્સિલ દ્વારા આ વિસ્તારની વિવિધ સંસ્થાઓમાં યોગદાન આપવામાં આવ્યું છે. નોર્થ ઈસ્ટ કાઉન્સિલ આ વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિકાસ માટે પણ વિવિધ સ્રોતોનું સંશોધન અને સર્વે કરીને મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. આને કારણે સ્રોતોની ઉપલબ્ધિ અંગેની માહિતી એકત્ર થઈ છે અને તેનું દસ્તાવેજીકરણ પણ થયું છે. ઉત્તર-પૂર્વના વિકાસમાં નોર્થ ઈસ્ટ કાઉન્સિલના ઔદ્યોગિક વિકાસના પ્રયાસોને પરિણામે ફર્સ્ટ જનરેશન આંત્રપ્રિનિયોર્સ તૈયાર થયા છે. આને કારણે વિસ્તારમાં વિવિધ પ્રકારના નાના એકમો સ્થપાવા માંડ્યા છે. ફોરવર્ડ લીંકેજીસ વિકસાવવા માટે નોર્થ ઈસ્ટ કાઉન્સિલે NERAMAC જેવી માર્કેટિંગ એજન્સીઓની સ્થાપના કરીને પ્રદર્શનો, સેમિનારો અને બિઝનેસ મિટીંગો યોજવામાં સહાય કરી છે. કાઉન્સિલે રેશમના કીડા, મૂગા તથા અન્ય હેન્ડલૂમ પ્રોડક્ટસ માટે સુવિધા પૂરી પાડીને રેશમ ઉદ્યોગના વિકાસમાં પણ સહાય કરી છે. નોર્થ ઈસ્ટ કાઉન્સિલ દ્વારા સિક્કીમ સહિત ઉત્તર-પૂર્વ વિસ્તારમાં પ્રવાસનને પ્રોત્સાહન માટે પણ વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે. કાઉન્સિલે ઈકોલોજી અને પર્યાવરણને પહોંચતા ઘસારાને અટકાવવા માટેના પણ પગલાં લીધાં છે. કાઉન્સિલે ૧૭૦૦ ઝૂમિયા પરિવારોને આવરી લઈને તેમને પરંપરાગત ખેત પધ્ધતિથી અલગ રીતે ખેતી કરતાં શિખવ્યું છે. વોટરશેડ ડેવલપમેન્ટ, ખેતી અને વ્યાપારની વૈકલ્પિક પધ્ધતિઓની તાલિમ જેવા કેટલાંક પ્રયાસોને પરિણામે કૃષિ ક્ષેત્રનો વિકાસ થયો છે.

વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા વિકાસની જે પહેલ ડિસેમ્બર, ૨૦૧૭માં હાથ ધરવામાં આવી હતી અને કેન્દ્ર સરકારે નોર્થ-ઈસ્ટ સ્પેશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કીમ હાથ ધરી છે, જે બે ક્ષેત્રોમાં માળખાગત સુવિધાઓના સર્જનમાં રહેલી ઊણપ દૂર કરશે. આમાંનું એક ક્ષેત્ર પાણી પૂરવઠા, વિજળી, કનેક્ટીવિટી અને ખાસ કરીને પ્રવાસનને પ્રોત્સાહન આપતા પ્રોજેક્ટસ માટેની ભૌતિક માળખાગત સુવિધાઓ ઉભી કરી છે. અન્ય માળખાગત સુવિધાઓમાં શિક્ષણ અને આરોગ્યને લગતા સામાજીક ક્ષેત્રના પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે. આ યોજનાનું નોંધપાત્ર પાસું એ છે કે તે NLCPR ની તુલનામાં કેન્દ્ર સરકારના ૧૦૦ ટકા ભંડોળથી હાથ ધરાયેલી યોજનાઓ છે. જેમાં ૧૦૦ ટકા યોગદાન રાજ્ય સરકારોનું રહે છે. ભારત સરકાર ઉત્તર- પૂર્વના રાજ્યોને આ યોજના હેઠળ આગામી ૩ વર્ષમાં રૂ.૫૩૦૦ કરોડ પૂરાં પાડશે. આ ઉપરાંત ક્યુઈ રિયલ હાઈડ્રો- પાવર પ્રોજેક્ટ એ મિઝોરમમાં સેન્ટ્રલ સેક્ટર દ્વારા સફળતાપૂર્વક કાર્યરત કરાયેલ મહત્વનો પ્રથમ પ્રોજેક્ટ છે. દર વર્ષે તે ૨૫૧ મિલિયન યુનિટ વિજળીનું ઉત્પાદન કરશે અને રાજ્યના આર્થિક- સામાજીક વિકાસને વેગ આપશે. નોર્થ- ઈસ્ટ રિજીયનમાં સિક્કીમ અને ત્રિપુરા પછી મિઝોરમ ત્રીજું, પાવર સરપ્લસ રાજ્ય બન્યું છે. નાણાંકિય અવરોધ છતાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજીત યોજનાઓમાં ઉત્તર-પૂર્વના રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે ૯૦-૧૦ ની પધ્ધતિથી ભંડોળ પૂરૂ પાડવાની સ્થિતિ ચાલુ રહી છે, જે વર્તમાન સરકારની ઉત્તર- પૂર્વના રાજ્યો માટેની ચિંતા દર્શાવે છે. વધુમાં, કેન્દ્ર સરકારે રૂ.૩૨,૦૦૦ કરોડના ખર્ચે ૩૮૦૦ કી.મી.ના નેશનલ હાઈવે આગામી ત્રણ વર્ષમાં હાથ ધરવાની મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે આગામી ત્રણ વર્ષમાં Special Accelerated Road Development Programme in the Nroth-East યોજના હેઠળ વધુ રૂ.૬૦,૦૦૦ કરોડ તથા ભારતમાલા યોજના હેઠળ આગામી બે થી ત્રણ વર્ષમાં આ વિસ્તારના માર્ગો અને ધોરીમાર્ગોનું માળખું સ્થાપિત કરવા માટે રૂ.૩૦,૦૦૦ કરોડ ફાળવ્યા છે. 'એક્ટ ઈસ્ટ પોલિસી' નું સક્રિયપણે અનુસરણ કરીને જે મહત્વની પહેલ હાથ ધરાઈ છે તેમાં Kaladan Multi-Modal Transit Transprot Project, the Rih-Tedim

Road Project And Border Haats નો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકારે છેલ્લા બે વર્ષમાં મિઝોરમમાં બે પ્રવાસન સ્થળોના વિકાસ માટે ઈકો-ટુરિઝમ તથા એડવેન્ચર ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧૯૪ કરોડની ફાળવણી કરી છે. આમાંથી રૂ.૧૧૫ કરોડની રકમ આ પ્રોજેક્ટસના અમલીકરણ માટે છૂટી કરી દેવામાં આવી છે.

નોર્થ ઈસ્ટ વિસ્તારના લાખો લોકો માટે વાંસ એ રોજગારીનું સાધન હોવાની બાબતને ધ્યાનમાં રાખીને ભારત સરકારે તાજેતરમાં તેની નિયંત્રણકારી નીતિમાં રાહત આપી છે. હવે વાંસના ઉત્પાદનો તૈયાર કરવા તથા પરિવહન અને વેચાણ માટે કોઈ પરમીટની જરૂરિયાત રહેશે નહી. આનાથી લાખો ખેડૂતોને ફાયદો થશે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના પ્રયાસોને વેગ મળશે.

આપણે જે તાજેતરના બજેટ (વર્ષ ૨૦૧૮-૧૯) તરફ નજર કરીએ તો સરકારે ૫૦ એરપોર્ટસને પુનર્જીવિત કરવા અને હવાઈ મુસાફરી માટેની માળખાગત સુવિધાઓમાં વધારો કરવા રૂ.૧૦૧૪.૦૯ કરોડની ફાળવણી કરી છે (જે ગયા વર્ષની ફાળવણી કરતાં અંદાજે ૫ ગણી છે). આમાં સિક્કીમના પાક્યાંગ, અરૂણાચલ પ્રદેશના તેજુ વગેરે વ્યૂહાત્મક એરપોર્ટસનો સમાવેશ થશે. આ વિસ્તારોમાં નાગરિકોને એર કનેક્ટીવિટી સૌ પ્રથમવાર પૂરી પાડવામાં આવી રહી છે.

એવી આશા રાખવામાં આવે છે કે આ બધા પ્રયાસોને કારણે ઈકોનોમિક લીકેજીસનો વ્યાપ વધશે અને ઉત્તર-પૂર્વના વિસ્તારોના એકંદર વિકાસ અને વૃધ્ધિને યોગદાન મળશે. સાક્ષરતાનો ઉંચો દર, કુદરતી સૌંદર્ય અને અંગ્રેજી બોલતી વસતિના મોટા પ્રમાણને કારણે આ વિસ્તાર રાજયને મોડેલ ટુરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવા માટેનું સુવ્યવસ્થિત મિશ્રણ બની રહેશે.

**આગળનો માર્ગ**

આ વિસ્તારના ઘનિષ્ટ વિકાસ માટે ૬ પાંખિયા વ્યૂહરચનાની દરખાસ્ત કરવામાં આવી છે:

- સ્વ-શાસન અને સહભાગી વિકાસ પધ્ધતિ દ્વારા મહત્તમ સશક્તિકરણ કરીને આ વિસ્તારના સમાવેશી વિકાસને પ્રોત્સાહન માટે આયોજન કરાશે.
- ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલન, બાગાયત, ફૂલોની ખેતી, માછીમારી અને ગ્રામ્ય વિસ્તારોમાં બિન ખેતી ક્ષેત્રોમાં રોજગારી દ્વારા સંલગ્ન પ્રવૃત્તિઓની ઉત્પાદકતા વધે તે રીતે વિકાસની તકોનું નિર્માણ કરવામાં આવશે.
- આ વિસ્તારોમાં એગ્રો પ્રોસેસિંગ, હાઈડ્રો પાવરનું ઉત્પાદન જેવા તુલનાત્મક લાભ ધરાવતા ક્ષેત્રોના વિકાસને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- લોકોના કૌશલ્યો અને ક્ષમતાઓમાં વધારો કરાશે અને સરકારી સંસ્થાઓમાં અને બહાર પણ ક્ષમતા નિર્માણને વેગ આપવામાં આવશે.
- ખાસ કરીને માળખાગત સુવિધાઓના ક્ષેત્રોમાં ખાનગી મૂડી રોકાણને પ્રોત્સાહન મળે તેવા આવકાર્ય મૂડી રોકાણ માટે પ્રયાસો કરવામાં આવશે.
- સરકાર અને ખાનગી ક્ષેત્રના સ્રોતોનો લાભ લઈને વિઝન મુજબના ઉદ્દેશો સાકાર કરવામાં આવશે.

તાજેતરમાં તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૧૮ના ગૌહત્તિમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટના કરવામાં આવેલા આયોજનથી એનડીએ સરકારે નોર્થ- ઈસ્ટ વિસ્તારમાં એકંદર સમૃધ્ધિ વધારવામાં યોગદાન આપ્યું છે. નિ:શંકપણે આ સમારંભ દ્વારા રાજ્યમાં મેન્યુફેક્ચરીંગ, સર્વિસીસ, પાવર, કૃષિ અને ફૂડ પ્રોસેસીંગ, માહિતી ટેક્નોલોજી, પરિવહન, પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઈલ્સ અને હેન્ડીક્રાફ્ટસ તથા ટુરિઝમ ક્ષેત્રે મૂડી રોકાણની ક્ષમતા પ્રદર્શિત કરીને દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયા જેવા પ્રદેશોના મૂડી રોકાણને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સમાપનમાં એ કહેવાનું રહેશે કે ઈનોવેશન, વિવિધ પ્રકારની પહેલ, વિચારો અને તેનું અમલીકરણ જેવા ૪ માર્ગોને સાથે લઈને વિવિધ સમુદાયોનો સમાવેશી વિકાસ કરવાની જરૂરિયાત છે કે જેથી પાયાની જરૂરિયાતો અને સર્વિસીસના અમલીકરણની શક્તિ પ્રાપ્ત થાય. આ માટે તમામ સહયોગીઓએ સાથે મળીને ઉત્તર- પૂર્વના રાજ્યોના એકંદર વિકાસ માટે સંપૂર્ણપણે ઘનિષ્ઠ અને વાસ્તવિક આયોજન હાથ ધરવાની જરૂર છે.

લેખક નાબાર્ડની હરિયાણા રિજીયોનલ ઓફિસ ચંદીગઢ ખાતે આસિસ્ટન્ટ જનરલ મેનેજર છે. તેમણે ૪૦૦ થી વધુ પ્રકાશનો બહાર પાડવાનો યશ હાંસલ થયો છે અને તે આકાશવાણી અને દૂરદર્શન પર વાર્તાલાપ/ પેનલ ચર્ચામાં ભાગ લેતા રહે છે.
E-mail:manjula.jaipur@gmail.com

# ઉત્તર-પૂર્વનો કૃષિ વિકાસઃ વાંસ મિશન, આર્થિક સમૃધ્ધિનું સાધન

નિરેન્દ્ર દેવ



એ બાબતની પણ નોંધ લેવી જોઈએ કે ઉત્તર- પૂર્વની ખેતી પ્રવૃત્તિને ઓર્ગેનિક ખેતી તરીકે પણ ઓળખવામાં આવે છે. તા.૧૮ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સિક્કીમને ભારતના ઓર્ગેનિક રાજ્ય તરીકે જાહેર કર્યું છે. તે પછીના ગાળામાં આ વિસ્તારમાં ખેતીના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ઉત્તર-પૂર્વના પ્રદેશો માટે મિશન ઓર્ગેનિક વેલ્યૂ ચેઈન ડેવલપમેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ માટે રૂ.૪૦૦ કરોડનુ નાણાં ભંડોળ સુનિશ્ચિત કરાયું છે.

'ઉત્તર-પૂર્વ ભારત' ની કોઈપણ કથા તેની ટકી રહેવાની આંતરિક શક્તિનો ઉલ્લેખ કર્યા વગર પૂરી થઈ શકે નહીં. આ બાબત ત્યાંની કૃષિ વ્યવસ્થા અને ખેતીની પરંપરાગત પધ્ધતિઓના મહત્વના પાસાં તરીકે વર્તાઈ આવે છે. કૃષિ એ ચોક્કસપણે આ વિસ્તારના લોકોની મુખ્ય પ્રવૃત્તિ છે. અહીંની ખેતીનું મુખ્ય હકારાત્મક પાસુ એ છે કે તેની પરંપરાગત પધ્ધતિઓમાં પર્યાવરણની સ્થિતિ અને સ્થાનિક સમુદાયોના પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરીને ચોખા, અનાજ અને અન્ય ખેતીના પાકો લેવામાં આવે છે. જરૂરી પર્યાવરણલક્ષી સમતુલા જાળવતા આ વિસ્તારના રાજ્યોને લોકો દ્વારા વ્હાલથી 'સેવન સિસ્ટર્સ' તરીકે ઓળખવામાં આવે છે.

આદિવાસીઓ સહિત અહીંના સ્થાનિક લોકો પરંપરાગત કૃષિ પધ્ધતિઓ, કૃષિ- બાયોડાયવર્સિટી અને જ્ઞાનને જાળવતા રહ્યા છે. સામાન્ય રીતે ખેડૂતો અન્ય બેઠાડુ કૃષિ પ્રણાલિના બદલે ઝૂમ પધ્ધતિનો ઉપયોગ કરે છે. આદિવાસીઓ તથા અન્ય સમુદાયો દ્વારા જમીનના સ્રોતોનો સ્થાનિક અને પરંપરાગત જ્ઞાનને આધારે સાતત્યપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે.

સ્થાનિક ખેડૂતો પરંપરાગત રીતે ચાલી આવતા મુખ્ય અને ગૌણ પાકોનો તેમની કૃષિ પ્રણાલિમાં સમાવેશ કરે છે, જેથી તે જોખમો અને કપરી પરિસ્થિતિમાં ટકી શકે છે. વિવિધ કૃષિ પ્રણાલિઓ દ્વારા અલગ અલગ ઉતાર અને ઉર્જા કાર્યક્ષમતામાં તફાવત રહે છે, કારણ કે તેનો આધાર વાવેતર કરાયેલ પાકના પ્રકાર ઉપર હોય છે. સ્વાભાવિક રીતે એવી છાપ પ્રવર્તે છે કે પરંપરાગત ખેડૂતોમાંથી જે કાર્યક્ષમ હોય છે તે ડાંગરનું વાવેતર કરે છે અને અન્ય ખેડૂતો મકાઈ અને બાજરીની ખેતી કરે છે.

અહીંના મૂળ સમુદાયો સામાન્યપણે મુખ્ય બે પ્રકારની કૃષિ પ્રણાલિઓને અનુસરે છે, જેમાં પાક બદલવાની અને બર્ન એગ્રિકલ્ચરની તથા બીજી ટેરેસ કલ્ટિવેશનની પધ્ધતિનો સમાવેશ થાય છે. ટેરેસ કલ્ટિવેશનની પધ્ધતિ ખીણો અને તળેટીઓમાં ઉપયોગમાં લેવાય છે, જ્યારે પાક બદલવાની પધ્ધતિઓ આસાપાસના જંગલોમાં ઉપયોગમાં લેવાય છે. અહી એ બાબતનો ઉલ્લેખ કરવાની જરૂર નથી કે પાક બદલવાની પધ્ધતિને પ્રચલિત ભાષામાં ઝૂમ કલ્ટિવેશન તરીકે ઓળખવામાં આવે છે અને પર્વતોના અને જંગલોના ઢોળાવવાળા વિસ્તારોને હરિયાળા બનાવવા માટે આ પૌરાણિક પધ્ધતિના અમલનો ઉપયોગ કરવામાં આવે છે. ચોમાસાના આગમન પહેલાં સૂકવીને બાળવાની પ્રવૃત્તિ કરીને જમીનને ચોખ્ખી બનાવાય છે અને ત્યાર પછી જ તેના ઉપર પાક લેવાય છે.

મૂળભૂત રીતે ઝૂમ ચક્રિય પધ્ધતિ સારી રીતે કામ આપે છે. માનવ વસતિમાં વધારો થવાની સાથે સાથે જમીન ઉપર દબાણ વધવાને કારણે ક્રમશઃ ઝૂમ પધ્ધતિથી ખેતીનું પ્રમાણ ઘટ્યું છે અને જમીનના ધોવાણની સમસ્યાઓ ઉભી થઈ છે અને આ વિસ્તારની જૈવિક પ્રણાલિ (ઈકોલોજી) સામે પણ જોખમ ઉભુ થયું છે.

**નવિનતા (ઈનોવેશન) મહત્વની બાબત છે**

આમ છતાં પણ, ઉત્તર-પૂર્વના આદિવાસી ખેડૂતો પોતાની ચતુરાઈ અને કૌશલ્યનો ઉપયોગ કરીને ખેતી કરતા રહે છે.

આના પરિણામે તે સ્થાનિક ધોરણે ઉપલબ્ધ સ્રોતોનો ઈષ્ટત્તમ ઉપયોગ કરી શકે છે. આવી એક પધ્ધતિને બેંચ ટેરેસ ઈરિગેશન પ્રણાલિ તરીકે ઓળખવામાં આવે છે. આ પધ્ધતિમાં પત્થરો અને શણના કોથળાઓનો ચતુરાઈપૂર્વક ઉપયોગ કરીને ટેરેસને જાળવી રાખવામાં આવે છે અને જમીનનું ધોવાણ થવાની સમસ્યા અટકાવવામાં આવે છે. પર્વતોમાંથી નિકળતા ઝરણાંઓને અન્યત્ર વાળીને વિવિધ પ્રકારના સંખ્યાબંધ ટેરેસ તરફ લઈ જવામાં આવે છે. આ પધ્ધતિમાં પાણી ઉપરની તરફથી નીચેની તરફ સતત વહેતુ રહે છે. આ પધ્ધતિ બિન ફળદ્રુપ જમીનમાં અને ખાસ કરીને ડાંગરના પાકમાં વૃધ્ધિ કરવા માટે ખૂબ જ પરિણામલક્ષી જણાઈ છે. નિષ્ણાંતોના મત મુજબ આ પધ્ધતિનું એક મહત્વનું હકારાત્મક પાસુ એ છે કે અહીં ઉપરથી નીચેની તરફ વહેતુ પાણી પોષક તત્વોથી સભર હોય છે. આથી મુખ્યત્વે તેનો ઉપયોગ ડાંગર (ચોખા) ની ખેતી માટે થાય છે. બેંચ ટેરેસ કૃષિ પધ્ધતિથી મકાઈ, વટાણા અને બટાકા જેવા પાકો ઢોળાવના ઉપરના વિસ્તારમાં લઈ શકાય છે. આથી સ્વાભાવિકપણે જ ઢોળાવના નીચાણવાળા વિસ્તારોમાં જેને પાણીની વધુ જરૂર છે તેવા ચોખા અને શણના પાક લેવામાં આવે છે.

ઉત્તર-પૂર્વના અને ખાસ કરીને નાગાલેન્ડ, મેઘાલય અને મણિપુર જેવા રાજ્યોના ખેડૂતો દાયકાઓથી ખેતીની પધ્ધતિઓમાં સખત મજૂરી કરવાની જરૂરિયાત બાબતે 'આર્થિક વળતર' નું મહત્વ સમજે છે. આથી વૃક્ષ આધારિત ખેતીની પધ્ધતિઓ પણ સ્થાનિક લોકોમાં પ્રોત્સાહિત કરવામાં આવી છે, જેમાં વ્યાપક પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરીને પાક લેવામાં આવે છે અને વૃક્ષોને પણ વ્યાપકપણે પાક લેવાની પધ્ધતિ સાથે સાંકળી લેવામાં આવ્યાં છે. એગ્રો-ક્લાઈમેટિક સ્થિતિ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સ્થાનિક નિષ્ણાંતો જણાવે છે કે આ વલણ હેઠળ વૃક્ષોની અનેક જાતો ફૂડ, ફાઈબર અને ઔષધીઓ માટે ઉછેરવામાં આવી રહી છે. આ ઉપરાંત અન્ય ગૌણ ખેત પેદાશો પણ પ્રાપ્ત થાય છે.

જમીનનો ઉપયોગ શાકભાજી, ફળ અને વનનાં વૃક્ષો દ્વારા મળતા મસાલા, પ્લાન્ટેશન પેદાશો અને ખેતીની પેદાશો માટે કરવામાં આવે છે. એવું પણ જણાયું છે કે પરંપરાગત ખેતીમાં બહુ હેતુક વૃક્ષો અને વનસ્પતિના વાવેતરને વધુ અગ્રતા આપવામાં આવી રહી છે. આ રીતે ખેતીની પ્રક્રિયા એ ઉપયોગ અને આર્થિક વળતર આધારિત બની રહી છે.

પર્યાવરણલક્ષી ખેત પધ્ધતિ અને આર્થિક સુધારાની વાત કરીએ તો યુગોથી ઉત્તર-પૂર્વના પ્રદેશો વાંસ ઉપર આધાર રાખતા હતા.

એ વાત કહેવાની જરૂર રહેતી નથી કે હકીકતમાં વાંસ એ જંગલની વ્યવસ્થાનો આંતરિક હિસ્સો છે. ઉત્તર-પૂર્વના પ્રદેશોની જમીનમાં આ પરિબળ ખૂબ જ પ્રભાવી રીતે જોવા મળી રહ્યું છે. આદિવાસીઓની જીવનશૈલી અને જીવનમાં, તથા મેદાનના પ્રદેશોમાં વસતા લોકોમાં પણ, વાસ્તવમાં વાંસની વિવિધ ઉપયોગિતાને કારણે વાંસ ઉપર ખૂબ મોટો 'આધાર' રાખે છે એમ કહેવું ખોટું નહીં ગણાય, કારણ કે આધુનિક સમાજની આર્થિક અને સામાજીક પ્રગતિમાં વાંસનું ઘણુ મોટુ પ્રદાન છે. પર્યાવરણલક્ષી વાંસનો પાક ગ્રામ વિસ્તારોના અર્થતંત્ર, ઔદ્યોગિક વિકાસને સુધારવામાં અતિ વ્યાપક ક્ષમતા ધરાવે છે અને વિસ્તારના સાતત્યપૂર્ણ વિકાસમાં મજબૂત આર્થિક પાયો બની શકે તેમ છે.

**લીલું સોનુ**

કેન્દ્ર સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સાચા અર્થમાં વાંસને લીલાં સોના તરીકે ઓળખવામાં આવ્યું છે. વાંસ એ એક પ્રકારનું ઘાસ છે, પણ આશરે એક સદી જેટલા સમયથી તેનુ વૃક્ષ તરીકે વર્ગીકરણ કરવામાં આવ્યું હતું. આ કારણે ઉત્તર-પૂર્વના વસતા લોકો એનો વ્યાપારી ધોરણે ઈષ્ટતમ ઉપયોગ કરતા હતા. ઉત્તર-પૂર્વ ભારત હકીકતમાં દેશના ૬૮ ટકા વાંસ ઉગાડે છે. વાંસ એ હકીકતમાં ખૂબ નોંધપાત્ર પ્રમાણમાં સમૃધ્ધ જીનેટીક સ્ત્રોત છે. એક અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે ભારત વિશ્વના વાંસના સ્ત્રોતોનો ૩૦ ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ વિશ્વના બજારમાં માત્ર ૪ ટકા જેટલું યોગદાન આપે છે. અહીં મુદ્દો નીચી ઉત્પાદકતાનો છે અને આ સંદર્ભમાં ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલુ બામ્બુ (વાંસ) મિશન ખૂબ મહત્વનું બની રહે છે. કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી આ યોજના છે.

કેન્દ્ર સરકારની ૧૦૦ ટકા સહાય દ્વારા રાજ્ય સરકારો સાથે સંકલન કરીને આ યોજનાને અમલી બનાવવામાં આવી છે. એનો ઉદ્દેશ વાંસ અને વાંસ આધારિત હસ્તકલાને પ્રોત્સાહિત કરવાનો અને એ દ્વારા કૌશલ્ય ધરાવતા અને કૌશલ્ય વગરના લોકો માટે અને ખાસ કરીને બેરોજગાર યુવાનો માટે રોજગારીની તકોનું નિર્માણ કરવાનો છે.

ઉત્તર- પૂર્વમાં સ્થાનિક અને પરંપરાગત રીતે વાંસ ઉગાડતા લોકો હંમેશાં વાંસનો ઉપયોગ ગ્રામ્ય અને શહેરી લોકોના લાભ માટે કરે છે. લોકો વાંસનો પૂરતા પ્રમાણમાં વ્યાપારી ધોરણે ઉપયોગ કરે તે માટે જ્યાં વાંસની ખેતી થતી ન હોય તેવી જમીનમાં પણ વાંસ ઉગાડવામાં આવે છે અને દર વર્ષે તેનો પાક લેવામાં આવે છે.

ઔદ્યોગિક લાભ ઉપરાંત સ્થાનિક સમુદાયો હંમેશાં વાંસના કુમળા પાનનો આહાર માટે ઉપયોગ કરે છે. વાંસના તબીબી ઉપયોગો પણ છે, જે આદિવાસી વિસ્તારોમાં વાંસની ખેતી કરવામાં આવે છે તેવાં રાજ્યોમાં મિઝોરમ, ત્રિપુરા અને નાગાલેન્ડનો સમાવેશ થાય છે. એ બાબત પણ જાણીતી છે કે વાંસનો ઉપયોગ જમીનની સુરક્ષા માટે, જમીનની જળ સંઘરવાની ક્ષમતા વધારવા, વધુ પાણીના સંગ્રહ માટે તથા ખેતી અને આહાર સલામતી માટે રિચાર્જના લાભ સહિત જમીનની ગુણવત્તામાં સુધારા માટે પણ કરવામાં આવે છે.

નવેમ્બર ૨૦૧૭માં સરકારે વાંસને 'વૃક્ષો' તરીકેની યાદીમાંથી બાકાત કર્યો છે અને એ રીતે વાંસ કાપવાના, તેની હેરફેરના અને તેની ઉપર પ્રક્રિયા કરવાના નિયમોને હળવા બનાવ્યા છે. આ પગલાંથી ૯૦ વર્ષ જૂનાં નિયંત્રણો નાબૂદ થયાં છે અને વાંસની ચીજોની નિકાસ પણ હવે મુક્તપણે થઈ શકશે. આ કારણે નવી તકોનાં દ્વાર ખૂલ્યાં છે. દરમ્યાનમાં મણીપુર અને અરૂણાચલની સરકારો

આસામમાં સ્થપાઈ રહેલી નુમાલીગઢ બાયો-રિફાઈનરીને વાંસ આપવા સંમત થઈ છે. આ આર્થિક પ્રવૃત્તિનો હજુ હમણાં જ પ્રારંભ થયો છે.

આ પ્રવૃત્તિઓથી સંતુષ્ટ ન હોય તેમ સરકાર નવતર પ્રકારની વ્યૂહરચનાઓને વેગ આપવાનું કામ હાથ ધર્યું છે, જેથી વાંસની ખેતી કરનાર વર્ગ માટે વાંસને કાયમી ધોરણે આવક રળવાના સાધન તરીકે વિકસાવી શકાય. ઘણાં રાજ્યોમાં ઘણાં સ્થાનિક જૂથો વાંસના જંગલોના માલિકો છે. તેમને આ નીતિથી લાભ થશે. વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં કેન્દ્રના નાણાં પ્રધાન અરૂણ જેટલીએ સમગ્રલક્ષી અભિગમ અપનાવીને 'નેશનલ બામ્બુ મિશન' નું 'પુનઃગઠન' કરવા માટે રૂ.૧૨૯૦ કરોડની ફાળવણી કરી છે.

અધિકૃત અંદાજોમાં દર્શાવાયું છે તે મુજબ, ત્રિપૂરા જેવા રાજ્યમાં વાંસ ક્ષેત્રને કાયમી રોજગારી પૂરી પાડનાર સાધન તરીકે વિકસાવી વાંસ ઉગાડનારા ઓછામાં ઓછા ૨૦,૦૦૦ લોકો માટે ભરોંસાપાત્ર અને સન્માનનિય રોજગારીનું નિર્માણ કરી શકાય તેમ છે.

આ વિસ્તારમાં વાંસની જે વિવિધ પેદાશો અને પેટા પેદાશો બનાવી શકાય તેમ છે તેની યાદી કરીએ તો તે ઘણી લાંબી થાય તેમ છે. આ યાદીમાં વાંસનાં અથાણાં, બામ્બુ વિનેગાર, ફ્લાવર વાઝ, બાસ્કેટ, અગરબત્તી સ્ટીક્સ, મોબાઈલ કવર, ટૂથ પીક, પેન સ્ટેન્ડ, ફર્નિચર, ઘરેણાં, આહારમાં ઉપયોગમાં લઈ શકાય તેવી વાંસની કૂંપળો, કોફીન, સાવરણા, ટી કોસ્ટર (ચાની કીટલી નીચે મૂકવાની સાદડી) કી-ચેઈન, ફોટો ફ્રેમ, હેંગર, એશ-ટ્રે, નિસરણી અને વોટર બોટલ કવરનો પણ સમાવેશ થાય છે.

સ્થાનિક કસબીઓ પોતાના પરંપરાગત કૌશલ્યનો ઉપયોગ કરીને નેતર તથા જંગલનાં પાંદડાંનો ઉપયોગ કરીને વાંસની હેટ બનાવે છે. હેટ અને અન્ય પ્રોડકટસની ઘણી માંગ હોવા ઉપરાંત આ બધી ચીજોની નિકાસ ક્ષમતા પણ છે, જેનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરીને તેનો લાભ લેવામાં આવ્યો નથી. ખાનગી કંપનીઓ અને કોર્પોરેટ હાઉસની સામેલગિરીને વધુ પ્રોત્સાહન આપીને ઉત્તર-પૂર્વના વિસ્તારને વધુ ફાયદો કરાવી શકાય તેમ છે.

અહી એ બાબત નોંધવી રસપ્રદ બની રહેશે કે વાંસનો ઉપયોગ થેલીઓ બનાવીને તેનો ઉપયોગ સંગ્રહના કામ માટે પણ થઈ શકે છે. વાંસનાં વિવિધ કદનાં કન્ટેઈનર બને છે. માટીનો ઉપયોગ કરીને તેની અંદરની બાજુને મજબૂત બનાવી તેનો ડાંગરનો બિયારણ તરીકે સંગ્રહ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. બિયારણના હેતુથી ડાંગરનો સંગ્રહ ખાસ પ્રકારના કન્ટેઈનરમાં કરવામાં આવે છે. તેને મેઘાલયમાં સામાન્ય રીતે થિયાર તરીકે ઓળખવામાં આવે છે. આ કન્ટેઈનર વાંસની સળીઓને એકબીજા સાથે ગૂંથીને બનાવવામાં આવે છે. આવાં કન્ટેઈનરને અંદરની બાજુએ ચોખાની સાંઠીઓ લગાવીને મજબૂત કરવામાં આવે છે. સમાન પ્રકારે મેઘાલયના ખાસી આદિવાસી લોકો દ્વારા લાકડાના સંગ્રહ સાધન બનાવવામાં આવે છે તેને દુલીના નામે ઓળખવામાં આવે છે. તે બે પડ ધરાવતી વાંસની બાસ્કેટ હોય છે, જેની બંને બાજુએ ગાયના છાણ અને માટીથી પ્લાસ્ટર કરેલુ હોય છે. અનાજના સંગ્રહ માટે તેને ખૂબ જ અસરકારક સાધન તરીકે ઓળખવામાં આવે છે.

આ ઉપરાંત આ વિસ્તારોના કેટલાક ભાગોમાં મકાઈનો ડૂંડાનો સંગ્રહ કરવા માટે આવા સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલીક વખત શંકુ આકારનું બોક્સ બનાવીને તેને ઉંધુ ગોઠવીને ઉંદરને દૂર રાખવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

**સમાપન**

આખરે વિશ્લેષણમાં એ બાબતની પણ નોંધ લેવી જોઈએ કે ઉત્તર-પૂર્વની ખેતી પ્રવૃત્તિને ઓર્ગેનિક ખેતી તરીકે પણ ઓળખવામાં આવે છે. તા.૧૮ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સિક્કીમને ભારતના ઓર્ગેનિક રાજ્ય તરીકે જાહેર કર્યું છે. તે પછીના ગાળામાં આ વિસ્તારમાં ખેતીના વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે ઉત્તર-પૂર્વના પ્રદેશો માટે મિશન ઓર્ગેનિક વેલ્યૂ ચેઈન ડેવલપમેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ માટે રૂ.૪૦૦ કરોડનુ નાણાં ભંડોળ સુનિશ્ચિત કરાયું છે. ભારત સરકાર દ્વારા પરંપરાગત કૃષિ વિકાસ યોજના હેઠળ ઓર્ગેનિક ખેતી હેઠળનો વિસ્તાર વધે તે માટે ધ્યાન અપાઈ રહ્યું છે.

**રાષ્ટ્રીય વાંસ મિશનની કેન્દ્રવર્તી વ્યૂહરચના**

- સુધારેલી ટેકનોલોજી વાંસ ઉગાડનાર સમુદાયને પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વિવિધ ફર્ટિલાઈઝર અને રસાયણોનો ઉપયોગ કરીને વાંસની વિવિધ પ્રકારની જાતોનું વાવેતર કરવા માટે નિદર્શન અપાઈ રહ્યું છે.
- વાંસ ટેકનોલોજી પાર્ક સ્થાપવા માટે પ્રોત્સાહન
- જથ્થાબંધ અને છૂટક વેચાણ કેન્દ્રો ઉભા કરવા માટે સહાય કરવી
- ગ્રામ્ય વિસ્તારોમાં વાંસનાં બજારો ઉભાં કરવાં
- પાક લીધા પછી સંગ્રહ અને માવજતની સુવિધા માટે માર્ગદર્શન અપાશે
- થોડીક નવતર પ્રકારની દરમ્યાનગિરીઓ: જેમ કે જેલના કેદીઓ માટે અગરબત્તી સ્ટીક્સનો પ્રોજેકટ મિઝોરમના ઐઝવાલ જીલ્લામાં હાથ ધરવામાં આવ્યો છે.
- વાંસ આધારિત લાંબા ગાળાની રોજગારીના પ્રયાસો ક્લસ્ટર આધારિત અભિગમ હેઠળ હાથ ધરાયા છે.
- પાયાના ઉત્પાદકો અને તેમનાં ફેડરેશનો દ્વારા સંસ્થાકિય માળખુ વિકસાવાયું છે.
- ઉત્તર પૂર્વને દેશમાં વાંસ આધારિત લાંબા ગાળા સુધી કામ આપે તેવું માઈક્રો, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો માટેનું મથક બનાવવુ. આ ક્ષેત્રમાં મજબૂત સંસ્થાકીય સ્વરૂપ દ્વારા તેના સુગ્રથિત માળખાનું નિર્માણ કરવું અને વિવિધ લીકેજ પૂરા પાડવા.

**લેખક યુનાઈટેડ ન્યૂઝ ઓફ ઈન્ડિયા (યુએનઆઈ) ના ખાસ સંવાદદાતા છે અને કૃષિ અર્થતંત્ર, ગ્રામ વિકાસ તથા નોર્થ-ઈસ્ટ ઈન્ડિયા અંગે લેખો લખે છે.**

**E-mail: nirendev1@gmail.com**

# ઉત્તર પૂર્વમાં શાસન સામેના પડકારો

**નરેશ ચંદ્ર સક્સેના**




દેશમાં સમગ્ર રીતે વધી રહેલ વિકાસ દરના અંતરને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે ચાલો આવનારા એક દાયકામાં જ તેને દૂર કરીએ અને ઉત્તર પૂર્વી પ્રદેશોને માત્ર આ પ્રદેશ માટે પૂરાં પાડવામાં આવતા નાણાકીય સ્ત્રોતોના વધારે પ્રવાહની જરૂર નથી પરંતુ શાસન અને વહેંચણીમાં જ મોટા પાયાના સુધારાની જરૂર છે. હવે નાણાકીય સ્ત્રોતોની ઉપલબ્ધતાની વાત નથી રહી, પરંતુ ઉત્તર પૂર્વમાં એવા સંસ્થાનો અને વ્યક્તિઓની સક્ષમતાની છે જે ઉપલબ્ધ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરીને જટિલ અવરોધોને પણ વિકાસમાં પરિવર્તિત કરી શકે.

ઓછી માથા દીઠ આવક, ખાનગી રોકાણોનો અભાવ, ઓછું મૂડી નિર્માણ, અપૂરતી માળખાગત બાંધકામ સુવિધાઓ, ભૌગોલિક અળગાપણું અને ખનીજો, હાઈડ્રો ઉર્જા શક્તિ તથા જંગલો જેવા કુદરતી સંસાધનોનો અપૂરતો ઉપયોગ જેવી લાક્ષણિકતાઓ સાથે જોડાયેલ ઉત્તર પૂર્વ પ્રદેશ (એનઈઆર) એ ભારતના સૌથી પછાત પ્રદેશોમાંનો એક છે. તેની પોતાની કર આવક અને આંતરિક સંસાધનો એટલા અપૂરતા છે કે જે આ પ્રદેશને તદ્દન કેન્દ્રીય સહાય પર નિર્ભર રાખે છે. સ્થાનિક પૈસાદાર લોકો જમીન સંપત્તિમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરે છે અને ઉદ્યોગો સ્થાપવામાં ખચકાય છે કે જેમને એક જોખમ તરીકે જોવામાં આવે છે. અહીં પરિઘ આકારમાં ફેલાયેલા રાજ્યો, ભૂ-ભાગ અને અપૂરતી માળખાગત સુવિધાઓના લીધે ઉદ્યોગોનો વિકાસ રૂંધાયો છે.

જેમ કે આપણે ટેબલ ૧ માં જોઈ શકીએ છીએ કે સિક્કિમ, ત્રિપુરા અને કેટલેક અંશે મિઝોરમ સિવાય અન્ય રાજ્યોએ તેમના આર્થિક વિકાસને સુધારવા માટે બહુ સારું પ્રદર્શન નથી કર્યું. ૧૯૭૦ની શરૂઆત સુધી ભારતની અંદર આસામની સ્થિતિ વધુ સારી હતી. આમ છતાં, ત્યાર પછીના ચાર દાયકાઓ દરમિયાન આ રાજ્ય વધુ સારું પ્રદર્શન કરી શક્યું નહી અને સુચકાંકોમાંથી નીચે ઉતરવા લાગ્યું. જેમ કે આપણે જાણીએ છીએ કે આસામ એ એનઈઆરની વસ્તીનો ૭૦% ટકા ભૂ-ભાગ આવરી લે છે અને કારણ કે તે વિકાસને લગતા લગભગ તમામ સુચકાંકોમાં નબળા રાજ્ય તરીકે સાબિત થયું છે તેના લીધે સમગ્ર પ્રદેશનો એકંદર દેખાવ નીચે જતો જોવા મળ્યો છે.

**Table 1: Per capita NSDP of the NE states at constant 2004-05 prices[1] (Footnotes)[1]**

| | ૨૦૦૫-૦૬ | ૨૦૧૫-૧૬ | annual growth rate ૨૦૦૫-૧૬ |
|---|---|---|---|
| અરૂણાચલ પ્રદેશ | ૨૬૮૭૦ | ૩૯૧૦૭ | ૩.૮૨ |
| આસામ | ૧૭૦૫૦ | ૨૬૪૧૩ | ૪.૪૭ |
| મણીપુર | ૧૯૪૭૯ | ૨૬૩૦૧ | ૩.૦૫ |
| મેઘાલય | ૨૫૬૪૨ | ૩૮૬૦૧ | ૪.૧૮ |
| મિઝોરમ | ૨૫૮૨૬ | ૪૪૭૭૩ | ૫.૬૬ |
| નાગાલેંડ | ૩૩૦૭૨ | ૫૦૩૨૭ | ૪.૨૯ |
| સિક્કિમ | ૨૯૦૦૮ | ૯૨૩૨૮ | ૧૨.૨૭ |
| ત્રિપુરા | ૨૫૬૮૮ | ૫૫૩૨૨ | ૭.૯૭ |
| ભારત | ૨૮૬૩૯ | ૫૨૮૩૩ | ૬.૩૨ |

[1] http://mospi.nic.in/sites/default/files/press_releases_statements/State_wise_SDP_31_03_2017.xls

જો કે ભારત સરકારે ઉત્તર પૂર્વ તરફ વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે તેમ છતાં આપણે એ કઠોર વાસ્તવિકતાને નકારી ન શકીએ કે રાજ્યોએ જાતે પણ તેમના વહીવટને સુધારવાની જરૂર છે. તેમનો સંકલિત વિકાસ ગરીબી નાબુદી સાથે આર્થિક વિકાસ, સામાજિક સુચકાંકોમાં સુધારો અને અસામનતામાં ઘટાડો જેવા સમાન રીતે મહત્વના લક્ષ્યો ઉપર કેન્દ્રિત હોવો જોઈએ અને આ સાથે જ તેમણે એ બાબતની પણ ખાતરી કરવાની છે કે પર્યાવરણને પણ કોઈ નુકસાન ના પહોંચે. આમ છતાં આ પ્રકારની વ્યાપક નીતિઓનું ઉત્તર પૂર્વમાં અમલીકરણ કરવા માટે સુશાસન અને જવાબદાર વહીવટીતંત્રની જરૂર છે કારણ કે તેના સિવાય સારામાં સારી નીતિઓ પણ માત્ર કાગળ ઉપર રહી જશે અથવા પરિણામો સંતોષજનક નહી મળે. કમનસીબે એનઈઆર પ્રદેશમાં રાજ્ય અને જીલ્લા સ્તરે જે શાસન છે તે ખૂબ જ નબળું છે જેણે પોતાની જાતને ફંડના અપૂરતા વપરાશ, નિરીક્ષણનો અભાવ અને મંદ પરિણામો જેવા પરિબળોમાં જકડી રાખો છે. આ એવા મહત્વના પરિબળો છે કે જેઓ તેના વિકાસ અને સામાજિક સૂચકાંકને અવરોધી રહ્યા છે અને જેમને સરખા કરવાની જરૂર છે. કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

**ભંડોળનો ઉપયોગ –** એ બાબત સર્વવિદિત છે કે છૂટ ન મેળવેલ તમામ કેન્દ્રીય મંત્રાલયોએ પ્રતિવર્ષ તેમના વાર્ષિક કુલ બજેટની ફાળવણી (જીબીએ) માંથી ૧૦% ફરજીયાતપણે ઉત્તર પૂર્વ પ્રદેશ માટે ફાળવવા પડે છે. બિન વપરાયેલ રકમને નોન લેપ્સેબલ સેન્ટ્રલ પુલ ઓફ રિસોર્સિસ (એનએલસીપીઆર) તરીકે મોકલી આપવામાં આવે છે. કેટલાક પ્રોજેક્ટ્સ જયારે સમયસર લાગુ કરી દેવામાં આવે છે તો અન્ય કેટલાક પ્રોજેક્ટ્સ વિલંબમાં પડી જાય છે કારણકે તેમના સમયસર તેમના સુધી ભંડોળ પહોંચ્યું જ નથી, આ રાજ્યોની ભંડોળ વાપરવાની ક્ષમતા ખૂબ જ નબળી છે અને નાના કામગીરી સત્રોના કારણે કાર્યોને અવરોધ પહોંચે છે. ઉત્તર પૂર્વ પ્રદેશ વિકાસ મંત્રાલયની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૦૦થી ૨૦૧૦ સુધીમાં એનએલસીપીઆરમાં એકત્રિત થયેલ કુલ ફંડની રકમ ૧૭,૨૧૩ કરોડ રૂપિયા હતી પરંતુ વર્ષ ૨૦૧૧ સુધીમાં ફાળવવામાં આવેલ રકમ માત્ર ૮૭૯૬ કરોડ રૂપિયા હતી કે જે કુલ રકમના માત્ર ૫૦ ટકા છે. આવું એટલા માટે બની શકે છે કારણ કે રાજ્યો વહીવટી મંત્રાલયને યોગ્ય પ્રસ્તાવો મોકલવામાં નિષ્ફળ રહ્યા હોય. એનઆરઈજીએમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આસામ અને મણીપુર (સમગ્ર ઉત્તરપૂર્વના સૌથી ગરીબ રાજ્યો)માં પ્રત્યેક ગ્રામ્ય ગરીબ ઉપર કરવામાં આવેલ ખર્ચો અનુક્રમે માત્ર ૧૬૩૦ રૂપિયા અને ૪૯૫૩ રૂપિયા હતો જયારે કેરાલામાં તે ૧૫,૬૫૭ અને આંધ્ર પ્રદેશમાં (તેલંગાના સહીત) તે ખર્ચ ૧૧,૯૪૨ હતો.

એનઈઆરમાં એડીબી અને વિશ્વ બેંક દ્વારા ફંડ પ્રાપ્ત કરેલ અનેક બાહ્ય પ્રોજેક્ટ્સ એવા છે કે જે અનેક ઔપચારિકતાઓના લીધે પૂરાં નથી થઇ શક્યા અને તેના પરિણામે તે પ્રોજેક્ટ્સમાં સંપૂર્ણ ખર્ચો લાગુ કરવામાં નથી આવ્યો. આવું જ કઈક ભાગ્ય રેલ્વેના પ્રકલ્પોનું પણ છે. રાજ્યો પ્રોજેક્ટ્સ માટે જમીન હસ્તાંતરણ કરવામાં અથવા પ્રોજેક્ટ્સની જમીન માટે જંગલો સાફ કરવા માટે ખર્ચ કરવામાં અસમર્થ રહ્યા છે. ૨૨.૦૭.૨૦૧૫ના રોજ લોકસભામાં એક બિન તારાંકિત પ્રશ્નના જવાબમાં ડોનર મંત્રાલયે એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે પ્રોજેક્ટ્સમાં વિલંબ થવાનું કારણ ફંડની ફાળવણી અને પ્રોજેક્ટ્સની મંજૂરી વચ્ચેના ઓછો સમયગાળો, રાજ્ય સરકાર દ્વારા સમયસર યુટીલાઈઝેશન સર્ટિફિકેટ ન આપવાના કારણે, જમીન સંપાદન અને વનની મંજૂરી, તે સમયના અમલમાં મુકાયેલ કાયદા અને અનુશાસન તેમજ વધુ વરસાદના કારણે માર્યાદિત કામના સત્રો છે.

મણીપુરમાં સ્વચ્છતા કાર્યક્રમ ઉપરના કેગના અહેવાલ (૨૦૧૫ના ૧) અનુસાર આયોજનની પ્રક્રિયામાં ગ્રામ્ય લાભાર્થીઓની માંગ/જરૂરિયાતોની વ્યાપક મુલવણી કરવામાં નથી આવતી. ભરોસાપાત્ર મૂળભૂત માહિતી પણ ઉપલબ્ધ નહોતી. પીઆઈપી (પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન)ને તૈયાર કરવામાં સમુદાયની પણ કોઈ ભાગીદારી જોવા મળી નહોતી. નાણાકીય વ્યવસ્થાપન ખૂબ જ નબળું હતું કે જેના લીધે ફંડની ફાળવણીમાં વિલંબ, રાજ્યના યથોચિત યોગદાનમાં ઓછી ફાળવણી, મોટા ભાગની રકમમાં અવરોધો અને અસ્વીકાર્ય ચૂકવણી તથા નિવારી શકાય તેવા ખર્ચાઓના લીધે ફંડનું લીકેજ જેવી બાબતોમાં પરિણમ્યું. તેમના દ્વારા ન તો લાભાર્થીઓની ઓળખાણ કે ચકાસણી માટેના કોઈ નિયમો હતા અને ન તો શૌચાલયોના નિભાવ માટે હતા.

**એમ એન્ડ ઈ સીસ્ટમમાં સુધારો –** વર્તમાન સમયમાં દરેક સ્તરના અધિકારીઓ માહિતી એકઠી કરવામાં અને જમા કરાવવામાં બહોળો સમય વાપરી રહ્યા છે પરંતુ તેનો ઉપયોગ સાચા અને ઉપચારાત્મક અમલીકરણ કે સમીક્ષા માટે નથી કરવામાં આવતો, તેના બદલે તેનો ઉપયોગ માત્ર તેમનાથી ઉચ્ચ સ્તર સુધી તે માહિતી પહોંચાડવા માટે અથવા તો સંસદના પ્રશ્નોનો ઉત્તર આપવા માટે કરવામાં આવે છે. વળી, જે માહિતી એકઠી કરવામાં આવે છે તેની સામાન્ય રીતે કોઈ પ્રકારની નિયમિત તપાસ કરવામાં નથી આવતી. તેમની સચ્ચાઈની ખરાઈ કરવામાં લગભગ તમામ મંત્રાલયો નિષ્ફળ નીવડ્યા છે અને તેમાં મોટાભાગે જવાબદારી પૂર્ણ પ્રક્રિયાનો સદંતર અભાવ જોવા મળે છે.

ઉદાહરણ તરીકે, રાજ્ય સરકારોના જણાવ્યા અનુસાર ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ગંભીર રીતે કુપોષિત બાળકોની ટકાવારી ૧% કરતા પણ ઓછી છે, જયારે યુનિસેફ દ્વારા કરવામાં આવેલ સ્વતંત્ર ચકાસણીના અહેવાલમાં આ ટકાવારી ખાસ્સી ઉંચી જોવા

મળે છે જેમાં મણીપુરમાં તે ૩.૫ ટકાથી લઈને મેઘાલય અને ત્રિપુરામાં તો આશરે ૧૬% જેટલી નોંધવામાં આવી છે.

**ટેબલ ૨:** ગંભીર રીતે ઓછું વજન ધરાવતા બાળકોના ટકાઃ સરકારી આંકડા (માર્ચ ૨૦૧૪) સામે યુનિસેફના તારણો

**Table 2: % of severely underweight children: government data (March 2014) vs UNICEF findings**

| | સરકારી આંકડાઓ અનુસાર | યુનિસેફના જણાવ્યા અનુસાર |
|---|---|---|
| અરૂણાચલ પ્રદેશ | ૦.૦૦ | ૧૩.૩૦ |
| આસામ | ૦.૮૬ | ૭.૦૦ |
| મણીપુર | ૦.૦૨ | ૩.૫૦ |
| મેઘાલય | ૦.૧૪ | ૧૬.૦૦ |
| મિઝોરમ | ૦.૩૧ | ૬.૨૦ |
| નાગાલેંડ | ૦.૨૦ | ૭.૯૦ |
| સિક્કિમ | ૦.૦૭ | ૬.૫૦ |
| ત્રિપુરા | ૦.૨૫ | ૧૬.૮૦ |
| ભારત | ૧.૬૧ | ૯.૪૦ |

http://icds-wcd.nic.in/Qpr0314forwebsite23092014 qpr0314nutritionalstatusofchildren.pdf

આ બંને આંકડાઓ વચ્ચે સમાધાન લાવવાની તાતી જરૂરિયાત છે. ઉપરાંત સુધારા પ્રક્રિયાઓની જરૂર છે જેથી કરીને ભરવામાં આવેલ માહિતી પ્રમાણભૂત, ભરોસાપાત્ર અને મૂલ્યાંકન કરેલ માહિતી સાથે મેળ ખાતી હોય. એવું જોવા મળે છે કે જાણે રાજ્ય સરકારો જીલ્લાઓમાંથી ઉપજાવી કાઢેલ માહિતીઓને સક્રિયપણે પ્રોત્સાહન આપે છે, જે આખરે દેખરેખની પ્રક્રિયાને બેઅસર અને જવાબદારીને અર્થવિહીન બનાવે છે.

**ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન –** 'ઈ-ગવર્નન્સ' એ સરકારને વધુ સુલભ, અસરકારક અને જવાબદેહ બનાવી તેનામાં પરિવર્તન લાવવા માટે ઇન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટૅક્નોલોજી (આઈસીટી)નો કરવામાં આવતો ઉપયોગ છે. ઈ-ગવર્નન્સ એ પારદર્શકતાને પ્રોત્સાહન આપી, અંતર તેમજ અન્ય અવરોધોને દૂર કરી અને રાજકીય પ્રક્રિયાઓ કે જે લોકોને તેમના જીવનમાં અસર કરે છે તેમાં તેમને સહભાગી બનાવવા સશક્ત કરવા માટે ટૅક્નોલોજીનો ઉપયોગ કરે છે. જયારે ઈ-ગવર્નન્સ એ તમામ નાગરિકોના જીવનમાં તમામ લાભો લાવવા માટેની વિશાળ ક્ષમતા ધરાવે છે તો તેની સામે ઈ-ગવર્નન્સ અંગેનું જ્ઞાન એ મોટાભાગે શિક્ષિત અને વ્યાવસાયિક જૂથો પુરતું જ મર્યાદિત રહી ગયું છે. મોટાભાગના નાગરિકો હજુ પણ તેના સક્ષમ ફાયદાઓથી અપરિચિત છે.

વર્ષ ૨૦૧૪ના આસામ ઉપરના એક વિશ્વ બેંકના અહેવાલ (નંઃ ACS૨૭૪૦) માં જણાવવામાં આવ્યું હતું કે તેમાં એક સર્વગ્રાહી આઈસીટી પ્લાનની ગેરહાજરી જોવા મળી હતી અને તેમાં મજબૂત અને સહાયક આઈસીટી માળખાગત બાંધકામ સહિત સેવાઓ પહોંચાડવા માટે કોઈ સામાન્ય માળખું નહોતું. એક સામાન્ય આઈસીટી પ્લાન આ બાબતોને ધ્યાનમાં રાખીને ઘડી શકાય; જેમ કે વારસાઈ મુદ્દાઓ, માળખાગત બાંધકામમાં અવરોધો, સમસ્તરીય જોડાણો, વિશાળ ક્ષેત્ર ધરાવતું નેટવર્ક અને ડેટા સેન્ટર, આઈસીટીનું મજબૂતીકરણ, ધોરણો અને આંતરપ્રક્રિયા; અને ભવિષ્યનો વિકાસ તથા ટૅક્નોલોજી અને તેના ઉપયોગના સંદર્ભમાં માપનિયતા. દરેક વિભાગે એક આઈસીટી પ્લાન બનાવવો જરૂરી હોવો જોઈએ જેમાં સેવાઓ, પાછળની જરૂરિયાતો, સમસ્તરીય જોડાણોની જરૂરિયાતો, ક્ષમતાઓ વગેરેનો સમાવેશ થતો હોય અને આ માટે તેઓ કેન્દ્ર સરકારની એપ્લિકેશનમાંથી પણ પ્રેરણા મેળવી તેનો સ્વીકાર કરી શકે છે અને તે તેમને વધુ ચોકસાઈ અને વધુ સારી જવાબદારી નિભાવવામાં મદદરૂપ બનશે.

એ જ રીતે નાગાલેંડ ઉપરના રાષ્ટ્રીય આરોગ્ય મિશનની પ્રગતિ ઉપરના ૧૦માં સામાન્ય સમીક્ષા મિશન (૨૦૧૭)ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્ય માટેનું આઈટી માળખું ખૂબ જ નબળું છે. રાજ્યમાં કોઈપણ પ્રકારની ટેલીમેડીસીન કે એમ-હેલ્થ પહેલોને જાહેર કરવામાં નથી આવી. ઉપરાંત રાજયમાં આરસીએચ (રીપ્રોડકટિવ એન્ડ ચાઈલ્ડ હેલ્થ) પર આધારિત કોઈપણ વર્ક પ્લાન રજીસ્ટર તૈયાર કરવામાં નથી આવ્યા. સંશોધન કરનાર વહીવટીતંત્રને કમ્પ્યૂટરાઈઝડ કરવામાં નથી આવ્યું અને એએનએમ દ્વારા લાભાર્થીઓની તપાસ ખૂબ જ નબળી છે. ઉપલબ્ધ આઈટી માળખાગત સુવિધાઓને મુશ્કેલીભર્યા વિસ્તારો, ભૌતિક જોડાણો અને ફોન તથા ઈન્ટરનેટના નબળા નેટવર્કના કારણે ઉપયોગમાં નહોતી લઈ શકાતી. કારણ કે ખાતાઓને બરાબર રીતે કમ્પ્યૂટરાઈઝડ નહોતા કરવામાં આવ્યા, તેના કારણે ત્રિપુરાના ધલાઈ જીલ્લામાં આશા વર્કર બહેનોને આપવામાં આવતા કમિશનના પેમેન્ટમાં એક વર્ષથી વધુ સમયનો ભરાવો થઈ ગયો હતો.

જયારે ભારતમાં ઘણા રાજયો લક્ષિત જાહેર વિતરણ સેવાઓ (ટીપીડીએસ)ના માધ્યમથી અનાજના વિતરણમાં એન્ડ ટુ એન્ડ કંમ્પ્યૂટરાઈઝેશનનો લાભ મેળવી રહ્યા હતા ત્યારે મંત્રાલય (પસંદ કરાયેલ રાજયોમાં લક્ષિત જાહેર વિતરણ સેવાઓનો મૂલ્યાંકન અભ્યાસ, એનસીએઈઆર સપ્ટેમ્બર, ૨૦૧૫) દ્વારા જાહેર કરવામાં આવેલ છ રાજયો, આસામ, બિહાર, છતીસગઢ, કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ટીપીડીએસના તુલનાત્મક અભ્યાસમાં નીચે મુજબની બાબતોનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

- છતીસગઢમાં લાભ માટે લાયક તમામ પરિવારોનો ૨ ટકા જેટલી સૌથી ઓછી એક્સક્લુઝન એરર હતી, જયારે આસામમાં સૌથી વધુ ૭૧ હતી.
- સૌથી ઓછું લીકેજ છતીસગઢમાં હતું અને ત્યારબાદ બિહારમાં જોવા મળ્યું. તે આસામ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં તુલનાત્મક રીતે વધુ જોવા મળ્યું.
- આસામમાં જાગૃતિ અને ચકાસણી તદ્દન ઓછી છે.
- આસામમાં, લોકોએ બીપીએલ કાર્ડ મેળવવા માટે ૩૦૦૦ રૂપિયા સુધી ભર્યા છે. જયારે છતીસગઢમાં આ રકમ સાવ નગણ્ય છે.
- કાચર અને બોન્ગાઈગાવમાં કાર્ડધારકોને ક્યારેય તેમનો પુરતો અનાજનો જથ્થો નથી મળ્યો કારણ કે એફપીએસ ડીલરો પ્રત્યેક કાર્ડ દીઠ ૩ થી ૪ કિલો કાપી લે છે. ડીલરોએ એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે તે વાત સાચી છે. તેમણે આ બાબતને સાચી ઠેરવવા માટે એવું જણાવ્યું કે આ કપાતને ટ્રાન્સપોર્ટની કિંમત તરીકે કાપવામાં આવે છે કે જે સરકાર દ્વારા ક્યારેય ચુકવાતી નથી.

**અનાવશ્યક અમલદારશાહી –** જયારે ઉપર ચર્ચા કરવામાં આવેલ શાસનને લગતી કેટલીક ત્રુટીઓ ઘણા રાજયોમાં એકસમાન છે, ત્યારે એનઈઆરમાં બે ચોક્કસ મર્યાદાઓ પણ છે. પહેલી, ઉત્તર પૂર્વી રાજ્યોનો બિન આયોજિત ખર્ચો ગ્રુપ સી અને ડી સ્ટાફ, જેમ કે ક્લાર્ક, પટાવાળા વગેરે કે જેમની હાલના સમયમાં જરૂરિયાત નથી તેમની વિશાળ હાજરીના કારણે ખૂબ જ વધારે છે. આના લીધે ઉત્તર પૂર્વીય રાજ્યોને કેન્દ્રનું ઉદાર ભંડોળ મળવા છતાં આયોજિત ખર્ચ માટે પૂરતું ભંડોળ મળતું નથી. ઉદાહરણ તરીકે, ખાસ કરીને આસામમાં રહેલ વધારે વેતનના બોજના લીધે આસામનો વર્ષ ૨૦૧૪-૧૫નો માથાદીઠ આઉટલે પ્લાન ૫૭૭૫ રૂપિયા હતો, જયારે તેટલી જ સંકુચિત વસ્તી ધરાવતા છતીસગઢનો આઉટલે પ્લાન ૧૨,૮૦૭ રૂપિયા હતો. બંને રાજ્યોની સરખામણી નીચે કરવામાં આવી છે.

ટેબલ ૩: આસામ વિ. છતીસગઢ

**Table 3: Assam vs Chhattisgarh**

| | આસામ | છતીસગઢ |
|---|---|---|
| વિસ્તાર (૦૦૦ સ્કે.કિ.મી.) | ૧૩૫ | ૭૮.૪ |
| વસ્તી (કરોડમાં) | ૩.૧૨ | ૨.૫૫ |
| ટકાવારી ગરીબી રેખા નીચે (૨૦૧૧-૧૨) | ૩૨% | ૪૦% |
| ૨૦૧૫-૧૬માં નાણા પંચ સોંપણી રૂપિયા કરોડમાં | ૧૭,૪૦૧ | ૧૩,૪૯૦ |
| પ્લાન આઉટલે ૨૦૧૪-૧૫ રૂપિયા કરોડમાં | ૧૮,૦૦૦ | ૩૨,૭૧૦ |
| ૨૦૧૪-૧૫ માટે માથાદીઠ આઉટલે પ્લાન | ૫,૭૭૫ | ૧૨,૮૦૭ |
| સરકારી કર્મચારીઓની સંખ્યા | ૩૧૬ | ૧૨૨ |

આમ ઉત્તર પૂર્વી રાજ્યોમાં જાહેર વહીવટ એ અનેક એવા નિષ્ક્રિય કર્મચારીઓ ધરાવે છે કે જે સહાયક કર્મચારીનો વધારે પડતો ભરાવો, નબળા કર્મચારીઓને લગતા નિયમો અને અસંતુલિત વેતન બીલો જેવી જાહેર વહીવટની અચોકસાઈમાં તેમનું યોગદાન આપે છે. સરકારી કર્મચારીઓની કુલ સંખ્યા કરતા અનેકગણો વધારે એવો સ્ટાફ છે કે જે ક્લાર્ક, પટાવાળા અને ડ્રાઈવરના બિનઉત્પાદક અને અયોગ્ય સ્ટાફ ધરાવે છે. તે જ રીતે નર્સ, ડોક્ટર, શિક્ષકો, ન્યાયાધીશ અને પોલીસ જેવા સામાજિક ક્ષેત્રના મહત્વના સ્ટાફમાં તંગી યથાવત રહે છે. વિભાગોની અંદર અને બહાર વિધેયોની નકલ અને એકબીજા ઉપર આવરણ, નબળી રીતે તૈયાર કરવામાં આવેલ સીસ્ટમ અને પ્રક્રિયાઓ, મંદ માનવ સંસાધન વ્યવસ્થાપન, અને અપૂરતા પ્રોત્સાહનોથી ભરેલા અસંતુલિત સંસ્થાનના સંયોજને સરકારની કેન્દ્રીય પ્રણાલીઓને ચોકસાઈપૂર્ણ રીતે આગળ વધારવા માટેની ક્ષમતાને નબળી બનાવી દીધી છે.

એનઈઆરમાં અન્ય એક વિચિત્ર સમસ્યા જોવા મળે છે તે છે 'બંધ'ની સંસ્કૃતિ જે આસામ, મણીપુર અને નાગાલેંડમાં મોટા પાયે ફેલાયેલ છે કે જે વ્યક્તિગત હકોના




ખ્યાલથી તદ્દન વિપરીત છે. સ્થાનિક શાસનના માળખાની અસરકારકતા ઉપર તે એક ડાઘ છે અને અંતે કહીએ તો સંપૂર્ણ રીતે ગેરબંધારણીય છે. આસામમાં બંધની પરિસ્થિતિના લીધે સમગ્ર ઉત્તર પૂર્વમાં પરિવર્તિત અસરો જોવા મળે છે કારણ કે ચોખા, દાળ, દવાઓ, શાકભાજીઓ, મરઘા વગેરે તમામ પાયાની ચીજવસ્તુઓ રેલ કે રોડ દ્વારા આસામમાંથી જ આવે છે. આથી જ સમય પાકી ગયો છે કે આસામ, મણીપુર અને નાગાલેંડના નાગરિકો સશસ્ત્ર દળો કે જેઓ નિશ્ચિતપણે તેમની પોતાની જાતને જ દર્શાવે છે તેમના દ્વારા લાગુ કરવામાં આવતા બંધની નકરાત્મક સંસ્કૃતિ વિરુદ્ધ અવાજ ઉઠાવે અને તેમની ભવિષ્યની પેઢી માટે પ્રગતિશીલ અને શાંતિપૂર્ણ જીવન પ્રાપ્ત કરવા તેમની રાજ્ય સરકારોને નબળા શાસન માટે જવાબદાર ઠેરવે.[૨]

અંતમાં

દેશમાં સમગ્ર રીતે વધી રહેલ વિકાસ દરના અંતરને નોંધપાત્ર રીતે ઘટાડવા માટે ચાલો આવનારા એક દાયકામાં જ તેને દૂર કરીએ અને ઉત્તર પૂર્વી પ્રદેશોને માત્ર આ પ્રદેશ માટે પૂરાં પાડવામાં આવતા નાણાકીય સ્ત્રોતોના વધારે પ્રવાહની જરૂર નથી પરંતુ શાસન અને વહેંચણીમાં જ મોટા પાયાના સુધારાની જરૂર છે. હવે નાણાકીય સ્ત્રોતોની ઉપલબ્ધતાની વાત નથી રહી, પરંતુ ઉત્તર પૂર્વમાં એવા સંસ્થાનો અને વ્યક્તિઓની સક્ષમતાની છે જે ઉપલબ્ધ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરીને જટિલ અવરોધોને પણ વિકાસમાં પરિવર્તિત કરી શકે. આની સામે લડવા માટે, શાસનના તમામ સ્તરોમાં સમગ્ર દેશમાંથી તેમજ ઉત્તર પૂર્વના અંદરના હિસ્સામાંથી ટૅક્નિકલ સહાયનો ઉમેરો કરવાની જરૂર છે. સંસ્થાગત નિર્માણમાં રાજયના વિભાગો અને સંસ્થાઓને મજબૂત બનાવવા તેમજ સાથે સાથે નાગરિક સમાજ અને રાજ્ય સરકારો વચ્ચે ફળદાયી ભાગીદારીનું નિર્માણ કરવાની જરૂર છે. આ એવા ક્ષેત્રો છે કે જ્યાં ભારત સરકારઆવનારા ભવિષ્યમાં ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કરે.

મજબૂતપણે નિર્ધારિત લક્ષ્યાંકો, સ્પષ્ટ પરિણામો, વ્યૂહનીતિઓ અને પ્રદેશ માટે સમગ્રતયા સંકલિત આયોજનો સાથે, ઉત્તર પૂર્વને સ્વનિર્ભર અને દેશના અર્થતંત્રમાં અને સરકારી તિજોરીમાં હકારાત્મક યોગદાન કરનાર પ્રદેશ તરીકે સ્થાપિત કરી શકાય તેમ છે. પ્રક્રિયાનો એકવાર પ્રારંભ કરવો એ આવશ્યક જરૂરિયાત છે. સુશાસન એ સચોટતા, પારદર્શકતા અને જવાબદારી માંગે છે. તે નીતિ અને શાસન પ્રણાલી બંનેની બાબત છે. સામાજિક તપાસણી દ્વારા લાગુ કરવામાં આવેલ અસરકારક સત્તા સોંપણી નોંધપાત્ર રીતે ગ્રામ્યવિસ્તારના સ્તરે જાગૃતિ અને તકેદારીને મજબુત કરશે અને આશાસ્પદ રીતે ધીમે ધીમે શાસનના ઉચ્ચ સોપાનોને અસર કરશે. સમાન રીતે ક્ષમતા નિર્માણનું અને સંસ્થા નિર્માણના મહત્વની ઉપર વધારે ભાર ન મૂકી શકાય.

**Footnote :**

**2) https://idsa.in/idsacomments/The Culture of Bandhsandthe Absenceof Local Governanceinthe Northeast_ngoswami_251110**

**લેખક આયોજન પંચમાં સચિવ પદે હતા અને ભારત સરકારના વિવિધ મંત્રાલયોમાં સચિવ તરીકે કામગીરી બજાવી ચૂક્યા છે. તેમણે 'મહિલાઓના જમીનના હક્કો', 'ગરીબ પરિવારોની ઓળખ', 'જંગલ અધિકારોના કાયદાઓનું અમલીકરણ', 'પ્રાથમિક શિક્ષણ અંગે સંયુક્ત સમીક્ષા મિશન' અને 'ઓરિસ્સામાં બોક્સાઈટ માઈનીંગ' જેવી વિવિધ સરકારી સમિતિઓમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે કેટલાક પુસ્તકો અને લેખો લખ્યા છે.**

**E-mail:naresh.saxena@gmail.com**

# ઉત્તર પૂર્વમાં કૌશલ્ય વિકાસ

ઈબુ સંજીબ ગર્ગ



આજે જયારે દેશભરમાં કૌશલ્ય વિકાસનું મહત્વ વધ્યું છે ત્યારે દેશનાં ઉત્તર પૂર્વના રાજયોમાં એની પરિસ્થિતિ જાણવાનું ખરેખર રસપ્રદ બની રહે છે. ગણતરીના છેલ્લાં કેટલાક વર્ષોમાં દેશની શાસન વ્યવસ્થામાં આ રાજયોએ ઘણું મહત્વ મેળવ્યુ છે. ઉત્તર પૂર્વનું ''નૂતન ભારતના નવા એન્જિન'' તરીકે કરાયેલું રીબ્રાન્ડિંગ આજે ઉત્તર પૂર્વને ભારતમાં અપાયેલા પ્રાધાન્યનો પુરાવો પૂરો પાડે છે.

એકવીસમી સદીની આર્થિક વ્યવસ્થાએ આર્થિક મૂડી તેમજ એક રાષ્ટ્રની તાકાત વિશે વ્યાખ્યા કરવાનો નવો રાહ તેમજ એક નવી આર્થિક સમજૂતીની દિશા ઉઘાડી છે. આ આર્થિક તાકાતનું એક મહત્વનું ઘટક, એક રાષ્ટ્રના વસ્તી વિષયક માળખાનો લાભ છે. આ વસ્તી વિષયક લાભ કે વિશેષતાની વ્યાખ્યા, ''દેશની કુલ વસ્તીની સરખામણીએ એની કામ કરતી વસ્તી (૧૫-૬૪ વર્ષ) ની ટકાવારીમાં ઝડપી વધારો થતાં રાષ્ટ્રના વિકાસની સંભવિત તાકાતમાં થઈ શકે એવો વધારો'' એ મુજબ કરવામાં આવી છે. છેલ્લા બે દાયકાથી અન્ય દેશોમાં કામ કરતી વસ્તીની ટકાવારી ઘટી છે જયારે ભારતમાં એ વધતી જાય છે. દુનિયાભરના અર્થશાસ્ત્રીઓએ આ બાબતને ભારતનો વસ્તી વિષયક લાભ ગણાવ્યો છે અને આગામી દાયકામાં ભારતને પાંચ ટ્રિલીયન ડોલરના અર્થકારણનો દેશ બનાવવામાં એક ચાવીરૂપ પરિબળ ગણાવ્યું છે.

આ લક્ષ્ય નજર સમક્ષ રાખીને, ભારત માટે એના વસ્તી વિષયક લાભનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા એની કામ કરતી વસ્તીને સુસજ્જ કરવાનું જરુરી બન્યું છે. અને અહીં કૌશલ્ય વિકાસનો મહત્વનો વિચાર અગત્યની ભૂમિકા ભજવે છે. કૌશલ્ય વિકાસની યોજનાઓના સામાન્ય ધોરણો મુજબ ભારત સરકારે ૧૫મી જુલાઈ ૨૦૧૫ ના રોજ કોઈપણ સરકારી યોજનાના હેતુ સંબંધમાં કૌશલ્ય વિકાસની વ્યાખ્યા જાહેર કરી છે. આ મુજબ કોઈપણ ચોક્કસ વિસ્તાર કે ક્ષેત્રની માગ અનુસારની કૌશલ્યની તાલીમની પ્રવૃત્તિ જે રોજગારી અવા કોઈપણ પરિણામલક્ષી પ્રવૃત્તિ તરફ દોરી જાય, જે તાલીમ મેળવનારને એવું કૌશલ્ય મેળવવા શક્તિમાન બનાવે કે જે કૌશલ્યને એના યોગ્ય મૂલ્યાંકન પછી એક સ્વતંત્ર થર્ડ પાર્ટી એજન્સીએ પ્રામાણિત કર્યું હોય, અને જે કૌશલ્ય મેળવનાર વ્યક્તિને એની કમાણીમાં વધારો કરે અને - અથવા કામકાજની વધુ સારી પરિસ્થિતિ તરફ દોરી જાય એવું વેતન કે સ્વરોજગારી મેળવવા સુસજ્જ કરે. વળી આવું કૌશલ્ય કે એની તાલીમ મેળવનાર વ્યક્તિ એના બળે અવિધિસરના ક્ષેત્રમાંથી વિધિસરના ક્ષેત્રમાં નોકરી મેળવી શકે છે અથવા ઉચ્ચતર શિક્ષણ - તાલીમ મેળવી શકે છે. કૌશલ્ય વિકાસ એટલે કોઈપણ વ્યક્તિને કોઈ એક ચોક્કસ ક્ષેત્રમાં એવી તાલિમ પૂરી પાડવી કે જેથી એ એના જ્ઞાન અને કૌશલ્યના સ્તરને અનુરૂપ એવા યોગ્ય

દરજ્જાની નોકરી કે કામ મેળવી શકે.

છેલ્લાં દસ વર્ષોમાં કેન્દ્રમાંની તમામ સરકારોએ કૌશલ્ય વિકાસને આર્થિક વિકાસના એક અત્યંત મહત્વના ઘટક તરીકે અગ્રતાક્રમ આપ્યો છે. આજે કેન્દ્રમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતાનું એક સંપૂર્ણ અલાયદું મંત્રાલય દેશમાં કૌશલ્ય વિકાસની ઝડપ અને દિશાનું નિયંત્રણ કરે છે જ્યારે રાજયોની સપાટીએ આજ પ્રકારના કેન્દ્રીય માળખાં ઉભા કરાયાં છે તથા રાજય સ્તરના કૌશલ્ય વિકાસ મિશનની પણ રચના કરવામાં આવી છે.

આજે જયારે દેશભરમાં કૌશલ્ય વિકાસનું મહત્વ વધ્યું છે ત્યારે દેશનાં ઉત્તર પૂર્વના રાજયોમાં એની પરિસ્થિતિ જાણવાનું ખરેખર રસપ્રદ બની રહે છે. ગણતરીના છેલ્લાં કેટલાક વર્ષોમાં દેશની શાસન વ્યવસ્થામાં આ રાજયોએ ઘણું મહત્વ મેળવ્યુ છે. ઉત્તર પૂર્વનું "નૂતન ભારતના નવા એન્જિન" તરીકે કરાયેલું રીબ્રાન્ડિંગ આજે ઉત્તર પૂર્વને ભારતમાં અપાયેલા પ્રાધાન્યનો પુરાવો પૂરો પાડે છે. આ પ્રદેશમાં કૌશલ્ય વિકાસની આગેકૂચ આ પ્રદેશને અપાયેલું વિશેષ મહત્વ છતું કરે છે.

અરૂણાચલ પ્રદેશમાં તાજેતરમાં રાજય સરકારે રાજયમાં કૌશલ્ય વિકાસનો પાયો મજબૂત કરવા જરૂરી પ્રારંભિક કે પાયાની કામગીરીનું માળખું તૈયાર કરવા એક અભ્યાસ હાથ ધરવા માટે સંકલન કર્યુ છે. સરકારે પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાના ઉપક્રમે ૮૭૦૦૦ યુવકોને નોકરીની ગેરંટીનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક એની નજર સમક્ષ રાખ્યો છે. વધુમાં ૨૦૧૮-૧૯ માં ચાર નવી આઈટીઆઈ ઉભી કરવાનું લક્ષ્ય રખાયું છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા વિભાગે અરૂણાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં ગ્રામીણ કૌશલ્ય વિકાસ તાલીમ કેન્દ્રો ખોલવાની જાહેરાત કરી છે, જે જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી ઉભા થશે. એક અજોડ એવી કૌશલ્ય વિકાસ યુનિવર્સિટી સ્થાપવાના ચક્રો ગતિમાન થઈ ચૂકયા છે જયારે તવાંગમાં દેશનાં સૌપ્રથમ એવા ઘેર બેઠા કૌશલ્ય વિકાસ કાર્યક્રમના શ્રી ગણેશ થઈ ચૂકયા છે.

આસામમાં રોજગાર નિર્માણ મિશન તેમજ આસામ રાજય આજીવિકા મિશન અને રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન મારફત કૌશલ્ય વિકાસ તાલીમ પૂરી પાડવામાં આવે છે. આ યોજનાઓને છેલ્લાં કેટલાક વર્ષોમાં નોંધપાત્ર સફળતા મળી છે. રાજયભરમાંના રોજગાર કેન્દ્રોને કૌશલ્ય વિકાસ કેન્દ્રોમાં ફેરવી નાખવાની જાહેરાત ગયા વર્ષના અંત ભાગમાં કરવામાં આવી હતી. આસામમાં કૌશલ્ય વિકાસની સફળતાની ગાથાને આગળ ધપાવવા તાજેતરમાં જ આસામમાં કૌશલ્ય વિકાસ વિભાગની રચના કરવામાં આવી છે. આસામ સરકારે વધુ ૩ લાખ યુવકોને ગણતરીના વર્ષોમાં કૌશલ્ય વિકાસની તાલીમ પૂરી પાડવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નજર સમક્ષ રાખ્યો છે. આસામ દેશના એવા સૌ પ્રથમ રાજયોમાંનું એક રાજય છે જેણે જેલમાંના કેદીઓને કૌશલ્ય વિકાસની તાલીમ આપવા એક અજોડ એવી "કારાઘોર પોરા કારીઘોર યોજના" શરૂ કરી છે, જે કેદીઓને કૌશલ્ય વિકાસ તાલીમ પૂરી પાડે છે, કે જેથી તેઓ જેલવાસ પછી સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરે ત્યારે સમાજમાં અર્થપૂર્ણ ફાળો આપી શકે. વધુમાં રાજય સરકારે સીસ્કો અને ડાબર જેવી કંપનીઓ સાથે ભાગીદારીમાં કૌશલ્ય વિકાસ કાર્યક્રમો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે જે ભવિષ્યમાં નિશ્ચિતપણે ઘણાં લાભકારક બનશે.

મણિપુર સરકારે વિવિધ વર્તુળોના સહયોગથી કૌશલ્ય વિકાસ ની પ્રવૃત્તિને રાજયમાં આગળ ધપાવવા સંખ્યાબંધ સમિતિઓની રચના કરી છે. રાજય સરકારે તાજેતરમાં પ્રત્યેક કુટુંબમાં એક વ્યક્તિને નોકરી આપવાના ઉદ્દેશ સાથે કુલ દોઢ લાખ લોકોને રોજી પુરી પાડવાનો લક્ષ્યાંક જાહેર કર્યો છે. રાજયમાં ૪૦ કોલેજોમાં વ્યાવસાયિક કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો શરુ કરવામાં આવ્યા છે. રાજય સરકારે આદિવાસી સ્ત્રીઓ અને શસ્ત્રો છોડી સરકારને શરણે આવેલા ઉગ્રવાદીઓને કૌશલ્ય વિકાસની તાલીમ પૂરી પાડવા ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે.

મેઘાલયમાં રાજયની કૌશલ્ય વિકાસ મંડળીએ એના પ્રથમ તબક્કાના કાર્યક્રમમાં ૭૭૦૦ યુવકોને કૌશલ્ય વિકાસની તાલીમ પૂરી પાડી છે અને એમને વિવિધ ક્ષેત્રો અને ઉદ્યોગોમાં રોજગારી પૂરી પાડવાની ખાતરી આપી છે. દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજનાનું ધ્યેય ગ્રામીણ યુવકોને તાલીમસજ્જ કરી એમને રોજગારી મળી રહે એ જોવાનું છે. આ યોજના હેઠળ મેઘાલયની સરકારે પણ પ્રવાસન, ઓટોમોબાઇલ મિકેનિક અને હાઉસકિપિંગ સહિત કેટલાક ગણતરીના ક્ષેત્રોને પણ આવરી લેવાનું નક્કી કર્યુ છે.

મિઝોરમ અને નાગાલેન્ડની સરકારોએ એમની કૌશલ્ય વિકાસ યોજનાઓ અને એના લક્ષ્યનું સમગ્ર દેશની કૌશલ્ય વિકાસ યોજનાઓના લક્ષ્ય સાથે સંકલન કર્યુ છે. ત્રિપુરાએ રાજયમાં

કૌશલ્ય વિકાસને વેગ આપવા એક અલગ રાજ્ય કૌશલ્ય વિકાસ મિશનની રચના કરી છે.

સિક્કિમે રાજયમાં આજીવિકા શાળા શરુ કરી છે જેમાં યુવકોને કલાકારીગરી અંગે તાલીમ પૂરી પાડવાની સાથોસાથ વિભિન્ન ક્ષેત્રોનું કૌશલ્ય શીખવાડવામાં આવે છે. સિક્કિમમાં આજીવિકાની શાળાઓની કામગીરી ઘણી સારી રહી છે. વાસ્તવમાં આ શાળાઓએ રાજયમાં હસ્ત કલાકારીગરી ઉદ્યોગને નવું જીવન બક્ષ્યું છે. ધી એડુવર્ક જાપાન સેન્ટર ઓફ એક્સલન્સે સિક્કિમાં એનું પ્રથમ કૌશલ્ય વિકાસ કેન્દ્ર શરૂ કર્યું છે.

આમ એટલું તો સ્પષ્ટ છે કે ઉત્તર પૂર્વમાં કૌશલ્ય વિકાસની તાલીમની પ્રવૃત્તિઓમાં વેગ આવ્યો છે. પરંતુ હજી પણ એના માર્ગમાં પડકારો રહેલા છે. આથી આ પ્રવૃત્તિનો વેગ ચાલુ રાખી એને વધુ ઝડપ બક્ષવા નવા પગલાં શોધી કાઢવાની તાકીદની જરૂરિયાત છે, કે જેથી કૌશલ્ય વિકાસ મિશનના ધ્યેય સિદ્ધ થઈ શકે. આ માટેના સૌ પ્રથમ પગલાંમાં, પ્રત્યેક રાજયમાંના કૌશલ્યનો સર્વગ્રાહી ડેટા તૈયાર કરી શકાય. આ દરમ્યાન જે તે ચોક્કસ વિસ્તારમાંના પરંપરાગત જ્ઞાન - જાણકારીને કોઈક કૌશલ્યના રૂપમાં વિકસાવી એને રોજગારલક્ષી બનાવી શકાય. આમ જે તે વિસ્તારમાંના કૌશલ્યનો ડેટા એકત્ર કરી સંબંધિત વિસ્તારની જરૂરિયાતોને લક્ષમાં રાખવાથી સ્થાનિક યુવકો માટે અર્થપૂર્ણ રોજગારી સુનિશ્ચિત કરી રોજગારી માટે એમનો શહેરી વિસ્તારો તરફનો ઝડપી પ્રવાહ રોકી શકાય.

આસામ સરકારે આ સંબંધમાં એક નકશો અને માળખું તૈયાર કર્યું છે. ઉદાહરણરૂપે જોઈએ તો, રાજયનો બારપેટા જિલ્લો જે પરંપરાગત રીતે સ્થાનિક ફટાકડા - દારૂખાનું તથા ધાતુની હાથ બનાવટો માટે વિખ્યાત છે એ જિલ્લામાં આ ક્ષેત્રોની જાણકારી અને તાલીમ પૂરી પાડતી આઈટીઆઈ અને અન્ય સંસ્થાઓ જે આવી સંસ્થાઓના અભ્યાસક્રમને તાલીમ સજ્જ યુવકોને રોજગાર માટે તૈયાર કરે એ રીતનું નવું સ્વરૂપ આપી શકાય. આની સાથોસાથ આવા વિસ્તારોમાં કલસ્ટર એટલે કે ઝૂમખાં કે જૂથના રૂપમાં સૂક્ષ્મ લઘુ અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમો વિકસાવવા પ્રોત્સાહન પૂરું પાડી શકાય. આવી ઈકો સીસ્ટમ કૌશલ્ય વિકાસ ને અંતિમ તબક્કે રોજગારલક્ષી બનાવવાનું સુનિશ્ચિત કરી શકે. આજ પ્રકારના મોડેલ કુંભારકામ તથા સિતલ પત્તીકામ માટે સુવિખ્યાત કાચાર જિલ્લામાં વિકસાવી શકાય. સોનીતપુર જિલ્લાને ચોખા છડવાના - રાઈસ મીલીંગના પ્રતિષ્ઠિત કેન્દ્ર તરીકે એના અનુભવ અને નિપુણતાના આધારે વિકસાવી શકાય.

ઉત્તર પૂર્વનાં અન્ય રાજયો પણ એમના કૌશલ્યનો ડેટા એમની આગવી રીતે તૈયાર કરી યોગ્યતા ધરાવતા વિશિષ્ટ વિસ્તારોમાં એના પરંપરાગત જ્ઞાનની ઈકો સિસ્ટમ અથવા ઐતિહાસિક કે ભૌગોલિક લાક્ષણિકતાઓના આધારે કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિ વિકસાવી શકે. ત્રિપુરા રબર ઉદ્યોગના એક વિશાળ કેન્દ્ર બનવાની એની ક્ષમતાને વિકસાવી શકે. ત્રિપુરામાં મેન્યુફેક્ચર કરાયેલા રબરની આજુબાજુના દેશોમાં પણ નિકાસ કરી શકાય. ઉત્તર પૂર્વને એની આજુબાજુના પૂર્વ એશિયાઈ પડોશી દેશો સાથે રેલ્વેથી જોડવાની તાજેતરની યોજનાઓ આ પ્રકારની વ્યાપાર પ્રવૃત્તિ માટે માર્ગ મોકળો કરી શકે એમ છે. આથી રબર ઉદ્યોગ માટે કારીગરોને તાલીમ આપવા એક મજબૂત કૌશલ્ય વિકાસ કાર્યપદ્ધતિ વહેલી તકે વિકસાવવાની જરુર છે. નાગાલેન્ડ, સમગ્ર દેશનું ધ્યાન ખેંચનાર એના હોર્નબિલ ઉત્સવને કેન્દ્રમાં રાખી પ્રવાસન પ્રવૃત્તિ વિકસાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે. પ્રવાસનને વિશેષ દૃષ્ટિએ વિકસાવવાની સાથોસાથ ચોક્કસ કેન્દ્રો કે વિસ્તારોને ધ્યાનમાં રાખી વિકસાવી શકાય.

ઉદાહરણરૂપે મેઘાયલ સોહરા, ડોકી અને પ્રમાણમાં અજાણ એવી જૈનતીઆ ટેકરીઓ જેવાં કેન્દ્રો પ્રવાસનના ઉત્કૃષ્ટ કેન્દ્રો તરીકે વિકસાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે તેમજ આ વિસ્તારોમાં પ્રવાસનને ટેકારૂપ ખાનપાન અને સરભરાની સગવડો તેમજ સાહસિક રમતોની પ્રવૃત્તિને વિકસાવી શકે એમ છે.

કૌશલ્ય વિકાસને વધુ અર્થપૂર્ણ બનાવવાની પ્રવૃત્તિને વધુ વેગીલી બનાવવા માટેનું એક અન્ય પગલું એને આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડવાનું છે. આ માટે એવા નવા વિસ્તારોને શોધવામાં આવે છે, જેના પરંપરાગત જ્ઞાન અને હુન્નરનો ઉપયોગ કરી પડોશના દેશોમાં ચોક્કસ નવી બનાવટો માટે બજાર ઉભું કરી શકાય. આવા મોડેલનો પ્રાણ ફૂડસ કંપની દ્વારા બાંગ્લાદેશમાં સફળ ઉપયોગ કરવામાં આવ્યો છે. બાંગ્લા દેશની આ ફૂડ પ્રોસેસિંગ કંપનીએ એની લીચીના શરબત જેવી બનાવટો માટે ઉત્તર પૂર્વમાં મોટું બજાર ઉભું કર્યુ છે અને એણે છેલ્લાં કેટલાક વર્ષોમાં ઉત્તર પૂર્વના ઘણા વિસ્તારોમાં પગદંડો જમાવ્યો છે. ઉત્તર પૂર્વના રાજયોએ સીમા પારના વ્યાપારનો

લાભ લેવો જોઈએ અને ઘરઆંગણે એવા ઉદ્યોગોને શોધી કાઢવા જોઈએ જે પડોશી દેશોને જેની જરૂર હોય એવી બનાવટોની માંગ સંતોષી શકે. દા.ત. ઉત્તરપૂર્વની હસ્તકલાના બેનમૂન ગમૌચા (ટોવેલ) અને શાલની પડોશના દેશોમાં નિકાસ કરવાને ઉજળો અવકાશ છે. બાંગ્લાદેશની પ્રાણ ફૂડ કંપનીના મોડેલની જેમ ઉત્તર પૂર્વનાં રાજ્યોએ એમની વિવિધ બનાવટો માટે પડોશના દેશોમાં બજાર ઉભા કરવા જોઈએ. આ રાજ્યોએ પૂર્વ એશિયાના પડોશી દેશો જે એમની નજીક છે એનો લાભ લઈ એમની સાથે વ્યાપારી કારોબાર વધારી એનો આર્થિક લાભ મેળવવો જોઈએ.

ત્રીજું પગલું જે ભરી શકાય એ છે નેશનલ સ્કિલ્સ ક્વોલિફિકેશન્સ ફ્રેમવર્કના ધોરણો અપનાવી, વર્તમાન અભિગમના સ્થાને પરિણામલક્ષી અભિગમ અપનાવવાનું પગલું. એકવાર આવો અભિગમ અપનાવ્યા બાદ પ્રત્યેક રાજ્યની પ્રગતિ ઉપર નિયમિત નજર રાખી એમાં જે ઉણપો કે ભૂલચૂક જણાય એને નિયમિત પગલાંના ભાગરૂપે દૂર કરી શકાશે.

યુવકોમાં અધવચ્ચેથી ભણતર પડતું મૂકવાનું જે મોટું પ્રમાણ છે એ રોકવા માટે આશાસ્પદ યુવકોમાં ઉદ્યોગ સાહસિકતા કેળવવાની આવશ્યકતા છે. આ સંબંધમાં શાળા શિક્ષણનું વ્યાવસાયિકરણ આવકાર્ય પગલું છે. ઉત્તર પૂર્વના યુવકોમાં ઉદ્યોગ સાહસિકતા કેળવવા માટે શાળા સપાટીએ પ્રેરણાદાયક ઉદ્યોગ સાહસિકોની સફળતાની ગાથા વિશે જાણકારી પૂરી પાડવાનું જરુરી છે.

ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં કૌશલ્ય વિકાસનું કામ ઘણું વિશાળ છે જ્યારે આ માટે પ્રાપ્ય આંતરમાળખાની સગવડો મર્યાદિત હોવાનું યાદ રાખવાની જરુર છે. આ રાજ્યોએ એમની આ મર્યાદાઓનો સફળતાથી ઉકેલ લાવવા રાજ્યમાંની આંતરમાળખાની અન્ય વણવપરાતી સગવડોનો ઉપયોગ કરવો જોઈએ. કૌશલ્ય વિકાસની સુધારેલી રાષ્ટ્રીય નીતિમાં હાલમાં પ્રાપ્ય આંતરમાળખાનો મહત્તમ લાભકારક ઉપયોગ કરવા વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ છે. આ પ્રદેશમાં કૌશલ્ય વિકાસની તાલીમ પૂરી પાડનારી ખાનગી સંસ્થાઓમાં વધારો થવો જ જોઈએ. આવી ખાનગી સંસ્થાઓ સાથે સીએસઆરને જોડવા અને એ જે ક્ષેત્રમાં તાલીમ પૂરી પાડતી હોય એમાં પણ સીએસઆરને સક્રિય રીતે સાંકળવાના નવા ઉપાયો કદાચ શોધી શકાય. એકમાત્ર આસામને બાદ કરતા ઉત્તર પૂર્વના એકપણ રાજ્યમાં તાલીમ શિક્ષકોને તાલીમ આપે એવી કોઈ સંસ્થા નથી અને આ બાબત ઉપર સંબંધિત રાજ્યોએ તાકીદે ધ્યાન આપવાનું જરૂરી બન્યું છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં અહીંના રાજ્યોમાં કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓમાં ખૂબ જ મોટો વધારો જોવા મળ્યો છે. એને લીધે રોજગારીની તકો અને રોજગારી પૂરી પાડવાના પ્રમાણમાં પણ વધારો થયો છે. ગમે એમ પણ, ઉત્તર પૂર્વના આર્થિક મહત્વમાં હમણાંથી જે નવો વધારો જોવા મળ્યો છે એ જોતાં આ પ્રદેશમાં કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓને હજી પણ વધુ સુદ્રઢ કરવાની આવશ્યકતા વધી છે. જાપાન અને કોરિયા જેવા એશિયાઈ દેશોમાં સમયના વહેણ સાથે વૃદ્ધોની સંખ્યામાં થઈ રહેલા વધારાને જોતાં એ દેશોમાં વધુને વધુ સંખ્યામાં કુશળ કામદારોની જરૂર પડશે. ભારત આ જરૂરિયાતો પૂરી કરી શકે એમ છે. ઉત્તર પૂર્વનાં રાજ્યો એની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં આ દેશોની કુશળ કારીગરોની જરૂરિયાતો સંતોષવા માટે સૌથી સારી પરિસ્થિતિમાં છે. આ પરિસ્થિતિમાં, કૌશલ્ય વિકાસની તાલીમની પ્રવૃત્તિમાં જો હાલનો વેગ જાળવી રાખવામાં આવે અને માર્ગમાંના નવા પડકારોને પાર કરવા સમયસર નવી નીતિઓને અમલી બનાવવામાં આવે તો ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં કૌશલ્ય વિકાસ અને આ પ્રદેશના તાલીમસજ્જ કુશળ યુવકોને રોજગારી પૂરી પાડવાની ભવિષ્યની પરિસ્થિતિ ઘણી ઉજ્જવળ અને આશાસ્પદ જણાય છે.


**યોજના**
**વાંચો**
**યોજના**
**વંચાવો**
**યોજના**
**વસાવો**



**લેખક ઈન્ડિયન રેવન્યુ સર્વિસીસના ઓફિસર છે અને હાલમાં ઈન્કમ ટેક્સ, દિલ્હી ખાતે આવક વેરા વિભાગના આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે નિમાયા છે. તે નોર્થ- ઈસ્ટના વિકાસલક્ષી અને નીતિ વિષયક મુદ્દાઓમાં વિશેષ રસ ધરાવે છે.**
**E-mail: pabloo8690@gmail.com**

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (કૃત્રિમ બુધ્ધિમત્તા)થી ભારતના વિકાસને વેગ

ડૉ. અવિક સરકાર



આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને આર્થિક વિકાસમાં વૃધ્ધિ અને રાષ્ટ્રના વિકાસ માટે એક વ્યૂહાત્મક ટૅક્નોલોજી તરીકે જોવામાં આવે છે. થોડાક દેશો વૃધ્ધિની ગતિ વધારવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે નીતિઓ સાથે બહાર આવ્યા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસર વિવિધ દેશોથી આગળ વધીને જાહેર અને ખાનગી કોર્પોરેટ ક્ષેત્રમાં આગળ વધશે.

કૃત્રિમ બુધ્ધિમત્તા(AI)ની વ્યાખ્યા માનવના મગજ સાથે સંકળાયેલી ચિંતન જેવી પ્રક્રિયા અનુસરીને, ઈન્દ્રિય દ્વારા થતાં, સૂઝબૂઝનાં, શિખવાનાં વાતાવરણ સાથે પરામર્શનાં તથા સમસ્યા નિવારણ જેવાં તેમજ સર્જનાત્મકતા દાખવવાનું કામ મશીન કરે તેવી વ્યાખ્યા કરવામાં આવી છે. દુનિયાભરમાં કેટલાક લોકો તેને કૃત્રિમ બુધ્ધિમત્તા (AI)ને વૃધ્ધિ અને ઉત્પાદકતાને વેગ આપનારી અગાઉની ટૅક્નોલોજીને વ્યાપક અસર કરનારી (disruptive) ટૅક્નોલોજી તરીકે બાબત તરીકે ઓળખાવી રહ્યા છે. જ્યારે અન્ય કેટલાક લોકો તેને નકારાત્મક ગણીને મોટા પ્રમાણમાં નોકરીઓ ગુમાવનારા પરિબળ તરીકે જુએ છે. પ્રાઈસવોટરહાઉસ કૂપર (PwC)ના અંદાજ મુજબ વિશ્વનું આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ૧૫.૭ ટ્રિલિયન ડોલરની બિઝનેસની વધારાની તકો ઉભી કરશે અને ઝડપથી બદલાતા વર્તમાન વિશ્વમાં સૌથી મોટી વ્યાપારી તક બની રહેશે. આ લેખમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે સંકળાયેલી કેટલીક માન્યતાઓ દૂર કરીને વિષય અંગે કેટલીક વ્યાપક દ્રષ્ટીકોણ પૂરો પાડશે અને આ વિષય સંદર્ભે થયેલા ક્રમિક વિકાસ અંગેની પશ્ચાદભૂમિકા સમજાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ લેખ તાજેતરના બજેટમાં કરાયેલી જાહેરાતોના સંદર્ભમાં ભારત કેવી રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો લાભ લઈ શકે તે અંગે તથા એના દ્વારા કેવી રીતે આગળ ધપી શકાશે તેનો ખ્યાલ આપશે.

આપણે ૨૦૦૯ની લોકપ્રિય ફિલ્મ '૩ ઈડીયટસ' ની પરાકાષ્ઠાના ઘટના ક્રમને ધ્યાનમાં લઈએ તો તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા અન્ય સપોર્ટિંગ ટૅક્નોલોજી અંગે પાયાનો અભિગમ દર્શાવે છે. કથા નાયક રેન્ચો (આમિરખાને ભજવેલું પાત્ર) કે જે એન્જિનિયરિંગનો વિદ્યાર્થી છે જે સગર્ભા મહિલાને ભારે દર્દ થઈ રહ્યું હોય છે અને તે પ્રસૂતિ કરાવવા અંગેની કોઈ તબીબી તાલિમ ધરાવતો નથી. ગામડાંમાં અને ખાસ કરીને દૂર દૂરના કે આદિવાસી વિસ્તારોમાં જ્યાં નહિવત તબીબી સેવા ઉપલબ્ધ હોય ત્યાં આવી પરિસ્થિતિ સામાન્ય રીતે ઉદભવતી હોય છે. આ ફિલ્મમાં ટૅક્નોલોજી મદદમાં આવે છે. એમાં સગર્ભા મહિલાની બહેન પિયા (કરીના કપૂરે આ ભૂમિકા ભજવી છે) તાલિમ પામેલી એક ડોકટર છે અને તે રેન્ચોને વિડીયો કોલ દ્વારા મદદ કરે છે અને સફળતાપૂર્વક પ્રસૂતિ કરવામાં આવે છે અને તંદુરસ્ત બાળકનો જન્મ થાય છે. રિમોટ ટેલિ -મેડિસીનની આવી

ઉપયોગિતા હવે સરકારની ભારતનેટ (ગામડાંમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ કનેકટિવીટી), RECL (ગ્રામ વિજળીકરણ) અને ડીજીટલ ઈન્ડિયા પ્રોગ્રામ જેવી ફ્લેગશિપ યોજનાઓ દ્વારા ભારતનાં વિવિધ પ્રદેશોમાં શક્ય બની શકે છે.

ફિલ્મના ઘટના ક્રમમાં પિયા (તાલિમ પામેલી ડોકટર) રેન્ચોને સહાય માટે પ્રસૂતિની સમગ્ર ઘટના દરમ્યાન હાજર હતી. આપણને દરેક નર્સ (અથવા પ્રોક્સી ડોકટર) ની ગ્રામ પ્રદેશોમાં જરૂર પડશે. હકીકતમાં ભારતનાં તમામ ગામોમાં આવી પરિસ્થિતિઓનો વ્યાપ વધારવામાં ઘણા મોટા અવરોધો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ભલામણ પધ્ધતિ અહી મદદે આવી શકે તેમ છે અને નર્સ નિદાન અંગે તથા દર્દીએ ભોગવવી પડતી ઘણી સામાન્ય પરિસ્થિતિઓમાં સહાયરૂપ બની શકે તેમ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ ઐતિહાસિક વિગતોના જંગી ડેટામાંથી બોધપાઠ લઈને સમાન પ્રકારના નિદાન અને આ નિદાન તરફ દોરી જતાં લક્ષણોમાં ડોકટરો પ્રિસ્ક્રાઈબ કરે છે તે મુજબની દવા જણાવી શકે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે ડીજીટલ ટૅક્નોલોજીનો સમન્વય થતાં જ્ઞાન અને અમલમાં મૂકી શકાય તેવી ઈન્ટેલિજન્સ દ્વારા નાગરિકોના સશક્તિકરણમાં મોટી ભૂમિકા ભજવી શકે તેમ છે. - આ ઉદાહરણમાં ગામડાના હેલ્થકેર સેન્ટરમાં નર્સનું સશક્તિકરણ એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સશક્તિકરણનું એક ઉદાહરણ છે.



**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઈતિહાસ**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ છેક ૧૯૫૦ના દાયકાના મધ્ય ભાગથી કમ્પ્યૂટર સાયન્સમાં સંશોધનનો વિષય છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પાયો ઘણો વહેલો છેક ૧૯૫૮માં આર્ટિફિશિયલ ન્યૂટ્રલ નેટવર્ક દ્વારા perception algroithm (મશીન દ્વારા ભણતર)થી નંખાયો હતો. લગભગ એજ સમય ગાળામાં ૧૯૫૦માં એલન ટ્યુરિંગ દ્વારા "Computing Machinery and Intelligence" નામનો અભ્યાસ લેખ લખવામાં આવ્યો. એમાં માનવ બુધ્ધિ અને વર્તણૂંકની નકલ કરી શકે તેવા મશીનના નિર્માણની વાત કરવામાં આવી હતી. ઘણા લાંબા સમયથી તર્ક, વિચારશક્તિ, ભાષા, દ્રષ્ટીકોણ અને પરામર્શ કરી શકે તેવી માનવ બુધ્ધિમત્તા સાથે બંધ બેસે તેવાં મશીનોનું નિર્માણ કરવાનો સંશોધકોનો ઉદ્દેશ હતો. ઈન્ટેલિજન્ટ મશીનનો આ વિષય એ મુખ્યત્વે સંશોધકોનો તથા સાયન્સ ફિકશનની ફિલ્મો સર્જનારા વર્ગનો વિચાર હતો. ૧૯૯૬ -૯૭ના ગાળામાં 'ડીપ બ્લૂ' નામના આઈબીએમના કમ્પ્યૂટરે ચેસની રમતના એ વખતના ચેમ્પિયન ગેરી કાસ્પારોવને પરાજીત કર્યો હતો. આ બાબતને એક મોટી સિધ્ધિ ગણાવાઈ હતી. 'ડીપ બ્લૂ' દ્વારા જે કામગીરી કરવામાં આવી તે સંપૂર્ણપણે તાર્કિક પ્રકારની હતી અને એમાં દ્રશ્ય અને ભાષા સંબંધી માનવ દ્રષ્ટીકોણનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

છેલ્લા થોડા દાયકાઓમાં ડીજીટલ ટૅક્નોલોજીનાં ભિન્ન પ્રકારનાં પરિવર્તનો જોવા મળ્યાં છે, જેના કારણે બિગ ડેટાના પીઠબળથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સુસંગતતા ફરીથી પ્રકાશમાં આવી છે. ૧૯૬૦-૭૦ના ગાળામાં બેંકિંગ અને ઈન્સ્યોરન્સથી માંડીને રિટેઈલ સુધી અને પેપરથી માંડીને ઈલેક્ટ્રોનિક્સ સંચાલન વ્યવસ્થા જેવા તમામ પ્રકારના બિઝનેસમાં દુનિયાભરમાં ડીજીટાઈઝેશનનો ઝડપી તબક્કો જોવા મળ્યો છે. આ સ્થિતિ ડેટાના જંગી પ્રમાણની સાથે પાવરના સમન્વય તરફ દોરી ગઈ અને વાજબી કિંમતે જંગી ડેટાનો સંગ્રહ થવા લાગ્યો. આ સ્થિતિ ને કારણે 'બિગ ડેટા' જેવી પરિભાષા અસ્તિત્વમાં આવી અને તેના

કારણે ડેટાનું વિપુલ પ્રમાણમાં પ્રોસેસિંગ અને વિશ્લેષણ શક્ય બની શક્યું. બિગ ડેટાની સાથે સાથે કમ્પ્યૂટેશનમાં ભારે વધારો તેમજ ઓછા ખર્ચે સંગ્રહ (stroage) ને કારણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રને નવુ જીવન પ્રાપ્ત થયું.

કેટલાક લોકો માને છે કે deep learning algroithm આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના નવેસરથી ઉદભવ માટે જવાબદાર છે. મલ્ટીલેયર આર્ટિફિશિયલ ન્યુટ્રલ નેટવર્કસ (ANN) દ્વારા સુપરવાઈઝ થતા deep learning ના થીયરીલક્ષી પાયાની શોધ ૧૯૬૫માં થઈ હતી અને તે ગાળા દરમ્યાન વ્યાપક સ્તરે કમ્પ્યૂટેશન સિસ્ટમ અથવા તો મોટા પાયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના હાથ ધરવા માટે ગેગાબાઈટ કે ટેરાબાઈટ ડેટા ઉપલબ્ધ ન હતો. માનવ ભાષા જેવાં પાસાં, માણસોની વાતચીત સમજવાની બાબત, તેની ગોઠવણ તથા યોગ્ય ઉત્તરને માનવો માટે એક જટિલ કામગીરી ગણવામાં આવતી હતી. આઈબીએમની સવાલ-જવાબ પધ્ધતિ 'વોટસન' દ્વારા વર્ષ ૨૦૧૧માં બે સૌથી મોટા "Jeopardy!" ગેમ પ્લેયર્સને પરાજીત કરવામાં આવ્યા. "Jeopardy!" એ એ અમેરિકન ટેલિવિઝનનો ક્લાસિક ગેમ શો છે જેમાં જવાબ સૌ પ્રથમ આપવામાં આવે છે અને સ્પર્ધકોએ તેમને આપવામાં આવેલ સંકેતને આધારે સવાલો શોધી કાઢવાના હોય છે. માનવો દ્વારા વધુ એક જટિલ કામગીરી સ્થળ આધારિત હોય છે અને તેમાં વસ્તુઓની ઓળખ અને સમજ ઉભી કરવામાં આવે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ દ્વારા ImageNet ની ઈમેજ ક્લાસિફિકેશન સ્પર્ધા ખૂબ મોટા માર્જીનથી ૨૦૧૨માં જીતવામાં આવી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટી દ્વારા "AI Index" તૈયાર કરવામાં આવ્યો, જે માનવની તુલનામાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પધ્ધતિ દ્વારા ભાષાની ઓળખ /આકલન તથા ચિત્રની ઓળખ દ્વારા કામગીરીનો તાગ કાઢતી હતી અને તે ઉત્તમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની સમકક્ષ પહોંચી હતી.

**આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ભારતને કેવી રીતે મદદરૂપ થઈ શકે ?**

આપણે હેલ્થકેરના એ જ ઉદાહરણને ધ્યાનમાં લઈએ તો ભારતમાં દર હજાર વ્યક્તિએ ડોકટરની સંખ્યા ૧ કરતાં ઓછી (૦.૭૨૫) છે અને દર હજાર વ્યક્તિએ સ્પેશ્યાલિસ્ટની સંખ્યાનો આંકડો એનાથી પણ વધુ ખરાબ છે. જે દરથી નવા ફિઝિશ્યન અથવા તો ડોકટરો સિસ્ટમમાં દાખલ થઈ રહયા છે તે જોતાં નજીકના ભવિષ્યમાં આ આંકડો બદલાવાની ખાસ સંભાવના નથી. આથી ગ્રામ્ય વિસ્તારોના હેલ્થ કેર સેન્ટરોમાં મોટી સંખ્યામાં ડોક્ટરોની તંગી રહે છે અને માત્ર નર્સ દ્વારા જ કામ ચલાવવું પડે છે. દૂર દૂરના અથવા તો આદિવાસી વિસ્તારોમાં પરિસ્થિતિ આથી પણ વધારે ખરાબ હોઈ શકે છે. નર્સોથી આગળ વધીને તાલિમ પામેલા મેડિકલ સ્ટાફની વાત કરીએ તો, ઈમેજને આધારે દર્દીને ચોક્કસ રોગ છે કે નહી તે નક્કી કરવાની કામગીરી કરતા રેડિયોલોજીસ્ટસ અથવા તો પેથોલોજીસ્ટસ જેવા સ્પેશ્યાલિસ્ટસ પ્રોફેશનલ્સની ભારે તંગી છે. આપણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સિસ્ટમની ઉત્તમ કામગીરી ઈમેજની ઓળખ બાબતે જોઈ છે. અહીં બિગ ડેટા આધારિત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કૌશલ્યની ઊણપ પૂરી કરવામાં અને સ્થળ પર કામ કરતા મેડિકલ સ્ટાફના સશક્તિકરણમાં સહાયક બની શકે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સિસ્ટમ રેડિયોલોજીસ્ટસ/ પેથોલોજીસ્ટસનો સમય બચાવીને ઈમેજીસને આધારે ભલામણો કરી શકે છે. આ પધ્ધતિ દ્વારા વિસ્તૃત તપાસની તુલનામાં કેસની સમીક્ષા કરવામાં ઘણો ઓછો સમય લાગશે. સ્થળ પરના ક્લિનિકલ સ્પેશ્યાલિસ્ટસ જ્યાં નિષ્ણાંતની દરમ્યાનગિરી અને તેમના સશક્તિકરણની જરૂર હોય ત્યાં વધુ ઉત્પાદક કામગીરી દ્વારા જટીલ કેસોમાં પોતાના પ્રયાસો કેન્દ્રિત કરી શકશે.

દર્દી પર ધ્યાન આપતી વખતે નર્સ, દર્દીનાં મહત્વનાં લક્ષણો અને વિવિધ આંકડાઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી ચાલતી હેન્ડ હેલ્ડ ડિવાઈસમાં નાંખી શકે છે. દર્દીના લક્ષણો અંગેની માહિતી અને તેના પ્રમાણને આધારે આ ડિવાઈસ સંભવિત નિદાન કરીને યોગ્ય દવાઓની ભલામણ કરી શકે છે અને દવાઓ સૂચવી શકે છે. આ કિસ્સામાં નર્સ નિષ્ણાંત ડોક્ટર દ્વારા આપવામાં આવે તેવું પ્રિસ્ક્રીપ્શન આપી શકે છે. દર્દીની વર્તમાન સ્થિતિ સાથે બંધ બેસે નહી તો નર્સને ભલામણ નહી સ્વિકારવાનો પણ વિકલ્પ રહે છે. વધુ એક વખત આ ભલામણો બીગ ડેટા આધારિત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ને આધારે મેળવી શકાય છે. તેમાં સમાન પ્રકારના દર્દીઓનું વ્યાપક રીતે વિશ્લેષણ કરીને ભલામણો કરવામાં આવે છે. ભારત હેલ્થ કેર જેવા ક્ષેત્રમાં કૌશલ્યની મોટી ઊણપ અનુભવે છે અને આવી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત ટૅક્નોલોજીસ આવી ઊણપ પૂરવામાં મદદ કરીને નાગરિકોને સહાયક બને છે અને

તેમની રોજબરોજની કામગીરીમાં વધુ ઉત્પાદક બનાવે છે.

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર અને કોરસેરા (Coursera) ના સહ-સ્થાપક એન્ડ્રુ એનજી (Ng) આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને તેમના પ્રસિધ્ધ અવતરણમાં નવી ઇલેક્ટ્રીસિટી તરીકે ઓળખાવીને જણાવે છે કે 'જે રીતે ૧૦૦ વર્ષ પહેલાં વીજળીએ લગભગ દરેક ચીજોમાં પરિવર્તન આણ્યું હતું તે રીત વર્તમાન સમયમાં અને આગામી વર્ષોમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા પરિવર્તન લાવી શકાય નહી તેવો કોઈ ઉદ્યોગ રહેશે નહી એવું મને લાગે છે.' આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ઉપયોગિતા ભારતીય સંદર્ભમાં અમર્યાદિત છે. ન્યાય તંત્ર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કોર્ટના પડતર કેસોમાં કરી શકે છે. શિક્ષણમાં વિદ્યાર્થીની ભણવાની ગતિ મુજબ ભણતરના મોડ્યુલ તૈયાર થઈ શકે છે અથવા તો ખેતીમાં સેટેલાઈટ તસવીરોના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત વિશ્લેષણથી પાકના ઉતારા અંગે વહેલા અંદાજો પણ પ્રાપ્ત કરી શકાય છે.

અન્ય પરિવર્તનકારી ટૅક્નોલોજીસની જેમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લોકો આજે જે રીતે જીવન જીવે છે તેમાં પરિવર્તન લાવશે. આવો મોટો ફેરફાર ભારતમાં બેંકો અને અન્ય સંસ્થાઓમાં કમ્પ્યુટર દાખલ કરવામાં આવ્યા ત્યારે જોવા મળ્યો હતો અને તેનો મોટા પાયે વિરોધ પણ થયો હતો. કમ્પ્યુટરો દ્વારા માહિતી ટૅક્નોલોજી (આઈટી) ક્ષેત્રે ક્રાંતિ આવી છે અને માહિતી ટૅક્નોલોજી ક્ષેત્રે ભારત વિશ્વમાં અગ્રણી સ્થાન પ્રાપ્ત કરી શક્યું છે. ભારતમાં સ્થપાયેલી કંપનીઓ વિશ્વની ઉત્તમ આઈટી કંપનીઓ સાથે સ્પર્ધા કરી રહી છે અને ભારત સોફ્ટવેર એક્સપોર્ટના સૌથી વધુ જથ્થા સાથે મોખરાનું સ્થાન ધરાવે છે. જયારે કોમ્પ્યુટરોની રજૂઆત થઈ ત્યારે ભારતમાં આઈટી કૌશલ્ય ધરાવનાર લોકોની અછત હતી અને હવે ભારત હાલમાં આઈટી પ્રોફેશનલ્સની સૌથી વધુ સંખ્યા ધરાવે છે. સમાન પ્રકારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી પરિવર્તનકારી ટૅક્નોલોજીને કારણે નોકરીઓમાં મોટા પાયે ફેરફાર જોવા મળશે. નવા કૌશલ્યો ઉભરી આવશે અને સરકારે એ લોકોના પુનઃ કૌશલ્ય માટે મહત્વની ભૂમિકા બજાવવાની રહેશે. મેન્યુફેકચરિંગ સેક્ટરમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઓટોમેશન તરફ દોરી જઈને ઓછી ઉત્પાદકતા ધરાવતી નોકરીઓમાં ઉંચી ઉત્પાદકતા લાવવાની ભૂમિકા બજાવશે.

બિગ ડેટા આધારિત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિત કોઈ પણ નવી ટૅક્નોલોજી અપનાવવાથી ગ્રામ્ય વિસ્તારોના હેલ્થ કેર સેન્ટરોમાં (ઉપર ઉદાહરણ અપાયું છે તે મુજબ) નર્સોનું સશક્તિકરણ કરશે અને તે દ્વારા મેનેજમેન્ટમાં પરિવર્તન આવશે. મેનેજમેન્ટનો આ ફેરફાર એ નવી ટૅક્નોલોજી અપનાવવાના પ્રોગ્રામનું એક મહત્વનું પાસું છે અને તે સફળતા અને નિષ્ફળતા વચ્ચે પરિવર્તનની એક પાતળી રેખા દર્શાવે છે. નર્સને ડીજીટલ પ્લેટફોર્મ માટે સજ્જ કરવાની જરૂરિયાત ઉભી થશે અને તે દ્વારા તેનું સશક્તિકરણ થશે. આ પ્રક્રિયામાં નવા કૌશલ્ય વિકાસની થોડીક જરૂરિયાત ઉભી થશે. યોગ્ય કૌશલ્યનો અભાવ અને તેની સાથે સાથે નવી ટૅક્નોલોજી અપનાવવાથી આવા કાર્યક્રમ અને નવી ટૅક્નોલોજીને નિષ્ફળતા મળે છે. નવા કૌશલ્યની ઊણપને કારણે નોકરીઓ ગુમાવવા માટે જવાબદાર ગણી શકાય. દા.ત. એક નર્સ દર્દીની સંભાળ રાખવામાં સારી તાલીમ પામેલી હોય અને અવલોકનો નોંધી શકતી હોય, પરંતુ હેન્ડ હેલ્ડ ડિવાઈસ તથા તેના વિકલ્પોનો ઉપયોગ કરવામાં કુશળ ન હોય તેવું બની શકે છે. આવા કિસ્સામાં તબીબી ક્ષેત્રે નિષ્ણાંત હોય તેવી નર્સ દ્વારા યોગ્ય ડીજીટલ કૌશલ્ય પ્રાપ્ત કરવાની જરૂરિયાત ઉભી થાય છે, જે તેની કામગીરીનું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગથી સશક્તિકરણ કરી શકશે.

### ભારતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની વ્યવસ્થા

વર્તમાન બજેટમાં આ મુજબની જાહેરાત કરવામાં આવી હતીઃ 'ડીજીટલ ક્ષેત્રે અદ્યતન ટૅક્નોલોજીના વિકાસને કારણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ઇન્ટરનેટ ઓફ થીંગ્ઝ અને થ્રીડી પ્રિન્ટિંગ તથા તેના જેવી અન્ય બાબતોને કારણે વિશ્વનું અર્થતંત્ર ડીજીટલ અર્થતંત્રમાં રૂપાંતરિત થઈ રહ્યું છે. ડીજીટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવી વિવિધ પ્રકારની પહેલ ભારતને નોલેજ અને ડીજીટલ સોસાયટીમાં સ્થાપિત થવામાં સહાયરૂપ બનશે. આપણાં પ્રયાસોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિત તેની ઉપયોગિતામાં સંશોધન અને વિકાસ સહિતની પ્રવૃત્તિઓ તરફ દિશા આપવા માટે નીતિ આયોગ એક રાષ્ટ્રીય કાર્યક્રમ ઘડી કાઢશે.'

આજે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને

આર્થિક વિકાસમાં વૃધ્ધિ અને રાષ્ટ્રના વિકાસ માટે એક વ્યૂહાત્મક ટેક્નોલોજી તરીકે જોવામાં આવે છે. થોડાક દેશો વૃધ્ધિની ગતિ વધારવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે નીતિઓ સાથે બહાર આવ્યા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની અસર વિવિધ દેશોથી આગળ વધીને જાહેર અને ખાનગી કોર્પોરેટ ક્ષેત્રમાં આગળ વધશે. આઈટી સર્વિસીસ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ/ બિગ ડેટાની સર્વિસીસ બાબતે મોખરાનું સ્થાન ધરાવતું હોવા છતાં હાલમાં ભારતને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રે અગ્રણી ગણવામાં આવતું નથી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સંશોધન અને રિસર્ચ લેબ્ઝ, શિક્ષણ જગત, સ્ટાર્ટઅપ્સ અથવા પ્રાઈવેટ પ્લેયર્સમાં સારી કામગીરીના અદ્દભૂત ઉદાહરણો છે, પરંતુ ભૂમિ પર કામ કરતા પ્રેક્ટીશનર્સને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અપનાવવા માટે ટેક્નોલોજીનુ જ્ઞાન ઓછું છે. આ એક મોટું અવરોધક પાસું આ કંપનીઓ વચ્ચે લાંબા ગાળા સુધી કામ આપે તેવા વેગવંતા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને અપનાવવાનો અભાવ વર્તાય છે. ભારતને દુનિયાના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે અગ્રણી સ્થાન અપાવવા માટેના ઘટકો કયા હોઈ શકે ?

એસેન્ચ્યુરના સંશોધન મુજબ ભારતમાં ધબકતી વ્યવસ્થા વિકસાવવા માટે યુનિવર્સિટીઓ, સ્ટાર્ટઅપ્સ, મોટી કંપનીઓ, નીતિ ઘડનાર સમુદાય અને મલ્ટી-સ્ટેક હોલ્ડર પાર્ટનરશીપ જેવા ઘણાં સ્તંભોમાં ભારત મજબૂત ક્ષમતા ધરાવે છે. ભારતની યુનિવર્સિટીઓ અને રિસર્ચ લેબ્ઝ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના અદ્યતન સંશોધન સાથે છેલ્લા ૪૦ વર્ષથી સંકળાયેલી છે. ભારત વિશ્વની સૌથી મોટી આઈટી કંપનીઓનું ઘર છે અને તમામ વૈશ્વિક મલ્ટી-નેશનલ કંપનીઓ ભારતમાં તેમના વિકાસ અથવા તો સંશોધન કેન્દ્રો સ્થાપી ચૂકી છે. ભારત એક ખૂબ ધબકતી સ્ટાર્ટઅપ વ્યવસ્થા ધરાવે છે, જેમાં ભારતમાં આવેલા વેન્ચર કેપિટલ ફંડ અને સરકાર ખૂબ જ સહાયક ભૂમિકા નિભાવી રહી છે. નીતિ આયોગની, નીતિ ઘડતી સંસ્થાએ ભારતમાં ઇનોવેશનની વ્યવસ્થાને વેગ આપવાનું મિશન હાથ ધર્યું છે. અટલ ઈનોવેશન મિશન (AIM) દ્વારા શાળાઓ અને ઈન્ક્યુબેશન સેન્ટર્સમાં સ્ટાર્ટઅપ્સને સહાયભૂત થવા ટીકરીંગ લેબ્ઝ સ્થાપવામાં આવી છે. સ્ટાર્ટઅપ્સ અને વેન્ચર કેપિટલ ફંડ વચ્ચે ઠીક ઠીક પ્રમાણમાં સહભાગિતા જોવા મળે છે, પરંતુ આ અંગેની માહિતી ખૂબ જ વેરવિખેર છે.

ભાગીદારીઓ અને વિવિધ પ્રકારના સહયોગ દ્વારા ભારતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વ્યવસ્થા નવા ઉપાયો બાબતે પ્રોટો ટાઈપ તૈયાર કરવામાં નબળો અને ધીમો અભિગમ દાખવાઈ રહ્યો છે, પરંતુ ઘણીવાર ઊંડાણભર્યા સંશોધન માટે પૂરતી બેન્ડવિથ હોતી નથી. આવા ક્ષેત્રોમાં સંશોધકોને તેમના ક્ષેત્રમાં સહાયરૂપ થવાનું યોગ્ય બનશે. વિવિધ સ્તરે આ ભાગીદારીને સંભવિત બનાવવા સરકારે મહત્વની ભૂમિકા બજાવવાની રહેશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રે સંશોધન આગળ ધપાવીને શિક્ષણ જગત/ સંશોધકોએ મેળવેલા તારણોનો ઉપયોગ ઉદ્યોગ અને સ્ટાર્ટઅપમાં કરી શકાય. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અપનાવવામાં ગતિ લાવીને આરોગ્ય, કૃષિ, શિક્ષણ વગેરે ક્ષેત્રોમાં સમાન પ્રકારે ઉદ્યોગ અને શિક્ષણ જગત સાથે ભાગીદારી કરી શકાય. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત સર્વિસીસ અને એપ્લિકેશન્સના વ્યાપારીકરણ દ્વારા ઉદ્યોગ ક્ષેત્રની કંપનીઓને વેન્ચર કેપિટલ્સ અને વ્યાપારી સંસ્થાઓ સાથે જોડીને સંબંધિત હાર્ડવેરને પ્રોત્સાહિત કરી શકાય.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ એવી ટેક્નોલોજી છે કે જે આગામી થોડાક દાયકાઓમાં ભારતની વૃધ્ધિને ગતિ આપી શકે તેમ છે. આ વૃધ્ધિ મુખ્યત્વે ખાનગી ક્ષેત્રની કંપનીઓ દ્વારા આગળ વધશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વ્યવસ્થા માટે સરકાર મહત્વની ભૂમિકા બજાવીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ધરાવતી વિવિધ કંપનીઓ સાથે ભાગીદારી કરી શકે. અલગ પ્રકારની ટેક્નોલોજીને કારણે લોકોને પુનઃકૌશલ્ય પૂરૂ પાડવાની જરૂર ઉભી થશે. તેનાથી હાલની કેટલીક નોકરીઓને બદલે નવી નોકરીઓ ઉભી થશે. આ નવી ભૂમિકા અંગે વહેલી ઓળખ પ્રાપ્ત થતાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને પુનઃકૌશલ્ય પ્રાપ્ત કરેલા લોકો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની આ ક્રાંતિનો લાભ લેવામાં મહત્વની બની રહેશે.

**લેખક નીતિ આયોગના ડેટા એનાલિટીક્સ સેલમાં ખાસ ફરજ પરના અધિકારી છે. તાજેતરમાં તેમનો એનાલિટીક્સ ઈન્ડિયા મેગેઝિન દ્વારા "Top 10 Data Scientists in India – 2017" માં સમાવેશ કરાયો છે. તેમણે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશન માટે તેમની ૧૫ વર્ષની કોર્પોરેટ કારકીર્દિમાં બિગ ડેટા વિકસાવ્યો છે.**

**E-mail:avik.sarkar@gov.in**

# વર્ષ ૨૦૧૮ માટે શિક્ષણ ક્ષેત્રે બજેટમાં થયેલી ફાળવણીઃ શું આપણે આશાનું કીરણ જોઈ રહ્યા છીએ?

શૈલેન્દ્ર શર્મા અને
ડૉ. શશીરંજન ઝા




વર્તમાન બજેટે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના ક્ષેત્રે સુધારા માટે મહત્વપૂર્ણ અને નોંધપાત્ર હરણફાળ ભરી છે. તેના તાત્કાલિક ધોરણે અમલથી ઉત્તરપૂર્વના રાજ્યો સહિત દેશના મોટા વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રને મજબૂતી મળી શકે છે. બજેટ ભાષણમાં સાથે જ સંકેત અપાયા હતા કે પ્રત્યેક રાજ્યને ૧ સરકાર સંચાલિત મેડિકલ કોલેજ મળશે. વર્તમાન બજેટ, પોસ્ટ મેટ્રિક અને પ્રી-મેટ્રિક સ્કોલરશિપ્સ માટેના ભંડોળમાં વધારો કરીને, આદિવાસી વિદ્યાર્થીઓ, ખાસ કરીને ઉત્તરપૂર્વના વિસ્તારોના વિદ્યાર્થીઓના સ્કૂલનો અભ્યાસ પડતો મુકવાની સમસ્યાના હાલ ચાલી રહેલા પ્રયાસોને બળ આપી રહ્યું છે.


ભારતીય શિક્ષણ ક્ષેત્ર તમામ ક્ષેત્રે જંગી સુધારાઓ જોઇ રહ્યું છે. બીજી બાજુ, ચર્ચા-સલાહની પ્રક્રિયા મારફત નવી શિક્ષણ નીતિનો વિકાસ હાલ કરવામાં આવી રહ્યો છે અને બીજી તરફ, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી સંસ્થાઓના મજબૂત બનાવવી અને તેમના વિસ્તાર કરવા પર ભાર આપવામાં આવી રહ્યો છે (આઈઆઈટી, આઈઆઈએમ, સ્કૂલ ઓફ પ્લાનિંગ અને આર્કિટેક્ચર, સેન્ટ્રલ યુનિવર્સિટીસ અને હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ ને સંબંધિત વિભિન્ન કાયદાકીય સુધારા અને નવા ખરડા તૈયાર કરાયા છે). જોકે શિક્ષણ તંત્ર હંમેશાંથી જ એક કે બીજી ત્રુટીનો સામનો કરતું રહ્યું છેઃ જેમ કે માળખાકીય સુવિધાઓ, શિક્ષકો, નીતિ, કે બજેટ વગેરે.

તાજેતરમાં જ જાહેર કરવામાં આવેલા કેન્દ્રીય બજેટ પાછલા દાયકાઓમાં જાહેર કરાયેલા બજેટ કરતા એક અલગ પ્રકારનું બજેટ છે. આ વર્ષના બજેટમાં શિક્ષણ સામે વિશેષ અને સ્પષ્ટ ભાર આપવામાં આવ્યો છે. કારણ કે આ વર્ષના બજેટમાં 'શિક્ષણ', 'શૈક્ષણિક' અને 'શિક્ષક' તથા 'શિક્ષકો' જેવા શબ્દો ૩૫ કરતા પણ વધારે વખત પ્રયોજવામાં આવ્યા છે—સંભવતઃ છેલ્લા એક દાયકામાં સૌથી વધારે વખત તેનો પ્રયોગ કરાયો છે. બજેટ ભાષણમાં સ્પષ્ટ રીતે મધ્યમમાર્ગ અપનાવવા પર ભાર અપાયો હતો અને આમ કરીને સૌથી જરૂરી એવી બાબત તંત્ર દ્વારા વિચારણાને શરૂ કરાઇ છે. આ બાબત કેટલાક મહત્વનાં પગલાંઓ જેવાં કે સ્કૂલ શિક્ષણ ક્ષેત્રનું એકીકરણ અને એકીકૃત બીએડ સામેલ છે. બજેટ ભાષણમાં સાથે જ તાલીમ નહીં ધરાવતા શિક્ષકોને પણ તાલીમ પ્રદાન કરવા પર ધ્યાન અપાયું છે જે બાબત આપણને આ બાબતની યાદ અપાવે છે કે, 'શાળાકીય શિક્ષણની ગુણવત્તા તેના શિક્ષકોની ગુણવત્તા કરતા વધારે સારી ના થઇ શકે.' શિક્ષણ ક્ષેત્રે મૂડીરોકાણને હવેથી માત્ર નાણાકીય રોકાણ જ ન માનવું જોઇએ, બલ્કે તેને સંશાધનોમાં રોકાણ તેમજ ઉપલબ્ધ બજેટના મહત્તમ ઉપયોગ તરીકે માનવું જોઇએ. એસએસએ અને આરએમએસએ જેવા કાર્યક્રમોમાં લાંબાગાળા સુધી રોકાણ બાદ, હવે સમય આવી ગયો છે કે આપણે સુનિશ્ચિત કરીએ કે નાણા વિભિન્ન વિસ્તારોને મજબૂત કરવા માટે રોકાય.

શિક્ષણ અધિકાર કાયદો (આરટીઇ)ની કલમ ૧૨(૧) (સી) ખાનગી અને અનુદાન નહીં મેળવતી સ્કૂલોને પોતાની કુલ વિદ્યાર્થી બેઠકો એન્ટ્રી લેવલ વર્ગ માટે ૨૫ ટકા સીટો ગરીબ અને વંચિત વર્ગના બાળકો માટે અનામત રાખે. અન્ય બાબતો સાથે, આ નિર્ણયને કારણે સરકારી સ્કૂલોમાં બાળકોના પ્રવેશમાં ઘટાડો જોવા મળવાની સાથે જ ખાનગી સ્કૂલોમાં બાળકોના પ્રવેશની સંખ્યામાં વધારો થયો છે.

સરકારી સ્કૂલોમાં પ્રવેશ અને




બજેટની ફાળવણીના ત્વરિત વિશ્લેષણના આંકડા દર્શાવે છે કે એસએસએ અને આરએમએસએ જેવી યોજનાઓમાં પ્રતિ બાળક ઉપલબ્ધ સરેરાશ રકમ હકીકતમાં વધી છે. (ઉપરના ચાર્ટમાં જૂવો)

એક અન્ય સાહસિક અને મોટું પગલું જેને બજેટમાં રેખાંકિત કરાયુ હતું છે તે પગલું, કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત કે અનુદાનિત શિક્ષણ સંબંધિત યોજનાઓને તર્કસંગત બનાવવાનું છે. કેન્દ્ર સરકારની હાલ ઉપલબ્ધ ઘણીબધી શિક્ષણ સંબંધિત યોજનાઓને એકસાથે મિલાવવા પાછળનો તર્ક દેખીતો છે – આ યોજનાઓ સિસ્ટમો હેઠળ ચાલે છે અને તેમણે તંત્ર સ્તરે અક્ષમતા પેદા કરી છે, કારણ કે તેમાં સહકાર અને કેન્દ્રાભિસરણનો અભાવ હતો. તેના કારણે ઘણીવાર અમલીકરણના તમામ સ્તરે મેનેજર સ્તરના પ્રયાસોનું પુનરાવર્તન થવાને કારણે મેદાની સ્તરે મૂંઝવણ પેદા થતી હતી અને ભંડોળના પ્રવાહમાં લવચિકતા માટે કોઇ અવકાશ રહેતો નહોતો. એક યોજનાથી બીજી યોજનામાં ભંડોળને ટ્રાન્સફર કરવું હાલ અમલીકરણ સ્તરે શક્ય નથી પછી ભલેને કોઇ યોજનાને વધારાના ભંડોળની તાકીદે જરૂરિયાત કેમ ના હોય અને ભલેને તે ભંડોળ કોઇ યોજનામાં ઉપયોગ વિના જ કેમ ન પડી રહ્યું હોય. – પરિણામે કેટલીક યોજનાઓમાં ભંડોળની અછત રહે છે તો કેટલીક યોજનાઓમાં ભંડોળ ખર્ચાયા વિના પડી રહે છે. પાયાના સ્તરે (શૈક્ષણિક સંસ્થાન સ્તરે) તો પરિસ્થિતિ વધુ ખરાબ છે. ઉદાહરણ તરીકે, ધોરણ-૧ થી ધોરણ-૧૨ સુધીના વર્ગો ધરાવતી સરકારી સ્કૂલોએ નીચે પ્રમાણેના ધારાધોરણો (એસએસએમ, આરએમએસએ, એમડીએ, રાજ્ય) ને અનુસરવા પડશે અને સ્કૂલોએ તમામ યોજનાઓ માટે અલગ-અલગ ખાતાની પણ જાળવણી કરવાની રહેશે અને એક કરતાં વધારે સત્તાધીશોને અલગથી દેખરેખ સંબંધિત માહિતી પૂરી પાડવાની રહેશે. આ એક કરતાં વધારે સત્તાધીશોનું માળખું સ્કૂલ સ્તરથી માડીને ઊચ્ચ સ્તર સુધી જોવા મળી શકે છે (રાષ્ટ્રીય સ્તરઃ એમએચઆરડી)

વધુમાં, વર્તમાન બજેટે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના ક્ષેત્રે સુધારા માટે મહત્વપૂર્ણ અને નોંધપાત્ર હરણફાળ ભરી છે. તેના તાત્કાલિક ધોરણે અમલથી ઉત્તરપૂર્વના રાજ્યો સહિત દેશના મોટા વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રને મજબૂતી મળી શકે છે. બજેટ ભાષણમાં સાથે જ સંકેત અપાયા હતા કે પ્રત્યેક રાજ્યને ૧ સરકાર સંચાલિત મેડિકલ કોલેજ મળશે. વર્તમાન બજેટ, પોસ્ટ મેટ્રિક અને પ્રી-મેટ્રિક સ્કોલરશિપ્સ માટેના ભંડોળમાં વધારો કરીને, આદિવાસી વિદ્યાર્થીઓ, ખાસ કરીને




ઉત્તરપૂર્વના વિસ્તારોના વિદ્યાર્થીઓના સ્કૂલનો અભ્યાસ પડતો મુકવાની સમસ્યાના હાલ ચાલી રહેલા પ્રયાસોને બળ આપી રહ્યું છે. આ વધારાથી અનુક્રમે અંદાજે ૧૯થી ૨૦ લાખ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓને ફાયદો થાય તેવી અપેક્ષા સેવાઇ રહી છે. બજેટ ફાળવણી ઉપરાંત ઉત્તરપૂર્વના રાજ્યોમાં શિખવાના પરિણામમાં સુધારા પર ભાર પણ, અહીં શિક્ષણના સુધારાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે કારણ કે આ ક્ષેત્રના નોંધપાત્ર સંખ્યાના વિદ્યાર્થીઓ શિક્ષણના ન્યૂનત્તમ સ્વીકાર્ય સ્તરનું જ્ઞાન લીધા પહેલા જ સ્કૂલ છોડી દે છે.

**આગળની દિશામાં પગલાં**

ભારત ઐતિહાસિક રીતે જ શિક્ષણના ક્ષેત્રે જાહેર ખર્ચ કરવા મુદ્દે ખૂબજ રૂઢિવાદી રહ્યો છે અને આજે પણ સ્થિતિ લગભગ તેવી જ છે. એનપીઇ માં જેની કલ્પના કરવામાં આવી છે તે શૈક્ષણિક સુધારાઓ કરવા માટે શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતા જાહેર ખર્ચમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ કરવાની સાથે જ સીએસઆર અને સીએસઓ મારફત વધારે સમર્થનની જરૂર રહેશે. કેન્દ્ર અને રાજ્યોની સરકારોએ સાથે જ આંતરરાષ્ટ્રીય વિકાસ ભાગીદારો તરફ પણ મીટ માડવી જોઇએ જેથી કરીને શિક્ષણ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે સમર્થન પુરું પાડી શકાય. આંતરરાષ્ટ્રીય વિકાસ ભાગીદારો જેમ કે ડીએફઆઈડી, વર્લ્ડ બેન્ક, એડીબી વગેરે, માત્ર નાણાકીય સહાયતાજ નથી કરતા બલ્કે તે શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય પ્રથાઓ પણ લાવે છે. આંતરરાષ્ટ્રીય વિકાસ ભાગીદારો સાથે જ આધુનિક ટૅક્નિકલ સહાયતા અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમો તૈયાર કરવામાં પણ મદદ કરી શકે છે.

શૈક્ષણિક યોજનાઓને એકબીજામાં મિલાવી દેવાની બાબત ઘણી રીતે ઉપયોગી રહેશે અને તેનાથી અપેક્ષા રાખી શકાય કે તેનાથી (૧) સેક્ટર માટે ઉપલબ્ધ ભંડોળનો મહત્તમ ઉપયોગ થશે, (૨) રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની વિભિન્ન જરૂરિયાતોને પૂરી કરી શકશે અને (૩) યોજનાનું એકીકૃત અને કાર્યદક્ષ મેનેજમેન્ટ, દેખરેખ અને સુપરવિઝન થઇ શકશે. (૪) વહીવટી પ્રયાસો અને ખર્ચને ઘટાડશે અને (૫) આંતર- ઘટક ભંડોળ પ્રવાહમાં પ્રવાહિતા લાવશે અને (૬) નાણાકીય નિયમન અને શિસ્તનું સંસ્થાગત તંત્ર

ભારત વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બની રહે તે માટે શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરાય તે જરૂરી છે. તે માટે એક શિક્ષણ નીતિ હોવી જરૂરી છે, જેમાં આ વાતને સ્વીકૃતિ અપાય કે તેમાં વિભિન્ન બાબતો જેવી કે સ્કૂલોનું કદ, તેમની નાણાકીય ક્ષમતાઓ, શિક્ષકનો નિરંતર વ્યવસાયિક વિકાસ અને શિખવાના માપદંડોનું નિયમત મૂલ્યાંકન સામેલ છે. સાથે જ આ વાતની પણ જરૂરિયાત છે કે સંસ્થાકીય અને સ્થાનિક સ્તરે લેવાતા નિર્ણયમાં પારદર્શકતા હોય. આ બધી બાબતો સફળ શૈક્ષણિક સુધારા અને પરિવર્તન માટે હસ્તક્ષેપોના નક્કર અમલીકરણમાં મદદ કરશે.

હાલઆ જોવાનું બાકી છે કે આ નવી નીતિને આગામી સમયમાં કેવી રીતે અમલમાં મુકવામાં આવશે. આ વાતે જરાય શંકા નથી કે મહત્તમ અસર અને અસરકારકતા સુનિશ્ચિત કરવા માટે નીતિ પર વિશેષ ધ્યાન સાથે નજર રાખવામાં આવે તે જરૂરી છે.

**શૈલેન્દ્ર શર્મા IPEGlobal Limited ના શિક્ષણ અને કૌશલ્યના વાઈસ પ્રેસિડેન્ટ છે. શિક્ષણ અને કૌશલ્ય વિકાસ વિભાગ, આઈપીઈ ગ્લોબલ લિમિટેડ, આઈપીઈ ગ્લોબલ એ એક આંતરરાષ્ટ્રીય ડેવલપમેન્ટ કન્સલ્ટિંગ ગ્રુપ છે, જે વિકાસશીલ દેશોમાં સમાનતાપૂર્ણ વિકાસ અને ટકાઉ વિકાસ માટે નિષ્ણાત ટૅક્નિકલ સહાયતા અને સમાધાન પુરાં પાડે છે.**

**E-mail:shalendar@gmail.com**

**શશી રંજન ઝા. IPEGlobal Limited ના શિક્ષણ અને કૌશલ્યના સિનિયર મેનેજેર છે.**

**E-mail: sjha@ipeglobal.com**

# ઉત્તરપૂર્વના રાજ્યો : સામાજિક-સાંસ્કૃતિક અળગાપણા વિશેની ભ્રાંતિ

**સરોજ કુમાર રથ અને**
**પ્રોફેસર અરૂણ કુમાર આચાર્ય**




આસામના રેકોર્ડ ઇતિહાસનો પ્રારંભ નિધનપુર કોપર પ્લેટ ગ્રાન્ટ અને ડૂબી પ્લેટ્સના ડિકોડિંગથી શરૂ થાય છે. ધ નિધનપુરન કોપર પ્લેટ્સ ગ્રાન્ટ૧૧ આસામના ઇતિહાસને પૌરાણિક પ્રતથી રેકોર્ડેડ ઇતિહાસ તરફ લઇ જાય છે. નિધનપુર તાંબાની તકતી, જેમાં સીલ સાથે તાંબાની સાત પ્લેટ હતી, તે ૧૯૧૨માં હાલના બાંગ્લાદેશમાં આવેલા સિલહાટના પંચખંડા પરગણાના નિધનપુરા ગામમાંથી એક ખેડૂતને મળી આવી હતી.

બ્રિટિશ મુલકી અધિકારી એલેક્ઝાંડર મેકેન્ઝી દ્વારા સૌ પ્રથમ વાર પ્રયોજવામાં આવેલો શબ્દો 'ઉત્તરપૂર્વ સરહદ'[૧] વર્તમાન સમયમાં આઠ ભારતીય રાજ્યો ધરાવે છે. જે રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે. એલેક્ઝાંડર મેકેન્ઝી સર્વપ્રથમ વ્યક્તિ હતી જેમણે આસામની આસપાસના પર્વતીય વિસ્તારો અને મણિપુર અને ત્રિપુરાના રજવાડા સહિતના વિસ્તારોની ઓળખ માટે ૧૮૮૪માં પોતાના પુસ્તક'નોર્થ-ઇસ્ટ ફ્રન્ટિયર ઓફ ઇન્ડિયા'માં પહેલીવાર ઉત્તર-પૂર્વ સરહદ શબ્દનો પ્રયોગ કર્યો હતો. ઘણીવાર નોર્થ-ઇસ્ટ ફ્રન્ટિયર ઓફ બંગાળ શબ્દનો પ્રયોગ ઘણીવાર સરહદ રેખાં દર્શાવવા માટે કરાયો હતો અને ઘણીવાર તેનો ઉપયોગ રસ્તો દર્શાવવા માટે કરાયો હતો. રસ્તાના સંદર્ભણાં તે સમગ્ર ઉત્તર અને પૂર્વની તમામ પર્વત માળા , અને આસામની દક્ષિણે આવેલી ખીણ, તેમજ મોટી બંગાળ અને સ્વતંત્ર બર્માની વચ્ચે પથરાયેલી પર્વતમાળાના સંપૂર્ણ પશ્ચિમી ઢોળાવોને આવરી લે છે.[૨]

આસામના ઘણા સમકાલીન ઇતિહાસકારો ક્ષેત્રના પશ્ચિમ જગત[૩]થી ભવ્ય રીતે અળગુ કરાઇ રાખ્યું હોવાની વાત કરી દલીલ કરી હતી કે માત્ર અંગ્રેજી શિક્ષણને અહીં રજૂ કરાયું તે બાદ જ આ અલગતાનો અંત આવ્યો હતો. ઉત્તરપૂર્વ અલગતા, અળગાપણુ, અને ભિન્નતાનો આ વિચાર પશ્ચિમી પ્રિન્ટ સંસ્કૃતિના પ્રારંભની અસરથી આવ્યો હતો.[૪]. જોકે આસામના વંશ અતુલ્ય ઇતિહાસ ધરાવે છે અને તેઓ ખૂબજ સરળતા અને સચોટતાપૂર્વક બુરંજી (અજ્ઞાત કથાઓનો ભંડાર) અને કાળક્રમિક રેકોર્ડ ધરાવે છે અને અહીં સદીઓનો અઢળક મૌખિક રેકોર્ડ ઉપલબ્ધ છે. મૌખિક થી સાહિત્યિક સંસ્કૃતિમાં પરિવર્તન ઉત્તરપૂર્વ[૫] ઇતિહાસ અને પરંપરાનો મોટો હિસ્સો ગુમાવવાના રૂપમાં પરિણયું હતું. ઉત્તરપૂર્વના વસાહતીઓનો વાંચન અને લેખન સાથે પરિચય થયો તે બાદ તેઓને આ માનવાની ફરજ પડાઇ હતી કે મૌખિક રીતે કહેવાતી પરંપરાની વાતો માત્ર અસંબંધિત, અસંબદ્ધ અને ખોટી રીતે ઉપજાવેલી કાઢેલી વાર્તાઓ સિવાય બીજું કંઇ નથી[૬].

તેથી જ, પોતાના ઇતિહાસથી વંચિત ઉત્તરપૂર્વના રહેવાસીઓને આ માનવાની ફરજ પડી હતી કે તેમના ક્ષેત્રનો ઇતિહાસ તેવો જ છે, જે તેમને અમેરિકન મિશનો અને બ્રિટિશ સંસ્થાનવાદી ઘૂસણખોરોએ તેમને સિખવ્યો છે. અને સંસ્થાનવાદી તાકાતોએ પ્રમાણિત કર્યા સિવાયની બીજી કોઇ પણ હકીકત અને પશ્ચિમી લેખિત રેકોર્ડ્સ ખોટા અને ભૂતકાળનું અસત્ય વર્ણન છે. આજ



INSTRUMENT OF ACCESSION OF ........TRIPURA STATE.........

WHEREAS the Indian Independence Act, 1947, provides that as from the fifteenth day of August, 1947, there shall be set up an independent Dominion known as INDIA, and that the Government of India Act, 1935, shall, with such omissions, additions, adaptations and modification as the Governor-General may by order specify be applicable to the Dominion of India;

AND WHEREAS the Government of India Act, 1935, as so adapted by the Governor-General provides that an Indian State may accede to the Dominion of India by an Instrument of Accession executed by the Ruler thereof:

NOW THEREFORE

I..........Maharani Kanchan Prabha Devi, President of the Council of Regency, on behalf of His Highness the Minor Ruler of TRIPURA....
~~Ruler of~~..........................................................
in the exercise of my sovereignty in and over my said State Do hereby execute this my Instrument of Accession and

1. I hereby declare that I accede to the Dominion of India with the intent that the Governor-General of India, the Dominion Legislature, the Federal Court and any other Dominion authority established for the purposes of the Dominion shall, by virtue of this my Instrument of Accession, but subject always to the terms thereof, and for the purposes only of the Dominion, exercise in relation to the State of ......TRIPURA.............. (hereinafter referred to as "this State") such functions as may be vested in them by or under the Government of India Act, 1935, as in force in the Dominion of India on the 15th day of August 1947 (which Act as so in force is hereinafter referred to as "the Act").

2. I hereby assume the obligation of ensuring that due effect is given to the provisions of the Act within this State so far as they are applicable therein by virtue of this my Instrument of Accession.


3. I accept the matters specified in the Schedule hereto as the matters with respect to which the Dominion Legislature may make laws for this State.

4. I hereby declare that I accede to the Dominion of India on the assurance that if an agreement is made between the Governor-General and the Ruler of this State whereby any functions in relation to the administration in this State of any law of the Dominion Legislature shall be exercised by the Ruler of this State, then any such agreement shall be deemed to form part of this Instrument and shall be construed and have effect accordingly.

5. The terms of this my Instrument of Accession shall not be varied by any amendment of the Act or of the Indian Independence Act, 1947 unless such amendment is accepted by me by an Instrument supplementary to this Instrument.

6. Nothing in this Instrument shall empower the Dominion Legislature to make any law for this State authorising the compulsory acquisition of land for any purpose, but I hereby undertake that should the Dominion for the purposes of a Dominion law which applies in this State deem it necessary to acquire any land, I will at their request acquire the land at their expense or if the land belongs to me transfer it to them on such terms as may be agreed, or, in default of agreement, determined by an arbitrator to be appointed by the Chief Justice of India.

7. Nothing in this Instrument shall be deemed to commit me in any way to acceptance of any future constitution of India or to fetter my discretion to enter into arrangements with the Government of India under any such future constitution.



2

8. Nothing in this Instrument affects the continuance of my sovereignty in and over this State, or, save as provided by or under this Instrument, the exercise of any powers, authority and rights now enjoyed by me as Ruler of this State or the validity of any law at present in force in this State.

9. I hereby declare that I execute this Instrument on behalf of this State and that any reference in this Instrument to me or to the Ruler of the State is to be construed as including a reference to my heirs and successors.

Given under my hand this.....Thirteenth..........day of August, Nineteen hundred and forty seven.

Kanchan Prabha Devi
..........Maharani of Tripura,
PRESIDENT, COUNCIL OF REGENCY,
TRIPURA STATE.

I do hereby accept this Instrument of Accession.

Dated this. Sixteenth.....day of August, Nineteen hundred and forty seven.

(Governor-General of India)

મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ:પોલિટિકલ ત્રિપુરા સ્ટેટ, ફાઇલ નંબર ૧૫-પી-૪૯, ૧૯૪૯
સ્રોત: નેશનલ આર્કાઇવ્ઝ ઓફ ઇન્ડિયા

પ્રાથમિક કારણ છે, કે શા માટે ઘણા લોકોનો આ મત છે કે ઉત્તરપૂર્વ ભારત વંશીય રીતે અલગ, ધાર્મિક રીતે અલગ અને રાજકીય અને સામાજિક રીતે શેષ ભારતથી અસમાન છે. આ સમજણ સંપૂર્ણપણે ખોટી હકીકતો, ક્ષેત્રની સમજના અભાવ અને બ્રિટિશ તાજે ઘડેલા કાવતરા પર આધારિત છે.

આસામનો સરળ ઇતિહાસ, મધ્ય ભારત સાથે તેના અલગ ન કરી શકાય તેવા ઇતિહાસ વિશે જણાવે છે. ઉદાહરણ તરીકે સ્વતંત્રતા પૂર્વ ત્રિપુરાના અંતિમ શાસક મહારાણી કંચનપ્રભા દેવી, મધ્ય પ્રદેશના રિવા રાજ્યના રાજકુમારી હતા.

જેઓ ત્રિપુરાના શાસક [૭] સાથે પરણ્યા હતા. કંચનપ્રભા દેવીએ જ ત્રિપુરાના ભારત સંઘ સાથે જોડાણના દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. ઉત્તરપૂર્વના દક્ષિણ ભારત, બિહાર, ઓડિશા અને મધ્ય ભારત સાથેના વેપાર સંબંધો પ્રાચીન સમયથી જ ધબકતા રહ્યા છે [૮].

વિશિષ્ટ ભૌગોલિક સ્થાન ક્ષેત્રની સરહદોને પાંચ વિદેશી સત્તાઓની સરહદોને સ્પર્શ કરે છે, જે સત્તાઓમાં ચીન, મ્યાનમાર, બાંગ્લાદેશ, ભૂટાન અને નેપાળનો સમાવેશ થાય છે. આ પાંચ દેશોથી ક્ષેત્ર ઘેરાયેલું છે અને ક્ષેત્ર ભારત સાથે ખૂબજ સાંકડા જમીન માર્ગે જોડાયેલું છે. ઐતિહાસિક રીતે ઓળખાયેલા નામો જેમકે પ્રાગજ્યોતિષપુરા, કામરૂપ અને આસામ [૯], સાથે ક્ષેત્ર સદીઓથી સનાતન ધર્મની વિચારધારા સાથે ઓતપ્રોત હોવાની સાથે હિન્દૂ જીવનશૈલી સાથે જોડાયેલું છે. આસામ વિશે ઓછી જાણીતી હકીકત આ છે કે ભારતના પ્રાંતોમાં તે એકમાત્ર એવું પ્રાંત છે, જેણે ભારતમાં ઇસ્લામિક શાસનકાળના સમગ્ર સમય દરમિયાન ઇસ્લામિક ઘૂસણખોરીને હાર આપી છે.

## ઉત્તરપૂર્વ ભારત: ઐતિહાસિક સ્પષ્ટીકરણ

ભારતના ઉત્તરપૂર્વ ક્ષેત્રને ઐતિહાસિક રીતે ત્રણ નામે ઓળખવામાં આવે છે, પ્રજ્ઞાજ્યોતિષપુરા, આસામ અને કામરૂપ, મૌખિક ઇતિહાસ કરતાં અલગ આસામનો પહેલા ઉલ્લેખ કાલિકાપુરાણ, વિષ્ણુપુરાણ અને જોગિનિ તંત્રમાં જોવા મળે છે. પુરાણ અને તંત્રમાં પણ આસામનો ઉલ્લેખ કામરૂપ પ્રદેશ તરીકે થયેલો જોવા મળે છે જ્યારે મહાભારતમાં આ પ્રાંતનો ઉલ્લેખ પ્રજ્ઞાજ્યોતિષપુરા તરીકે કરાયેલો છે [૧૦].

આસામના રેકોર્ડ ઇતિહાસનો પ્રારંભ નિધનપુર કોપર પ્લેટ ગ્રાન્ટ અને ડૂબી પ્લેટ્સના ડિકોડિંગથી શરૂ થાય છે. ધ નિધનપુરન કોપર પ્લેટ્સ ગ્રાન્ટ[૧૧] આસામના ઇતિહાસને પૌરાણિક પ્રતથી રેકોર્ડેડ ઇતિહાસ તરફ લઇ જાય છે. નિધનપુર તાંબાની તકતી, જેમાં સીલ સાથે તાંબાની સાત પ્લેટ હતી, તે ૧૯૧૨માં હાલના બાંગ્લાદેશમાં આવેલા સિલહાટના પંચખંડા પરગણાના નિધનપુરા ગામમાંથી એક ખેડૂતને મળી આવી હતી. ખેડૂતે તેને વિભિન્ન લોકોને વેચી હતી પણ સદ્‌ભાગ્યે પદ્મનાથ ભટ્ટાચાર્યે તે પ્લેટો પૈકીની પહેલી, બીજી, ત્રીજી, છઠ્ઠી અને સાતમી

પ્લેટ કે તકતી મેળવવામાં સફળતા મેળવી હતી તે ઉપરાંત પણ એક અન્ય તકતી મેળવી હતી જે કદાચ આઠમી કે ચોથી કે પાંચમી હતી જેના વિશે વિભિન્ન જરનલોમાં ચર્ચા કરાઇ છે. અંતે તેમણે તકતી પરના લખાણને કામરૂપશાસનાવીમાં સંપાદિત કરી હતી. ચોથી સદીથી શરૂ કરી, નિધનપુરમાંથી મળી આવેલી આ તાંબાની તકતીઓ પર વર્મન વંશની વંશાવલી લખેલી હતી, જે સાતમી સદી સુધી સત્તા પર હતો. બાણ ભટ્ટના હર્ષ ચરિત,[૧૨], અને હ્યુએન સાંગના સી-યુ-કીમાં પણ સાતમી સદી સુધીના આસામના ઇતિહાસને વર્ણવાયેલો છે [૧૩].

કૂચ વંશાવલી સાથે રત્ન પાલ અને ધર્મપાલના તાંબાના શિલાલેખે ૧૩મી સદીના શાસકો અંગેના અંતરને દૂર કર્યુ હતું [૧૪]. ઇસવીસન ૧૨૨૮માં, જ્યારે અહોમ રાજાએ કૂચ રાજાઓ સામે યુદ્ધ કર્યુ હતું ત્યારે તેમણે આ ક્ષેત્રને આસામ કહેવાનું શરૂ કર્યુ હતું. અહોમ શાસકો ઇતિહાસ પ્રત્યે સભાન શાસકો પૈકીના હતા અને જેઓ ઉચ્ચ કક્ષાના ઇતિહાસકારો ધરાવતા હતા. અહોમ પૂજારીઓ અને અગ્રણીઓ બુરંજી (અજ્ઞાત કથાઓનો ભંડાર) ધરાવતા હતા જેને તબક્કાવાર સુધારવામાં આવતી હતી. તેમને ભોજપત્ર પર લખાતા હતા અને તેને ધ્યાનપૂર્વક સંભાળીને રાખવામાં આવતા હતા અને પિતા તેને પોતાના પુત્રને સોંપતા હતા.[૧૫]

મૌખિક ઇતિહાસ આસામ શબ્દને સંસ્કૃતના શબ્દ અસમાના અપભ્રંશ તરીકે ગણાવે છે. જેનો અર્થ અસમાન થાય છે.નામાંકિત પ્રાચીન સંત અને આસામના સામાજિક-ધાર્મિક સુધારક શંકરવેદે સોળમી સદીના પ્રારંભમાં આસામી ભાષામાં લખેલા પોતાના ગ્રંથ ભાગવત પુરાણમાં આસામ નામને લોકપ્રિય બનાવ્યુ હતું. [૧૬]. પ્રાચીન સમયથી જ હિન્દુ જીવનશૈલીને સ્વીકારીને ચાલનાર આસામ, ભારતનું એકમાત્ર એવું રાજ્ય છે જેણે મુસ્લિમોની ઘૂસણખોરી સામે માથું નથી નમાવ્યું. ૧૩મી સદીના પ્રારંભમાં મુહમ્મદ બખ્તિયાર ખિલજીએ આસામ પર હુમલો કર્યો હતો અને કૂચ રાજાના હાથે કારમી હાર સહેવી પડી હતી.[૧૭]. બખ્તિયાર ખિલજીની સેનાની ભારે ખુવારી થઇ હતી અને ખિલજી પોતાના બાકી રહેલા ગણતરીના લશ્કર સાથે બચીને બંગાળ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જ્યારે મુગલ સત્તાના સેનાપતિ મીર જુમલાએ આસામ પર હુમલો કર્યો ત્યારે પણ ઇતિહાસનું પુનરાવર્તન થયુ હતું, જુમલાએ ૧૬૬૩માં આસામ પર હુમલો કર્યો હતો અને તેના હાલ પણ ખિલજી જેવા થયા હતા.[૧૮]. જુમલાએ આ દુસ્સાહસમાં અહોમ રાજા જયધ્વજ સિંહના હાથે માત્ર હાર જ નહોતી ખમવી પડી બલ્કે તેણે અહોમ રાજા સાથે એક અપમાનજનક સંધિ પર પણ હસ્તાક્ષર કરવા પડ્યા હતા. મીર જુમલાના સત્તાવાર ઇતિહાસકારે લખ્યુ હતું કે, આવી સમાન બીના દિલ્હીના ઇતિહાસમાં પહેલા કયારેય નહોતી સર્જાઇ.[૧૯]. આસામ હંમેશાં હુમલાખોર મુસ્લિમો અને તેમના સમાનધર્મીઓના કબજાથી દૂર રહ્યું હતું. આ પ્રાંત ખૂબજ નજીકથી પ્રાચીન ભારત સાથે જોડાયેલું રહ્યું હતું અને તે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયાથી[૨૦] આવેલા ઘૂસણખોરો સામે લડવાના ઉત્તર ભારતના શાસકોની વૃત્તિને અનુસર્યુ છે. ઉદાહરણ તરીકે પૃથ્વીરાજ ચૌહાણે દિલ્હીના શાસક મોહમ્મદ ઘોરીને બારમી સદીમાં બે વાર હાર આપી હતી. અને બંને વાર તેણે મુસ્લિમ શાસકને માફી આપીને છોડી દીધો હતો. જ્યારે ત્રીજી વારના યુદ્ધમાં ઘોરીનો વિજય થયો હતો, ત્યારે તેણે તરત જ પૃથ્વીરાજ ચૌહાણનો વધ કરાવી દીધો હતો. ઉત્તર ભારતના રાજ્યોની તેઓ ચઢિયાતી શક્તિ અને યુદ્ધની તૈયારી ધરાવતા હોવા છતાં પણ ઇસ્લામિક સત્તાધીશો સામે સમર્પણ કરી દેવાની વૃત્તિ રહી હતી.

મુહમ્મદ બખ્તિયાર ખિલજી સાથે ૧૨૦૫માં તેની આસામ પર ચડાઇ દરમિયાન ગયેલા મુસ્લિમોએ અહીં સ્થાનિક આદિવાસી સમુદાયના યોદ્ધાઓ તરફથી જોરદાર મુકાબલાનો સામનો કરવાનો વારો આવ્યો હતો અને પરિણામે ખિલજીની સેનાએ તરતજ પીછેહઠ કરવી પડી હતી.[૨૧]. જેમ ઉપર જણાવ્યું છે તેમ ખિલજીના નિષ્ફળ પ્રયાસ બાદ પણ ઘણા મુસ્લિમોએ અહીં હુમલાના પ્રયાસ કર્યા હતા જેમાં ઔરંગઝેબનો સેનાપતિ મીર જુમલા સામેલ હતો, જેણે પણ આસામમાં નિષ્ફળતાનો સામનો કર્યો હતો.[૨૨]. જોકે, આ સમય સુધીમાં મુસ્લિમ સૈનિકોએ પોતાના પરાજીત સેનાપતિઓ સાથે પરત જવાના સ્થાને આસામમાં જ રહેવાનું પસંદ કર્યુ હતું. [૨૩] આ લોકોએ સ્થાનિક આસામી કન્યાઓ સાથે લગ્ન કર્યા હતા જેમના કેટલાક સંબંધીઓએ પણ ઇસ્લામ અંગીકાર કર્યો હતો.

જે બારીકી સાથે મુસ્લિમોએ સ્થાનિક સંસ્કૃતિને અપનાવી હતી, તેને જોતા મીર જુમલાના સત્તાવાર ઇતિહાસકારને આ નોંધ કરવાની ફરજ પડી હતી કે આસામના મુસ્લિમોમાં ઇસ્લામના નામ સિવાય તેમને ઇસ્લામ સાથે કોઇ લેવાદેવા નથી. તેમના હૃદય મુસ્લિમો પ્રત્યે ઝુકવાને બદલે આસામીઓ તરફ વધુ ઢળેલા છે[૨૪]. તેવી જ રીતે ૧૭મી સદીના મધ્ય ભાગમાં મુસ્લિમ સંત હઝરત શાહ મિલોન, જેઓ અઝાન ફકીર તરીકે જાણીતા હતા, તેઓ આસામમાં આવ્યા હતા. કહેવાય છે કે એક ફકીર અને સુફી સંત હોવાને કારણે તેઓ આસામમાં ઇસ્લામને સ્થિર કરવામાં સફળ રહ્યા હતા.[૨૫]

મુગલ તેમજ બ્રિટિશ કાળ દરમિયાન, આસામને ત્રણ ક્ષેત્રમાં વહેંચી દેવાયુ હતું. સિલહટ, મણિપુર અને આસામ. આ ત્રણ ક્ષેત્રોએ વિદેશીઓ મુખ્યત્વે મુગલો, બર્મિસ, અને બ્રિટિશરો સાથે અલગ-અલગ રીતે વ્યવહાર કર્યો હતો. ૧૭૬૫માં સિલહટ

બંગાળની સાથે જ બ્રિટિશરોના હાથમાં ગયું હતું.[૨૬]. મુગલ શાસનકાળ દરમિયાન, ૧૭મી સદીના પ્રારંભિક સમયમાં ક્ષેત્રનો મુસ્લિમો સામે પહેલવહેલો સામનો થયો હતો. આઈન-એ-અકબરીમાં અબુલ ફઝલે સ્પષ્ટ રીતે લખ્યું છે કે સિલહટ એક સ્વતંત્ર ક્ષેત્ર હતું.[૨૭]. ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન કહેવાય છે કે સિલહટના રાજા ગોબિંદને દિલ્હી બોલાવાયા હતા અને તેમણે ઇસ્લામનો અંગીકાર કર્યો હતો.[૨૮]. રાજા ગોબિંદના ધર્માંતરણ બાદ કેટલાક મુસ્લિમો સિલહટમાં સ્થિર થયા હતા અને આ સાથે જ આસામ અને તેને અડીને આવેલા વિસ્તારોમાં ઈસ્લામિક હાજરીનો પ્રારંભ થયો હતો.

૧૭૫૭માં પ્લાસીના યુદ્ધ બાદ, જ્યારે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બંગાળમાં પોતાનો વહીવટ સ્થાપિત કર્યો હતો અને જ્યારે આસામ ૧૮૨૬માં યંદાબો સંધિ બાદ કંપનીના સંરક્ષણ હેઠળ આવ્યુ હતું, ત્યારે બે અન્ય પ્રાંતોના મુસ્લિમોએ એકબીજા સાથે વ્યવહાર શરૂ કર્યા હતા. બંગાળથી મોટી સંખ્યામાં મુસ્લિમો આસામ સ્થળાંતરણ કરી ગયા હતા અને તેઓ અહીં વસ્યા હતા. નવા વસાહતીઓને તેમના સાથી સહધર્મીઓએ આસામ આવીને રહેવા અને સ્થાયી થવા પ્રોત્સાહિત કર્યા હતા.[૨૯]

મણિપુર અને આસામમાં છેક ૧૭૫૫થી ૧૮૨૬ સુધી બર્માની ઘૂસણખોરીનો ખતરો તોળાતો રહ્યો છે. ૧૮૨૪માં અહોમ વંશના પુરંદર સિંહે બર્માની સેનાની ઘૂસણખોરીનો સામનો કરવો પડ્યો હતો. તે બાદ અહોમ રાજાએ બ્રિટિશ રાજકીય અધિકારી ડેવિડ સ્કોટ સાથે વાટાઘાટો શરૂ કરી હતી જેથી આસામને બર્માની આક્રમકતા સામે બચાવી શકાય. જોકે, તેઓ પોતાની સ્વતંત્રતા સાથે સમાધાન કરતા અચકાતા હતા. અને આસામ માટે બ્રિટિશ પ્રભાવ અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મદદને ટાળવી શક્ય નહોતી. પ્રથમ એંગ્લો-બર્મીઝ યુદ્ધનો અંત ૨૪ ફેબ્રુઆરી, ૧૮૨૬ની યાંદબાઓ સંધિ સાથે અંત આવ્યો હતો.[૩૦] સંધિ અનુસાર બર્મા આસામની બાબતોમાં માથું નહીં મારવા સહમત થયુ હતું અને તેમણે મણિપુરના રાજા ગંભીરસિંહને માન્યતા આપી હતી.

બ્રિટિશરો સાથે વાટાઘાટો કરીને આસામે પોતાની પ્રાદેશિક સરહદને બર્મા સામેથી તો બચાવી લીધી હતી પણ યાંદબાઓ સંધિએ અન્ય વિદેશી સત્તાની પકડને મજબૂત બનાવી હતી જે ખ્રિસ્તિઓના નેતૃત્વ હેઠળની બ્રિટિશ ઈન્ડિયા કંપની હતી. કંપનીએ પશ્ચિમી આસામ પર નિયંત્રણ કર્યુ હતું. અલબત કંપનીએ આહોમ રાજાને પોતાનું શાસન ચલાવવા દીધું હતું પણ પરોક્ષ રીતે પોતાનું નિયંત્રણ ચાલુ કરતા તેણે અહોમ રાજધાનીમાં પોતાના રાજકીય એજન્ટને બેસાડ્યો હતો. ગોબિંદ ચંદ્રને કાચરના રાજા તરીકે બેસાડવામાં આવ્યા હતા જેમણે ૬ માર્ચ ૧૮૨૪ની બદરપુર સંધિ અનુસાર ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે ગઠબંધનને સ્વીકાર્યુ હતું અને વાર્ષિક ૧૦,૦૦૦ રૂપિયા કંપનીને આપવા સહમતી દર્શાવી હતી.[૩૧] કંપનીએ પુરંદર સિંહને ઉપલા આસામના રાજા તરીકે ૧૮૩૨માં ફરી બેસાડ્યા હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પકડ પછી ધીમે-ધીમે વિસ્તારમાં વધવા લાગી હતી.

૧૮૩૮ સુધીમાં અપર આસામ, ખાસી ટેકરીઓ, જેન્તિયા સામ્રાજ્ય, કાચર, ગારો હિલ્ટ અને ખામતિસ સહિત સમગ્ર ક્ષેત્રને આવરી લેવાયું હતું.[૩૨]. પ્રાંતને પછી ૧૮૩૮માં બંગાલ પ્રેસીડેન્સીનો ભાગ બનાવી દેવાયો હતો. વર્ષ ૧૮૭૪ સુધીમાં આસામને બંગાળથી અલગ કરી દેવાયું હતું અને ઉત્તરપૂર્વ સરહદી નોન-રેગ્યુલેશન પ્રાંત અથવા આસામ-ચીફ કમિશ્નરશિપની રચના કરાઇ હતી. [૩૩]. બ્રિટિશ રાજે સરકારના કેન્દ્ર તરીકે પ્રેસીડેન્સીસના વિચારને અમલમાં મુક્યો હતો. ૧૮૩૪ સુધી જ્યારે જનરલ લેજિસ્લેટિવ કાઉન્સિલની રચના કરાઇ હતી અને દરેક પ્રેસીડેન્સીમાં તેના ગર્વનર અને કાઉન્સિલને સરકાર માટે તથાકથિત નિયંત્રણો માટે સંહિતા ઘડવાની સત્તા અપાઇ હતી. તેથી કોઇપણ પ્રાંત કે ક્ષેત્ર જેને સંધિ કે યુદ્ધ મારફત પ્રેસીડેન્સી સાથે જોડવામાં આવતા તે સંબંધિત પ્રેસીડેન્સીના નિયંત્રણો અને ધારાધોરણો હેઠળ આવતી હતી. જોકે, તેવા ક્ષેત્રો કે પ્રાંતો જેમને પ્રાપ્ત કરી લેવાયા હોય પણ કોઇપણ ત્રણ પ્રેસીડેન્સી સાથે જોડવામાં ન આવ્યા હોય, ત્યાં તેમના સત્તાવાર સ્ટાફને ગર્વનર જનરલ પૂરા પડાતા હતા અને ત્યાં બંગાળ, મદ્રાસ કે બોમ્બે પ્રેસીડેન્સીના ધારાધોરણો લાગુ નહોતા પડતા. આવા પ્રાંતો નોન-રેગ્યુલેશન પ્રોવિન્સ તરીકે જાણીતા હતા અને ૧૮૩૩ સુધી આવા સ્થળોમાં વિધાયી સત્તા માટેની કોઇ જોગવાઇ નહોતી.

૧૯૦૫-૧૯૧૧માં બંગાળના ભાગલા દરમિયાન આસામને નવા પૂર્વ બંગાળ અને આસામમાં રખાયુ હતું. ૧૯૧૨માં બંગાળના ભાગલા બાદ આસામ એક અલગ પ્રાંત બન્યુ હતું. [૩૪]

આસામની વિસ્તૃત ખીણો અને પહાડીઓએ મોટી સંખ્યામાં મુસ્લિમ ખેડૂતો અને વસાહતીઓને આકર્ષિત કર્યા હતા, જેમણે અહીં ઇસ્લામના પ્રસારમાં પ્રદાન કર્યુ હતું. તેટલી હદ સુધી કે તે બાદના સમયમાં આસામમાં મુસ્લિમોની સંખ્યામાં એટલો વધારો થયો હતો કે ૧૯૩૭ની ધારાસભામાં ગઠબંધન સરકાર બેઠી હતી.

ગઠબંધન સરકારમાં મુસ્લીમ લીગના નેતા સાદુલ્લા સામેલ હતા.[૩૫] મોહમ્મહ સાદુલ્લા ૧ એપ્રિલ ૧૯૩૭થી ૧૦ સપ્ટેમ્બર ૧૯૩૮ સુધી, ૧૭ નવેમ્બર ૧૯૩૯થી ડિસેમ્બર ૧૯૪૧ અને ૨૪ ઓગસ્ટ

૧૯૪૨થી ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૫ વચ્ચે મુખ્યમંત્રી બન્યા હતા. ૨૩ માર્ચ ૧૯૪૦ના રોજ જ્યારે મુસ્લિમ લીગે પોતાના લાહોર અધિવેશનમાં અલગ પાકિસ્તાનનો ઠરાવ પાસ કર્યો હતો, ત્યારે સાદુલ્લા ઓલ ઇન્ડિયા મુસ્લિમ લીગની એક્ઝીક્યુટિવ કમિટીના સભ્ય હતા.[૩૬].

સર મોહમ્મદ સાદુલ્લાના મુસ્લિમ લીગ મંત્રાલય દરમિયાન રાજકીય કારણોસર બંગાળના મુસ્લિમોને આસામમાં લાવવા માટે નક્કર પ્રયાસો થયા હતા. ડિસેમ્બર ૧૯૪૩માં આસામની મુલાકાત બાદ તત્કાલીન વાઇસરોય લોર્ડ વેવેલે વાઇસરોય જરનલમાં લખ્યુ હતું કે, અહીંની મુખ્ય રાજકીય સમસ્યા મુસ્લિમ મંત્રીઓની બંગાળથી મુસ્લિમોને લાવીને અહીંની વણખેડાયેલી જમીન પર વધુ ખાદ્યાન્ન પેદા કરો સૂત્ર હેઠળ વધુને વધુ સંખ્યામાં વસાવવાની વૃતી છે પણ હકીકતમાં તેઓ વધુ મુસ્લિમો પેદા કરવા માટે પ્રયાસરત છે.[૩૭].

ભારતના ભાગલા બાદ સાદુલ્લાએ આસામમાં રહેવાનો નિર્ણય કર્યો હતો અને તેઓ ઉત્તરપૂર્વના એકમાત્ર એવા સભ્ય હતા, જેમની ૧૯૪૭માં ભારતની કન્સ્ટીટ્યૂઅન્ટ એસેમ્બલીની ડ્રાફ્ટિંગ કમિટીમાં સામેલ કરાયા હતા.[૩૮].

૬-૭ જુલાઈ, ૧૯૪૭ દરમિયાન ભારત સરકારે સિલહટ જનમત સંગ્રહ કરાવવાનો નિર્ણય કર્યો હતો, જેથી સિલહટના ભાવિનો નિર્ણય કરી શકાય. મતદાતાઓને અહીં બે વિકલ્પ અપાયા હતા કાંતો ભારત સાથે જોડાવ અથવા પાકિસ્તાન સાથે જોડાવ. મુસ્લિમોની બહુમતિ ધરાવતા સિલહટે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો હતો. ૪૨૩૬૬૦ મત પૈકી ૫૬.૫૬ ટકા મત પાકિસ્તાન સાથે જોડાવાના પક્ષમાં પડ્યા હતા. જ્યારે ૪૩.૪૪ ટકા મત ભારત સાથે રહેવાના પક્ષમાં પડ્યા હતા.[૩૯]. ૩ જુન, ૧૯૪૭ના રોજ વાઇસરોય લોર્ડ માઉન્ટબેટને જાહેરાત કરી હતી. આસામ એક મુસ્લિમોની બહુમતિ ધરાવતું રાજ્ય નહીં હોવા છતા સિલહટ મુસ્લિમોની બહુમતિ ધરાવતા બંગાળ સાથે જોડાય છે જ્યારે આસામનો બાકીનો ભાગ ભારત સાથે બની રહેશે.[૪૦].

| **ક્રમાંક** | **રજવાડાનું નામ** | **દસ્તાવેજની વિગતો** |
|---|---|---|
| ૧. | આસામ | ૧. આસામ<br>૨. મણિપુર<br>૩. સિક્કિમ |
| ૨. | બંગાળ | ૧. ત્રિપુરા<br>૨. કૂચ બિહાર |
| ૩. | ખાલી હિલ સ્ટેટ | ૧. ભોવાલ સ્ટેટ<br>૨. છેરા સ્ટેટ<br>૩. દ્વારા નાંગત્યાનમેન સ્ટેટ<br>૪. જિરંગ સ્ટેટ<br>૫. ખુરિયમ સ્ટેટ<br>૬. લાંગ્રિન સ્ટેટ<br>૭. લિનિઓંગ સ્ટેટ<br>૮. મહરામ સ્ટેટ<br>૯. મલાઇસોહમલ સ્ટેટ<br>૧૦. માવદૉન સ્ટેટ<br>૧૧. માવિયાંગ સ્ટેટ<br>૧૨. માવલૉગ સ્ટેટ<br>૧૩. માવફલાંગ સ્ટેટ<br>૧૪. માવસિનરામ સ્ટેટ<br>૧૫. માયલિયમ સ્ટેટ<br>૧૬. માયરિયન સ્ટેટ<br>૧૭. નાંગખલૉ સ્ટેટ<br>૧૮. નાગલાવી સ્ટેટ<br>૧૯. નોબસોહપોહ સ્ટેટ<br>૨૦. નાંગસ્પંગ સ્ટેટ<br>૨૧. નોંગસ્ટેઇન સ્ટેટ<br>૨૨. પામસાંગુટ સ્ટેટ<br>૨૩. રામબ્રાઈ સ્ટેટ<br>૨૪. શેલા કન્ફેડેરસી સ્ટેટ<br>૨૫. સોહિઓંગ સ્ટેટ |

સ્રોતઃ નેશનલ આર્કાઇઝ ઓફ ઇન્ડિયા

સિલહટ જનમત સંગ્રહ વિશેષ પૃષ્ઠભૂમી ધરાવતો હતો. સિલહટ એ હિન્દૂઓની બહુમતિ ધરાવતા આસામનો મુસ્લિમોની બહુમતિ ધરાવતો જિલ્લો નહતો. બલ્કે તે સિલહટી ભાષા બોલતો મુસ્લિમ વિસ્તાર હતો. બૌદ્ધિકોની એવી દલીલ હતી કે સિલહટના મુસ્લિમો મુસ્લિમ લીગના સમર્થકો હોવાથી આ નિર્ણય આસામમાં કોંગ્રેસ પાર્ટીની સ્થિતિને મજબૂત કરવા માટે લેવાયો હતો. કોંગ્રેસ નેતાઓ જાણીજોઇને મુસ્લિમોની મોટી વસતી ધરાવતા સિલહટને પૂર્વ પાકિસ્તાનને આપ્યું હતું. કેબિનેટ મિશન સાથે પોતાની ચર્ચા દરમિયાન કોંગ્રેસ નેતા ગોપીનાથ બારદોલોઇએ સિલહટને પૂર્વ બંગાળને સોંપવાની પોતાની ખેવના દર્શાવી હતી.[૪૧].

ચોથી સદીથી શરૂ કરીને ભારતની સ્વતંત્રતા સુધી આસામનું શાસન ચાર મુખ્ય રાજવંશો દ્વારા કરાયુ હતું. અને આટલા લાંબા સમય સુધી સ્થાનિક મૂળના ના હોય અને સ્થાનિક લોકોના સમર્થન, પર્વતીય આદિવાસીઓ અને પડોશી પ્રાંતોના સમર્થન વિના શાસન ચલાવવું અશક્ય હતું.[૪૨].

સ્વતંત્રતાના સમયે, ઉત્તરપૂર્વનો પાયાનો અર્થ આસામ અને મણિપુર અને ત્રિપુરા રજવાડા તેમ થતો હતો. સ્વતંત્રતા પહેલા ૨૫ ખાસી રાજ્યોએ ૧૯૪૬માં ખાસીઓનો પરિસંઘ બનાવ્યો હતો.

ભારતની સ્વંત્રતાના સમયે અને તે બાદ ઉત્તરપૂર્વના રાજ્યોનું ભારતમાં વિલિનિકરણ વખતે અલગ થવા મુદ્દે કોઇ ચર્ચા નહોતી. ભારતના એક ઝાકઝમાળ યુક્ત વિસ્તાર હોવાના ભાગ તરીકે ઉત્તરપૂર્વ રાજ્યોએ ભારત સાથે કોઇપણ પ્રકારના બીજા વિચાર કે ખચકાટ વિના જોડાણ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. તે સમયે સ્વતંત્ર રહેવાનો કે અલગતાવાદનો ઝોક કોઇ રાજ્યમાં જોવા નહોતો મળ્યો. ત્રિપુરાએ ૧૩ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ જોડાણ સંધિ પર સહી કરી હતી, જ્યારે તેના ત્રણ દિવસ બાદ ગર્વનર જનરલ લોર્ડ માઉન્ટબેટને ૧૬ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ જોડાણ સંધિને સ્વીકારી હતી. ૨૧ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ મહારાજા બુદ્ધચંદ્ર સિંહે પોતાના રાજ્યને ભારત સંઘ સાથે વિલિન કરવા માટેની સંધિ પર સહી કરી હતી.

ખાસી રાજ્યોના મહાસંઘે ૮ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતીય સંઘ સાથે સંરક્ષણ, દૂરસંચાર અને વિદેશ નીતિ એમ ત્રણ શરતો સાથે ભારત સંઘ સાથે જોડાવાની જાહેરાત કરી હતી. પચીસ પૈકીના વીસ રાજ્યોએ ભારત સાથે જોડાણની સંધિ પર ૧૫ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ હસ્તાક્ષર કર્યા હતા. નોબોસોપોહએ ૧૧ જાન્યુઆરી ૧૯૪૮, માલવોંગે ૧૦ માર્ચ, ૧૯૪૮ અને રામબ્રાઇએ ૧૭ માર્ચ, ૧૯૪૮ અને નોંગસ્ટોઇને ૧૯ માર્ચ ૧૯૪૮ના રોજ સહી કરી હતી. ૨૧ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ મહારાજા બુદ્ધચંદ્રે પોતાના રાજ્યને ભારતમાં વિલિન કરતી સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા. ખાસી હિલ્સ સ્ટેટ રાજ્યોની જોડાણ સંધિને ગર્વનર જનરલે ૧૭ ઓગસ્ટ ૧૯૪૮ના રોજ સ્વીકૃતિ આપી હતી.

**Footnote :**


1) Alexander Mackenzie, 'History of the Government with the Hill Tribes of the North-East Frontier of Bengal', Calcutta: Home Department Press, 1884, pp-1.

2) Ibid, pp-1.

3) H.K. Barpujari edited, 'Political History of Assam', Vol.1, 1826-1919, Government of Assam, Calcutta: K.G. Pal Nabajiban Press, 1977, pp-125.

4) Tezenlo Thong, 'Progress and Its Impact on the Nagas', New York: Ashgate Publication, 2017, pp-41.

5) Ibid, pp-41.

6) Ibid, pp-42.

7) National Archives of India (NAI), 'Payment of Privy Purse to Tripura King', Ministry of State: Political: Manipur, Tripura, Coach-Bihar, File No: 15(73) P/49, 1949.

8) NAI, 'Administrative Report of Tripura State (1943-1944)', Ministry of State: Political: Tripura State, File No: 15-P/49, 1949.

9) StenKonow ed., Epigraphia Indica, Vol. XII (1913-14), Calcutta: Archaeological Survey of India, 1982; Rao Bahadur H. Krishna Sastri ed., Vol. XIX, (1927-28), Calcutta: Archaeological Survey of India, 1983; Pratap Chandra Choudhury, The history of civilisation of the people of Assam to the twelfth century, Publisher: Dept. of Historical and Antiquarian Studies in Assam, 1959, pp-448; NayanjotLahiri, Pre-Ahom Assam, New Delhi: MunshiramManoharlal Publishers Pvt Ltd, 1991,pp-14.

10) The Mahabharata, Book 6, BhishmaParva, Gorakhpur: Gita Press, 1997.

11) P.N. Bhattaeharya, E.I., Vol. XII, No. 13; Vol. XIX, No. 19; Vol. XIX, No. 40; Kamarupasasanavali, Gauhati: Publication Board, Assam, pp-1-43.

12) R.P. Shastri, E.P. Cowell & P.W. Thomas, 'Banabhatta's Harshacharita', New Delhi: Global Vision Publishing House, 2017.

13) HuenTsiang, 'Si-Yu-Ki: Buddhist Records of the Western World', translated by Samuel Beal, Vol. I, pp-404.

14) P.C. Choudhury, 'Historical Materials in the Coratbari Copperplate Grant of

Ratnapalavarmadeva', Vol. I, Part I & II,1977, pp-61-69.

15) Edward Gait, 'A History of Assam', Guwahati: EBH Publishers, 2008, pp-iii.

16) kira Takachhaari khaachigaaromiri; yavanaka~ Nkagovaala; asamamaluka dhobaa ye turuka; kubaachamlechchhacha N Daala, The Bhagavata of Sankaradeva, original copy in Asamese language.

17) Major H. Raverty, 'Minhaj-e-Siraj'sTabaqat-i-Nasiri', Vol. I, London: Gilbert & Rivington, 1980, pp-561-69.

18) Provincial Gazetteer of Assam, Delhi: Central Publishing House, pp-15-16.

19) Jadunath Sarkar, 'Shihabuddin Talish's Fathiya- iibriyya', Journal of the Asiatic Society of Bengal, Vol. lll, New Series, No. 6, June 1907.

20) Emphasize mine.

21) Assam State Gazetteer, Vol.1, edited by Amlan Baruah, Government of Assam, Guwahati: 1999, pp-278.

22) Jadunath Sarkar, 'Shihabuddin Talish's Fathiya- iibriyya', Journal of the Asiatic Society of Bengal, Vol. lll, New Series, No. 6, June 1907, pp-420.

23) Amlan Baruah, 'Assam State Gazetteer', Vol.1, Guwahati: Government of Assam, 1999, pp-278.

24) ShihabuddinTalish, Fathiya-iibriyya as quoted in Edward Gait, A History of Assam, Guwahati: EBH Publishers, 2013, pp-153.

25) Amlan Baruah, 'Assam State Gazetteer', Vol.1, Guwahati: Government of Assam, 1999, pp-279.

26) Alexander Crawford Lindsay, 'Lives of the Lindsays, or, A memoir of the houses of Crawford and Balcarres', Vol. III, London: J. Murray, 1849, pp-163.

27) AbulFazlAllami, 'Ain-I-Akbari', Vol. II, translated from original Persian by Col. H.S. Jarrett, Published by Asiatic Society of Bengal, Calcutta, 1938, pp-125.

28) Edward Gait, A History of Assam, Guwahati: EBH Publishers, 2008, pp-329.

29) Jayashree Roy, 'Decentralization of Primary Education in Autonomous District Council of KarbiAnlong - Assam', National Institute of Educational Planning and Administration, 2003, pp-10.

30) Major J.J. Snodgrass, 'Narrative of the Burmese War', Second Edition, London: John Murray, 1827.

31) C. U. Aitchison, ed. 'A Collection of Treaties, Engagements and Sanads: Relating to India and Neighboring Countries', Vol. XII, Calcutta: Government of India Central Publication Branch, 1931, pp-230-233.

32) F. Jenkins, 'Report on the North-East Frontier of India: A Documentary Study', Spectrum Publication, XXXIII, 1995, pp-177.

33) Stephen B. Roman, 'Land-Systems of British India', Vol. I, Oxford: Oxford University Press, 1892, pp-89.

34) William Cooke Taylor, 'A Popular History of British India', London: James Madden & Co., 1842, pp-505-507.

35) Hossain Ashfaque, 'The Making and Unmaking of Assam-Bengal Borders and the Sylhet Referendum', Modern Asian Studies; January 2013, Vol. 47, Issue 1, pp-250-287.

36) Jamala-ud-din Ahmed, Edited, 'Speeches and Writings of Mr. Jinnah', Vol.l, pp-116-118.

37) Lord Wavell, 'Viceroy's Journal', London Publication, 22 December 1943.

38) The London Gazette: Official Public Record, London: 4 June 1946, pp-2762.

39) Telegram from the Governor of Assam to the Viceroy, Referendum in Sylhet, 10R, R/3/1/158, File No. 1446/20/GG/143-12 July 1947.

40) India Office Record, R/3/1/158, 3 June statement 1947, London.

41) Pyarlel Moon, Divide and Quit, New Delhi: Oxford University Press, 1998, pp-234.

42) B.B. Kumar, 'Keynote Address at the National Seminar on Hill-Valley Connection in the Northeast India', organized by Northeast Centre, New Delhi at Jawaharlal Nehru University, New Delhi, 5 January 2018.

**સરોજ કુમાર રથ યુનિવર્સિટી ઓફ દિલ્હી ખાતે આસિસ્ટન્ટ પ્રોફેસર છે અને નવી દિલ્હીના નોર્થ-ઈસ્ટ સેન્ટર સાથે જોડાયેલા છે.**

**E-mail:**

**saroj1saroj@gmail.com**

**અરૂણ કુમાર આચાર્ય Nuevo Leon, Mexico ખાતે ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સ રિસર્ચમાં પ્રોફેસર છે.**

**E-mail:**

**acharya_77@yahoo.com**

# ભારતના ઉત્તર પૂર્વી પ્રદેશમાં જાતિગત મુખ્યપ્રવાહ: નાર્કોર્મ્પનો કેસ સ્ટડી

ડૉ. શૈલેન્દ્ર ચૌધરી, મિહીન ડોલો
અને ડિમ્પલ એસ. દાસ



નાર્કોર્મ્પ જિલ્લામાં જરૂરિયાતમંદો અને ખાસ કરીને મહિલાઓને સશક્ત કરવા માટેના સાચા ધ્યેયને વાચા આપવા માટે યોગ્ય સમયે આવ્યું છે. તેણે સાબિત કર્યું છે કે જાતિગત સંવેદનશીલતા અને સમાનતા ઉપર કાર્યક્રમની પહોંચ અને વ્યૂહરચનાએ મોટી સફળતા હાંસલ કરી છે. આ કાર્યક્રમે બંને મહિલાઓ અને પુરૂષોની ભાગીદારીના માધ્યમથી મજબુત અને સંતુલિત વિકાસમાં યોગદાન આપ્યું છે. આખરે લોકોની માનસિકતામાં બદલાવનો એક વિશાળ સમુદ્ર જોવા મળી રહ્યો છે અને જીલ્લાના સમગ્રતયા વિકાસમાં પણ એક આમૂલ પરિવર્તન દેખાઈ રહ્યું છે.

ભારતનો ઉત્તર પૂર્વી પ્રદેશ એ વિવિધતાસભર સંસ્કૃતિ અને સામાજિક-આર્થિક વાસ્તવિકતાઓ સાથેના ૨૫૦થી વધુ અનેક અનુવાંશિક સમુદાયોનું ઘર છે. આ પ્રદેશ સ્ત્રી સશક્તિકરણની બાબતમાં અપૂર્વ પડકારો અને તકોના જુથ સાથે જટિલ સામાજિક સાંસ્કૃતિક માળખું ધરાવે છે. જાતિગત સશક્તિકરણનો અર્થ છે સ્ત્રીઓની વધી રહેલ અને સુધરી રહેલ સામાજિક, આર્થિક, રાજકીય અને કાયદાકીય શક્તિ કે જે મહિલાઓના સમાન અધિકારોની ખાતરી આપે અને તેમને પોતાના અધિકારોનો દાવો કરવા માટે આત્મવિશ્વાસી બનાવે.

અનેક બાબતોમાં ઉત્તર પૂર્વના રાજ્યોનો જાતિ સૂચકાંક ભારતની સરેરાશ પરિસ્થિતિની સરખામણીએ ઘણો અનુકુળ છે. આમ છતાં તે સમગ્ર પરિસ્થિતિનું વર્ણન નથી કરતો. પુરુષની સરખામણીએ સ્ત્રીઓએ તેમના રોજ બરોજના જીવનમાં જ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કારણ કે તેઓ જે કામ કરે છે એ પ્રકારનું છે. ઉત્તર પૂર્વમાં સ્ત્રીઓએ બાળકોનું ભરણ પોષણ કરવાનો, તેમની સારસંભાળ રાખવાની અને ઘરનો ચૂલો સળગાવવાની જવાબદારી પોતાના માથે લઈ લીધી છે. આવું તેમણે કોઈ એમની પોતાની પસંદગીથી નથી કર્યું પરંતુ કેટલાક ઐતિહાસિક અને પારંપરિક કારણોના લીધે કર્યું છે. નિર્ણય પ્રક્રિયામાં તેમની ભૂમિકા તદ્દન ગેરહાજર છે કારણ કે પારંપરિક પ્રથામાં તેમનું અસ્તિત્વ લગભગ ના બરાબર છે. રાજકીય અને સામાજિક નિર્ણય પ્રક્રિયામાંથી સ્ત્રીઓનો બહિષ્કાર તેમને સમાજમાં પુરૂષોની સરખામણીએ નીચલી પાયરીએ ઉતારે છે.

સ્ત્રીઓ ખેતી અને પશુપાલન વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે પરંતુ પરંપરાગત સંસ્થાનો કે જે મોટાભાગે નિયામક તંત્રો હોય છે અને જમીન વ્યવસ્થાપન, રૂઢિગત અને પરંપરાગત કાયદાઓનું અમલીકરણ, વિવાદોનો ઉકેલ, જંગલ વ્યવસ્થાપન અને મહેસૂલ વસુલાતની પ્રક્રિયા વગેરેમાં લાગેલ હોય છે તેમાંથી તેમને બહાર રાખવામાં આવે છે.

**નાર્કોર્મ્પની પહેલો**

[North Eastern Region Community Resource Management Project for Upland Areas" (NERCORMP)]

"ઉંચાણવાળા વિસ્તારો માટે ઉત્તર પૂર્વીય પ્રદેશ સમુદાય સ્ત્રોત વ્યવસ્થાપન કાર્યક્રમ" એ ઉત્તર પૂર્વીય કાઉન્સિલ, ડોનર મંત્રાલય, ભારત સરકાર અને કૃષિ વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય ફંડની સંયુક્ત પહેલ દ્વારા વર્ષ ૧૯૯૯માં શરૂ કરવામાં આવ્યો હતો જેનો સમગ્રતયા ઉદ્દેશ " નબળા વર્ગોના સંસાધન આધારના સુધારેલા વ્યવસ્થાપનના માધ્યમથી તેમની આજીવિકાને સંતુલિત પદ્ધતિએ એ રીતે સુધારવામાં આવે કે જેના થકી પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં ફાયદો થાય." નાર્કોર્મ્પના માધ્યમથી ૨૬૪૦ ગામડાઓને આવરી લેવામાં આવ્યા છે અને ૧,૮૮,૮૪૩ પરિવારો સુધી પહોંચી શકાયું

છે, ૨૯૬૦ કુદરતી સંસાધન જૂથો (એનએઆરએમજી) – ગ્રામ્ય સ્તરે આયોજનની દેખરેખ રાખતી અમલીકરણ સંસ્થા, ૮૩૨૬ સ્વ-સહાય જૂથો – બચત અને ઉદ્યોગમાં સંકળાયેલ સ્ત્રી જૂથોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દ્વારા અરૂણાચલ પ્રદેશમાં ચાંગલાંગ, તર્પ અને લોંગડીગ જીલ્લાઓ, આસામમાં કાર્બી, આન્ગલોન્ગ અને ડીમા હસાઓ જીલ્લાઓ, મણીપુરમાં ચંદેલ, ચુરાચાંદપુર, ઉખરૂલ અને સેનાપતિ જીલ્લાઓ તથા મેઘાલયમાં પશ્ચિમ ખાસી પર્વતમાળાઓ અને પશ્ચિમ ગારો પહાડીઓના જીલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. આ કાર્યક્રમનો હેતુ સ્ત્રી જૂથોના માધ્યમથી સ્ત્રી અનુકુળ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે જેથી કરીને તેમના આત્મવિશ્વાસ અને વ્યવસ્થાપન ક્ષમતાઓને વધારી શકાય અને સામુદાયિક સભાઓમાં તેમના અવાજને બુલંદ કરી શકાય.

નાર્કોર્મ્પ દ્વારા કાર્યક્રમની પ્રવૃત્તિઓના અમલીકરણમાં મહિલાઓને સામેલ કરવા માટે પણ અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યાં હતાં.

- ગામડાઓ માટે સામુદાયિક સંસાધન વ્યવસ્થાપન પ્લાન (સીઆરએમપી) તૈયાર કરવામાં આવે તે પહેલા આયોજન પ્રક્રિયાની સહભાગીદારી સ્વરૂપે મહિલાઓ સાથે અલગથી સંવાદ હાથ ધરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દ્વારા હાથ ધરવામાં આવેલ કોઈપણ તાલીમની અંદર જાતિગત સંવેદનશીલતા એ મહત્વનું ઘટક રહ્યું છે.
- મહિલાઓને તાલીમ અને ઉત્પાદન પદ્ધતિઓમાં, ખાસ કરીને હેન્ડલુમ ક્ષેત્રમાં, સમાનપણે તકો આપવામાં આવી હતી કારણ કે તેઓ ડીઝાઈન કરેલ ઉત્પાદન વિકાસ, ટેક્નોલોજી સુધાર, કૌશલ્ય વર્ધન અને માર્કેટિંગ ઈન્ટરવેન્ષનની મુખ્ય લાભાર્થીઓ હતી.
- કાર્યક્રમની પ્રવૃત્તિઓમાં મહિલાઓને સામેલ કરવાના કારણે ગ્રામ્ય સ્ત્રીઓને તેમની ગતિશીલતા અને વધુ સારી આરોગ્ય સંભાળ લેવામાં સક્ષમ બનાવી જેનાથી તેમની ઉત્પાદકતામાં સુધારો જોવા મળ્યો. મહિલાઓ આધારિત વિકાસ પહેલો વડે મહિલાઓને વધુ નવરાશનો સમય મળ્યો અને રોજબરોજના વૈતરાંમાંથી તેમને મુક્તિ અપાવી. આજે તેમની પાસે સંસાધન અને નાણાની પહોંચ છે અને પરિણામે તેમના પોતાના ગામના ભવિષ્ય વિષેની વિચાર પ્રક્રિયામાં તેઓ સક્રિય ભાગીદાર બની શકે તે માટેનો માર્ગ મહિલાઓ માટે મોકળો થઇ ગયો છે.
- પાયાની માળખાગત સુવિધાઓ જેવી કે ઓછા ખર્ચે સ્વચ્છતા, સુરક્ષિત પીવાનું પાણી પૂરું પડવું, આંતર રાજ્ય માર્ગો (આઈવીઆર), પ્રતીક્ષાલયો અને સંગ્રહ કેન્દ્રો વગેરે દ્વારા મહિલાઓની મહેનતને ઘણેઅંશે ઘટાડવામાં મદદ મળી છે. વધુ સારું આરોગ્ય અને સ્વચ્છતા પૂરી પાડવાની તેમજ ઝાડા, મરડો, એનીમિયા અને મેલેરિયા વગેરે જેવા રોગોની સતત ઉત્પત્તિ અટકાવવાની સાથે સાથે ઓછા ખર્ચે સ્વચ્છતાને લીધે ગ્રામ્ય મહિલાઓની લાંબા સમયથી ખોવાઈ ગયેલ આત્મસમ્માન પાછું મેળવવામાં મદદ મળી છે કારણ કે હવે તેમની પાસે તેમની પોતાની જગ્યા છે. વધુ સારા માર્ગોના જોડાણને લીધે સ્વસહાય જૂથોના સભ્યોને માર્કેટની જગ્યાઓ સુધી પહોંચવામાં વધુ સરળતા રહે છે.
- આ કાર્યક્રમ અંતર્ગત નાર્કોર્મ્પ દ્વારા ૧૦ (દસ) જીલ્લાઓમાં આશરે ૫૯,૨૮૨ ઓછી કિંમતના શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વચ્છતા પ્રત્યેનું નાર્કોર્મ્પનું યોગદાન સ્વચ્છ ભારત અભિયાનના લક્ષ્યને હાંસલ કરવામાં મોટો ભાગ ભજવશે અને સાથે જ ઉત્તર પૂર્વી ભારતના ઉંચાણવાળા વિસ્તારોમાં રહેતા ગરીબ અને સીમાંત સમુદાયના હિતોનું ધ્યાન રાખવામાં અને ગ્રામ્ય મહિલા સમુદાયના આત્મ સન્માન તથા ગોપનીયતાની સાચવણીમાં મદદ કરશે. આ કાર્યક્રમ ગામડાઓની સ્વચ્છતા જાળવવા માટે કાર્યક્રમ અંતર્ગત આવતા તમામ ગામડાઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવે છે અને તેને પ્રોત્સાહન પણ આપે છે.
- કમ્યુનીટી કન્ઝર્વ્ડ એરિયા (સીસીએ), નાર્કોર્મ્પના વ્યવસ્થાપનમાં મહિલાઓની મુખ્ય પ્રવાહની ભાગીદારી દ્વારા એક વ્યૂહરચના ઘડવામાં આવી છે જેમાં એનએઆરએમજીની મહિલા સભ્યોને એનટીએફપી (નોન ટીમ્બર ફોરેસ્ટ પ્રોડ્યુસ)માં મૂકવામાં આવ્યા છે કે જે સમગ્ર પ્રોજેક્ટના જીલ્લાઓમાં સીસીએના આશરે ૨ લાખ હેક્ટર વિસ્તારમાંથી તેનું એકત્રીકરણ અને ઉપયોગ કરી શકે છે. તેઓ એક ચોક્કસ સમય પણ આપે છે જયારે તેઓ તેને એકત્ર કરી શકે, તેમના ઉપયોગ માટેના પારંપરિક નિયમો તેમજ 'આમ કરવું અને આમ ના કરવું'ની માર્ગદર્શિકા અને સાથે સાથે તેઓ જે કિંમત પર તેનું વેચાણ કરી શકે તેવા લઘુત્તમ બજાર ભાવ પણ નક્કી કરી આપે છે. મહિલા જૂથો પણ સીસીએને લગતી પારંપરિક અને આધ્યાત્મિક માન્યતાઓને નક્કી કરે છે અને તેમને વળગી રહેવા માટે કેટલાક નિયમો અને કાયદાઓ ઘડી કાઢે છે. મહિલા જૂથે વેતન કામદાર માટે પુરૂષોના મોસમી બહારના સ્થળાંતર દરમિયાન સીસીએના વ્યવસ્થાપનમાં મહિલાઓ અને

યુવાનોની ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરી નાખી છે અને તેને નિભાવવા માટે તેમને પૂરતી મદદ મળી રહે તે અંગેની પણ ખાતરી કરે છે.

જાતિગત સશક્તિકરણ લાવવા માટે એનએઆરએમજી અને એસએચજી એક ઉદ્દીપક તરીકે એનએઆરએમજી અને એસએચજી ગ્રામ્ય વિકાસમાં સંતુલિત, મજબુત અને સર્વગ્રાહી મધ્યસ્થની ભૂમિકા નિભાવે છે. સંસ્થાગત નિર્માણ એ માત્ર સમુદાયના સભ્યોની પ્રાથમિકતાઓની પ્રતિક્રિયા આપવા માટે જ મહત્વનું નથી પરંતુ આ સાથે જ કુદરતી સંસાધનોના ચોકસાઈ પૂર્ણ ઉપયોગ, અને નવીન પારંપરિક જ્ઞાન તેમજ પ્રથાઓની પ્રતિકૃતિ તૈયાર કરવા અને તેને ઊંચા સ્તરે પહોંચડવા માટે પણ મહત્વનું છે. આ સીબીઓનું નિર્માણ વર્તમાન પારંપરિક સંસ્થાઓના પૂરક બનવા અને સમુદાયને વધુ વિકાસ કેન્દ્રિત સંસ્થાગત માળખું તૈયાર કરવા માટે સહાય કરવા કરવામાં આવે છે. એનએઆરએમજી મહિલાઓને જૂથના સભ્ય બનીને અને ગ્રામ્ય આયોજનની નિર્ણય પ્રક્રિયામાં ભાગ લઈને તથા તેઓ ફરજિયાતપણે ઓફિસ ધારક તરીકે પસંદગી પામે વગેરે માધ્યમો દ્વારા મહિલાઓની ભાગીદારી અને સશક્તિકરણને ઉત્તેજન આપે છે.

એસએચજીનું નિર્માણ ખાસ કરીને મહિલાઓને સશક્ત બનાવવા અને સામાજિક ક્ષેત્ર તથા રોજગારીના ક્ષેત્રોમાં મહિલાઓને લગતા મુદ્દાઓને વાચા આપવા માટે કરવામાં આવ્યું છે. તેઓ ક્લાસિકલ એસએચજી માર્ગદર્શિકાઓ, ઉદ્દેશ્યો અને કાર્યપ્રણાલીઓ જેવી કે બચત, રકમ જમા, કરકસર, બેઠકો, રોજગારી અને આવક નિર્માણ કરતી પ્રવૃત્તિઓ તથા સામાજિક ગતિશીલતા વગેરેને અનુસરે છે. સભ્યોની મુખ્ય તાકાતનું નિર્માણ કરવા માટે અને તેમની ક્રેડીટ ઇનટેક ક્ષમતા કે જે સંતુલિતતા તરફ દોરી જાય તેને વધારવા માટે વિવિધ ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં, સંતુલિતતા જાળવી રાખવા માટે, એનએઆરએમજીને સમુદાય સ્તરે એનએઆરએમજી એસોસિએશનમાં અને જીલ્લા સ્તરે એપેક્સ એનએઆરએમજી એસોસિએશનમાં ભેળવવામાં આવેલ છે. એ જ રીતે એસએચજીને સમુદાય સ્તરે એસએચજી ફેડરેશન અને જીલ્લા સ્તરે એપેક્સ એસએચજી ફેડરેશન તરીકે ભેળવવામાં આવ્યા છે. તેઓ સાથે મળીને તેમની વિકાસ માટેની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કામ કરે છે અને તેમના ઉત્પાદોના સંયુક્ત માર્કેટિંગને પ્રોત્સાહિત કરે છે. આ એનએઆરએમજી ક્લસ્ટર એસોસિએશન અને એસએચજી ફેડરેશનોએ પડોશના નોન પ્રોજેક્ટ ગામડાઓમાં પણ આ પ્રોજેક્ટને ફેલાવવાનું કામ શરૂ કર્યું છે અને આ માટે તેઓ તે ગામોને નાર્કોર્મ્પની સમાંતરે કોઈપણ પ્રકારની નાણાકીય સહાય વિના એનએઆરએમજી અને એસએચજીના નિર્માણ કરવામાં મદદ કરે છે.

આ કાર્યક્રમ આ મુજબના માધ્યમો દ્વારા બચતની આદત પાડે છે; જેવા કે મહિલાઓ આધારિત સ્વ સહાય જૂથો, નિર્ણય પ્રક્રિયા અને ગ્રામ્ય વિકાસ કામના અલીકરણમાં સમાન ભાગીદારી, નાણાકીય નિર્ણયો સમૂહ બેઠકોમાં લઈને નાણાકીય વ્યવહારમાં પારદર્શકતા, પુસ્તકો અને રેકોર્ડની સાચવણી, બેંક ખાતાઓની સાચવણી, સમૂહ રેકોર્ડ્સના વાર્ષિક ચાર્ટર્ડ એકાઉન્ટ ઓડીટ વગેરે. આ કાર્યક્રમે મહિલાઓને બેંક ખાતાઓ ખોલાવીને, અને બેંકની કાર્યવાહી અંગે તાલીમ આપીને તેમજ બેંક ખાતાઓ દ્વારા જ કાર્યક્રમમાંથી સમુદાયને ફંડ ટ્રાન્સફર કરીને વગેરે પ્રવૃત્તિઓ દ્વારા મહિલાઓ માટે બેન્કિંગની આદત પાડવાની પહેલ કરે છે કે જે વર્તમાન કેન્દ્ર સરકાર કે જેણે તાજેતરમાં જ પ્રધાનમંત્રી જન ધન યોજના, કેશ લેસ પેમેન્ટ સીસ્ટમ વગેરેનો પ્રારંભ કરાવ્યો હતો, તેમના મહત્વના એજન્ડાઓમાંથી એક છે. આ કાર્યક્રમનો અન્ય એક મહત્વનો ઉદ્દેશ છે, માનસિકતામાં બદલાવ, એટલે કે સમુદાયો કે જેઓ હવે મદદને બદલે લોનની માંગણી કરે છે તેમને તેમના જ ગામમાં તૈયાર કરવામાં આવેલ સામાન્ય સંપત્તિમાંથી સામુદાયિક ફાળો આપે છે કે જેનાથી સંપત્તિની જાળવણીમાં વધુ માલિકીનો ભાવ જન્મે છે કારણ કે નાણા કે મફત શ્રમના સંદર્ભમાં તેમાં તેમનું પોતાનું યોગદાન છે.

કેસ ઉદાહરણ ૧: મણીપુરના ઉખરૂલ જિલ્લામાં પિતૃપ્રધાનતાને બદલે સ્ત્રી સશક્તિકરણમાં આવેલ મોટું પરિવર્તન (શ્રી ટીચીકસ વશુમ, જિલ્લા પ્રોજેક્ટ ડાયરેક્ટર, ઉખરૂલ જિલ્લો, મણીપુર દ્વારા)

ઉખરૂલ જિલ્લામાં મોટાભાગે તંગખુલ્સ રહે છે અને કુકી તથા મારીગ જાતિની ખૂબ ઓછી વસ્તી છે. તંગખુલ સમાજ એ પુરૂષ પ્રધાન છે; મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવે છે, પછી તે કુટુંબની બાબત હોય કે સમાજની; તેમને સંપત્તિના કે વારસાઈ હકો નથી આપવામાં આવતા. મહિલાઓ કુટુંબનો અને આર્થિક પ્રવૃત્તિઓનો મુખ્ય આધાર હોવા છતાં પિતૃપ્રધાન સમાજમાં તેઓ જરા પણ પ્રકાશમાં નથી આવતી. મહિલાઓનું નેતૃત્વ એ તેમની વચ્ચે ઓછા ભણેલા અથવા તદ્દન અભણ લોકો માટે સાવ અજાણી બાબત હતી, જોકે તેમાં કેટલાકે મહત્વની સિદ્ધિઓ અને સફળતા હાંસલ કરી હતી અને સમાજના નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

નાર્કોર્મ્પની દખલગીરી અગાઉ મહિલાઓ દ્વારા કુટુંબની મર્યાદાથી બહારની આર્થિક પ્રવૃત્તિઓ કરવી એ તદ્દન અસ્વીકાર્ય અને વાંધાજનક ગણાતું હતું. આથી, તેમની પ્રવૃત્તિઓને કૌટુંબિક બાબતો, સ્થાનિક અને કૃષિ પ્રવૃત્તિઓ સુધી જ મર્યાદિત રાખવામાં આવતી હતી પછી ભલે તેઓ અન્ય કાર્યો કરવા માટે ગમે તેટલી કુશળ અને સક્ષમ હોય તો પણ. સ્વસહાય જૂથો (એસએચજી) ચળવળના આગમન પહેલા સ્વદેશી સંસ્કૃતિ

માટે બચત અને કરકસરની આદતનો ખ્યાલ તદ્દન અજાણ્યો હતો. ઉપરાંત સ્ત્રીઓને ખૂબ મુશ્કેલીથી કુટુંબના અન્ય ખર્ચાઓનું વ્યવસ્થાપન કરવાનો મોકો આપવામાં આવતો હતો. આજે તેમાં અનેક મહિલા ઉદ્યોગ સાહસિકો છે. આ બધા કરતા ઉપર ખાતાઓની ચોપડીઓની સંભાળ રાખવી એ તેમની માટે પ્રાપ્ત ન કરી શકાય તેવો લક્ષ્યાંક માનવામાં આવતો હતો. મોટા ભાગે અવારનવાર નાણા ધિરાણદારો કોઈપણ પ્રકારની લોન ઉપર દર મહીને ૧૦% ની મર્યાદા સુધીનું વ્યાજ વસૂલ કરીને પરિસ્થિતિને વધુ ખરાબ કરતા હતા. પાયાગત બેન્કિંગની માળખાગત સુવિધાઓના અભાવમાં અને નાણાકીય જાગૃતિની ગેરહાજરીના લીધે જિલ્લામાં વિકાસ પ્રક્રિયા વધુ ને વધુ બગડી રહી હતી.

સમુદાયો તારણ કાઢે છે કે નાર્કોર્મ્પ જિલ્લામાં જરૂરિયાતમંદો અને ખાસ કરીને મહિલાઓને સશક્ત કરવા માટેના સાચા ધ્યેયને વાચા આપવા માટે યોગ્ય સમયે આવ્યું છે. તેણે સાબિત કર્યું છે કે જાતિગત સંવેદનશીલતા અને સમાનતા ઉપર કાર્યક્રમની પહોંચ અને વ્યૂહરચનાએ મોટી સફળતા હાંસલ કરી છે. આ કાર્યક્રમે બંને મહિલાઓ અને પુરૂષોની ભાગીદારીના માધ્યમથી મજબુત અને સંતુલિત વિકાસમાં યોગદાન આપ્યું છે. આખરે લોકોની માનસિકતામાં બદલાવનો એક વિશાળ સમુદ્ર જોવા મળી રહ્યો છે અને જીલ્લાના સમગ્રતયા વિકાસમાં પણ એક આમૂલ પરિવર્તન દેખાઈ રહ્યું છે. હવે ગ્રામ્ય વિકાસની કોઈપણ નિર્ણય પ્રક્રિયામાં મહિલાઓનું સ્થાન સમાન છે અને કુદરતી સંસાધન વ્યવસ્થાપન સમૂહ (એનએઆરએમજી) જેવા સમુદાય આધારિત સંસ્થાનોમાં ઉચ્ચ પદવીઓ ધારણ કરે છે. આથી જ ઉખરુલ જીલ્લામાં નાર્કોર્મ્પ ને સ્ત્રી સશક્તિકરણ માટે આશાની એક કિરણ તરીકે ગણવામાં આવે છે.

જીલ્લામાં નબળી બેન્કિંગ સુવિધાઓને જોતા, એક એવા સંસ્થાનનું નિર્માણ કરવાની જરૂરિયાત કે ટૂંકા ગાળા અને મધ્યમ ગાળા તથા લાંબા ગાળા જેવી નાણાકીય સેવાઓને મદદ કરે તેની તાતી જરૂરિયાત વર્તાઈ અને આમ જીલ્લાના એસએચજીઓ માઈક્રો ક્રેડિટ માટેના ઉખરૂલ જીલ્લા સ્ત્રી સંસ્થાન (યુડીડબ્લ્યુઆઈએમ)નું નિર્માણ કરવા માટે સાથે મળીને એકઠા થયા. યુડીડબ્લ્યુઆઈએમની અંદર ૨૦૪ ગામડાઓમાંથી ૮૧૦ સ્વ સહાય જૂથો અને ૧૫૩૯૦ સભ્યો છે કે જેઓ ગ્રામ્ય મહિલાઓને તેમની નાણાકીય જરૂરિયાતો માટે શક્ય હોય તેવા શ્રેષ્ઠ ઉપાયો પૂરાં પાડવા ઉપર ભાર મૂકીને સંસ્થાને લગતા નિર્ણયો લે છે. આ પહેલે ગ્રામ્ય મહિલાઓને ગરીબીમાંથી બહાર આવવામાં અને તેમની જાતને વધુ સારા રોજગાર તરફ દોરી જવા માટે ઉન્નત બનાવી છે. ૨૦૦૮માં તેની ખૂબ નજીવા ૧.૩ કરોડના (સભ્ય જૂથો દ્વારા ફાળવાયેલા) ફંડથી શરુઆત થઇ હતી જ્યારે આજે તેની પાસે આશરે ૫ કરોડ છે અને ૧૫,૦૦૦થી વધુ સભ્યોને દર મહીને ઘટતા બેલેન્સની સાથે માત્ર ૧.૫%ના વ્યાજ દરે મદદ આપી રહ્યા છે. તેની પાછળની સફળતાના કારણ અનેક છે.

યુડીડબ્લ્યુઆઈએમએ, જે રીતે સમુદાય માઈક્રો નાણાકીય સંસ્થાનની દેખરેખ રાખે છે, તે રીતે તેણે સ્ત્રીઓને ક્રેડિટ અને બચતના ખ્યાલની પહોંચ આપીને સશક્તિકરણમાં મદદ કરી છે અને આ રીતે તેમને સંતુલિત આજીવિકા, અન્ન સુરક્ષા અને સમગ્રતયા સમાજિક વિકાસ તરફ દોરી જવા માટેની પ્રેરણા આપે છે.

**સારાંશ**

નાર્કોર્મ્પ એ એક કાર્યક્રમ તરીકે મહિલાઓની વેઠ અને વધુ પડતી મહેનતને નોંધપાત્ર રીતે ઘટાડી છે, સ્ત્રી સશક્તિકરણના પરિપ્રેક્ષ્યમાં ગ્રામ્ય વિકાસ સ્તરે આયોજન અને નિણર્ય પ્રક્રિયામાં મહિલાઓની વધુ સારી ભાગીદારી માટેનું વાતાવરણ નિર્માણ કર્યું છે; નાણાકીય સાક્ષરતા પ્રદાન કરી છે જેમાં પ્રધાનમંત્રી જન ધન યોજનામાં મહિલા આધારિત એસએચજી સભ્યોના બેંક ખાતાઓ ખોલવા વગેરેનો સમાવેશ થાય છે, સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ઓછા ખર્ચે તૈયાર થયેલ શૌચાલયો અને સુરક્ષિત પીવાના પાણીની મદદથી મહિલાઓના સુધરેલ આરોગ્ય અને સ્વચ્છતા, અને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત વિવિધ રોજગાર પ્રવૃત્તિઓના માધ્યમથી સ્ત્રીઓની અન્ન અને પોષણ સુરક્ષામાં ફાળો આપ્યો છે.

નાર્કોર્મ્પ એ મહિલાઓ માટે એક અનુકુળ વાતાવરણ પૂરું પાડવાની દિશામાં પ્રયત્નશીલ છે અને આ સાથે જ ભારતના સમગ્ર ઉત્તર પૂર્વી પ્રદેશમાં ભૂખમરાથી મુક્ત સમાજનું નિર્માણ કરવા કટિબદ્ધ છે તેમજ ગામના લોકોના કેસ સ્ટડી અને ટેસ્ટીમનીઓ દર્શાવે છે કે આપણે તે દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ કાર્યક્રમ ગ્રામ્ય સમુદાય ખાસ કરીને મહિલાઓ કે જેઓ ઉત્તર પૂર્વી ભારતના ખૂબ મુશ્કેલ અને પહોંચી ન શકાય તેવા પ્રદેશોમાં રહે છે તેમના માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાની હકારાત્મક દિશામાં આગળ વધી રહ્યું છે.

**શૈલેન્દ્ર ચૌધરી શીલોંગ ખાતે NERCORMP (ભારત સરકાર અને IFAD ના સંયુક્ત આજીવિકા પ્રોજેક્ટ) ના મેનેજિંગ ડિરેક્ટર છે. તેમને નોર્થ-ઈસ્ટ વિસ્તારમાં સતત ૨૫ વર્ષ સુધી કામ કરવાનો અનુભવ છે. તેમણે કેટલાક પ્રકાશનો બહાર પાડ્યા છે તથા વિવિધ જર્નલ્સ, સામાયિકો અને સમાચાર પત્રોમાં લેખો લખ્યા છે.**

**E-mail: mdnercromp@gmail.com**

**મિહિન ડોલો શિલોંગ ખાતે NERCORMP માં (કુદરતી સ્રોતો) ના ડિરેક્ટર છે અને કૃષિ તથા સંલગ્ન પ્રવૃત્તિઓ, જાતિય સંવેદનશીલ ટૅક્નોલોજીસ, બાયોડાયવર્સીટીની જાળવણી અને કુદરતી સ્રોતોના મેનેજમેન્ટ અંગે અમલીકરણની જવાબદારી ધરાવે છે.**


**E-mail: mihindollo@gmail.com**

**ડિમ્પલ એસ દાસ નોર્થ -ઈસ્ટર્ન રીજીયન કોમ્યુનિટી રિસોર્સ મેનેજમેન્ટ પ્રોજેક્ટ (NERCORMP) માં નોલેજ મેનેજમેન્ટ પ્રોજેક્ટ અને કોમ્યુનિકેશન્સના સંયોજક છે.**

**E-mail: dimkimson@yahoo.com**

# નવું ભારત અને નવી રેલવે: બજેટ અને દૂરંદેશી

ડૉ. શશીકલા પુષ્પા અને
ડૉ. બી. રામસ્વામી




**તરલતાની અછત (લિક્વિટીડી ક્રન્ચ)માં સરકારનો સહકાર; રેલવે સલામતી પ્રક્રિયાઓ જેમ કે એલએચબી કોચ, અલ્ટ્રાસાઉન્ડ આધારિત રેલ ટેસ્ટિંગ વગેરેમાં વધારવામાં આવેલું અનુપાલન. આ ઉપરાંત જાપાનના શિંકાનસેન જેવા અન્ય સફળ મોડેલનો અભ્યાસ પણ થઈ શકે છે. રેલવે અને કેન્દ્રિય બજેટનું વિલિનિકરણ કરવામાં આવ્યું તે આવકાર્ય પગલું છે.**

ભારતીય રેલવે (આઈઆર) આપણા દેશની ૧૬૨ વર્ષ સૌથી જુની એવી અસ્કયામત છે જે એશિયામાં બીજા ક્રમની સૌથી મોટી રેલવે સિસ્ટમ અને દુનિયામાં ચોથા ક્રમની સસૌથી મોટી રેલવે સિસ્ટમનો દરજ્જો ધરાવે છે. ભારતીય રેલવે દ્વારા ૧૯,૦૦૦થી વધુ ટ્રેનો અને ૭,૧૧૨ રેલવે સ્ટેશનોનું સંચાલન કરવામાં આવે છે. ભારતીય રેલવે ભૌગોલિક કનેક્ટિવિટી, લોકોનું પરિવહન અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ઉપરાંત વિશ્વ કક્ષાનું લોજિસ્ટિક અને પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડીને દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરે છે. ભારતીય રેલવે ૧૩ લાખ કર્મચારીઓ અને તેની કામગીરીઓને સુવ્યવસ્થિત ચલાવવાના ભગીરથ કાર્ય સાથે દુનિયામાં પાચમા ક્રમનું સૌથી મોટુ રેલવે નેટવર્ક છે.

રેલવે મંત્રાલય રેલવેને વધુ કાર્યક્ષમ બનાવવાના આશય સાથે તેનું સમગ્ર માળખુ ફરી ગઠિત કરવા માંગે છે. કોચની ગુણવત્તા સુધારવાથી માંડીને, વાઈ-ફાઈ ઉમેરીને, ખર્ચ ઘટાડવા માટે સુપર લકઝરી ટ્રેન તેજસ અને અદ્યતન દીન દયાળુ જેવી વિશેષ ટ્રેનો દોડાવીને, પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ઝડપ વધારીને, અને ભંડોળ ઉભુ કરવા માટે નવી નવી રીતો અપનાવીને રેલવે મંત્રાલય દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યા હોવા છતાં હજુ પણ ભારતીય રેલવે સંખ્યાબંધ પડકારોનો સામનો કરી રહી છે.

**રેલવે માટે બજેટમાં ફાળવણીઓ: ૨૦૧૮-૧૯**

વર્ષ ૨૦૧૮-૧૯ માટે સરકાર દ્વારા ભારતીય રેલવે માટે રૂપિયા ૧,૪૮,૫૨૮ કરોડ મૂડી ખર્ચ પેટે ફાળવવામાં આવ્યા છે; તમામ ટ્રેનમાં વાઈફાઈ, સીસીટીવી કેમેરા અને પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ હોય તેવી અન્ય સુવિધાઓ ઉભી કરવામાં આવશે; ૨૫,૦૦૦થી વધારે લોકોની અવરજવર હોય તેવા તમામ રેલવે સ્ટેશનોમાં એક્સલરેટર ઉભા કરવામાં આવશે; ૧૨,૦૦૦ વેગન, ૫૧૬૦ કોચ અને ૭૦૦ લોકોમોટિવ્સનું ઉત્પાદન કરાશે; રેલવે ટ્રેક્સની સલામતી, જાળવણી પર ધ્યાન આપવામાં આવશે, ધુમ્મસ સામે સલામતીના ઉપકરણો અને અન્ય ટેકનોલોજીનો ઉપયોગ વધારવામાં આવશે:

૬૦૦ મોટા રેલવે સ્ટેશનોના ફરી વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી છે; રૂપિયા ૧૭,૦૦૦ કરોડ બેંગલુરૂ મેટ્રો માટે બાજુએ રાખવામાં આવ્યા છે અને રૂપિયા ૧૧,૦૦૦ કરોડ મુંબઈ ઉપનગર રેલવે માટે અલગ ફાળવવામાં આવ્યા છે; હાઈ સ્પીડ રેલવે પ્રોજેક્ટ્સમાં કામગીરી માટે જરૂરિયાતને અનુલક્ષીને માણસોને તાલિમ આપવા માટે વડોદરામાં એક સંસ્થા (ઈન્સ્ટિટ્યૂટ)નું નિર્માણ કરવામાં આવશે; આગામી વર્ષમાં ૩૬,૦૦૦ કિમી રેલવે ટ્રેકના નવીનીકરણનું લક્ષ્ય છે: સરકાર બ્રોડગેજમાં ૪૨૬૭ માનવરહિત રેલવે ક્રોસિંગને આગામી બે વર્ષમાં દૂર કરશે; વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૦૦૦ કિલોમીટરના ઈલેક્ટ્રિફાઈડ રેલવે નેટવર્કનું કામ પૂરું

કરવાની આશા છે; પૂર્વીય અને પશ્ચિમી સમર્પિત ફ્રાઈટ કોરિડોરનું કામ અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે.

**રેલવે સામે રહેલા પડકારોઃ**

આપણા દેશમાં રેલવે તંત્રમાં ખૂબ જ ઝડપથી વિકાસના કાર્યો ચાલી રહ્યા હોવા છતાં, હજુ પણ એકધારા વિકાસના માર્ગમાં એવી સંખ્યાબંધ સમસ્યાઓ છે જેનો સામનો કરવો પડે છે. તેમાંથી મુખ્ય સમસ્યાઓનો અહી નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**રેલવે ક્ષેત્રમાં વિસ્તરણ અને આધુનિકીકરણની ઘણી ધીમી કામગીરીઃ**

ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા અને ભારતીય રેલવે દ્વારા સંચાલિત કરવામાં આવતા રૂટની સંખ્યામાં તેની શરૂઆતની તુલનાએ અત્યારે નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, તેને અનુલક્ષીને જોવામાં આવે તો માળખાકીય વિકાસ ઘણો અપૂરતો છે. ખરેખર કહીએ તો, દેશને સ્વતંત્રતા મળ્યા પછી ભારતીય રેલવે દ્વારા માત્ર ૧૦,૦૦૦ રૂટ કિલોમીટરનો ઉમેરો કરવામાં આવ્યો છે જ્યારે ચીને આટલા જ સમયગાળામાં ૫૦,૦૦૦ રૂટ કિલોમીટરથી વધારે ઉમેરો કર્યો છે.

આ ઉપરાંત, છેલ્લા ત્રણ દાયકામાં ડબલ/મલ્ટિપલ ટ્રેક્સની વહેંચણી કુલ રૂટ કિલોમીટરના ટકાવારીની દૃષ્ટિએ માત્ર ૫૨ ટકા જ વધી છે અને રૂટ કિલોમીટર્સના આ માત્ર ૩૦.૩૨ ટકા હિસ્સામાં ડબલ/મલ્ટિપલ ટ્રેક્સ છે. વિસ્તરણની આ ઘણી ઓછી ગતિને ધ્યાનમાં રાખતા, આજે વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંતૃપ્તિ બિંદુએ પહોંચી ગયું છે. ભારતીય રેલવે દ્વારા ચલાવવામાં આવતા ૧૨૧૯ સ્ટેશનોમાંથી ૪૦ ટકા સ્ટેશનો ૧૦૦ ટકાથી વધુ લાઈન ક્ષમતા ઉપયોગીતા પર ચાલી રહ્યા છે.

**રેલવે અકસ્માતોઃ**

આપણા દેશમાં રેલવેના કારણે બનતી દુર્ઘટનાઓ (અકસ્માતો)નો આંકડો સમગ્ર દુનિયામાં અન્ય દેશોની તુલનાએ ઘણો વધારે છે. આવા અકસ્માતો કોઈપણ ક્ષતિ અને કર્મચારીઓની બેદરકારના કારણે થતા હોય છે.

**ટિકિટ વગર મુસાફરીઃ**

ભારતમાં રેલવે તંત્રમાં જોવા મળતી અન્ય એક મોટી સમસ્યા એ છે કે, મોટી સંખ્યામાં મુસાફરો ટિકિટ લીધા વગર જ રેલવેમાં મફત મુસાફરી કરે છે. ભારતીય રેલવેને દર વર્ષે ટિકિટ વગર મુસાફરી કરતા લોકોના કારણે રૂપિયા ૫ કરોડની ખોટ ખાવી પડે છે.

**ભંડોળની સમસ્યાઃ**

ભારતીય રેલવેની કામગીરી બે મુખ્ય પાસાઓ વચ્ચે અટવાઈ ગઈ છે. એક તરફ તેને આત્મનિર્ભર સંસ્થા બનાવવાના પગલાં લેવાય છે તો બીજી તરફ ગરીબોના પરિવહન માટેની સિસ્ટમ તરીકે તેને સેવા આપવી પડે છે. પરિણામે મુસાફર ભાડામાં કોઈ જ વધારો કરવામાં આવતો નથી અને નવી ટ્રેનો તેમજ રૂટ્સ બિન વ્યવસાયિક કારણો પર નક્કી કરવામાં આવે છે.

મુસાફર ભાડાંમાં સામાન્યપણે વર્ષો સુધી કોઈ જ ફેરફાર કરવામાં આવતો નથી, તેના કારણે કેન્દ્રીય બજેટ પર મોટો બોજ પડે છે. પુરતુ નાણાં ભંડોળ જાળવી રાખવા માટે ભૂતકાળમાં ફ્રેઈટ ચાર્જ (માલ ભાડુ)માં વધારો કરવામાં આવ્યો હતો. પરંતુ માલ ભાડાં અને મુસાફર ભાડા વચ્ચેનો તફાવત રેલવેની કામગીરીને વધુ ખરાબ કરી નાખે છે.

પ્રીમિયમ ટ્રેનોમાં તાજેતરમાં ટિકિટ ભાડાંમાં વધારો કરવાનો નિર્ણય સાચી દિશામાં લેવાયેલું પગલું છે. પરંતુ રેલવેના વિસ્તરણ માટે સૌથી મોટો માથાનો દુખાવો તેમનું ફ્રાઈટ બાસ્કેટ (માલા ભાડાનો હિસ્સો) છે.

**સંચાલન કાર્યક્ષમતાઃ**

ભારતીય રેલવે ૧૩ લાખ જેટલી મોટી સંખ્યામાં કર્મચારીઓ ધરાવે છે. તેમાં શક્તિશાળી કામદાર યુનિયનો પણ છે. આ યુનિયનો સોપાનિક નિર્ણય લેવાની ક્ષમતા સાથેના કેન્દ્રીયકૃત સંગઠન બના ગયા છે. પરિણામે, કોઈ સામાન્ય નિર્ણય લેવાનો હોય તો પણ તેમાં વર્ષોનો સમય વીતી જાય છે. જેમ જેમ ખર્ચ વધે તેમ સંચાલન રેશિયો વધુને વધુ ખરાબ થાય છે. તેમાં ૭મા પગારપંચની ભલામણો માટેના નાણાંનો પણ સમાવેશ થાય છે જે નિવૃત્ત અને કાર્યરત રેલવે કર્મચારીઓ માટે આ વર્ષે અંદાજે રૂપિયા ૨૮,૦૦૦ કરોડનો બોજ છે.

**ફાઈનાન્સ અને એકાઉન્ટિંગઃ**

ભારતીય રેલવે રેવેન્યૂ ખર્ચમાં ખૂબ જ મોટાપાયે ખર્ચ કરે છે- મૂડી ખર્ચ માટે છેવટે ખૂબ ઓછી રકમ વધે છે.

ભારતીય રેલવેને મૂડી ખર્ચ માટે પોતાની રીતે ભંડોળ ઉભુ કરવાની જરૂર છે અને નવા, ભંડોળમાં વધારો કરવા માટે બિન સરકારી સ્ત્રોતો પણ શોધવાની જરૂર છે જેથી નોંધપાત્ર પરિવર્તન લાવી શકાય.

પરંતુ, આવું તો માત્ર ત્યારે જ થઈ શકે જ્યારે રેલવે ઘણી સારી બેલેન્સ શીટ સાથે કાર્યક્ષમ કોર્પોરેશન (નિગમ) તરીકે ચાલે જેથી ડેબ્ટ વધારવા માટે તેનો ઉપયોગ થઈ શકે. મંત્રાલય વર્ષ ૨૦૧૯ સુધીમાં રેલવેમાં રૂપિયા ૮.૫૬ લાખ કરોડનું રોકાણ લાવવાની યોજનામાં પણ છે.

**જૂના ટ્રેક અને રોલિંગ સ્ટોકી કંગાળ સ્થિતિઃ**

ભારતીય રેલવે સામેની સૌથી મોટી સમસ્યા જૂના થઈ ગયેલા અને સમય વીતી ગયેલા ટ્રેક્સ છે. જૂના ટ્રેક્સના કારણે રેલવેની ગંભીર દુર્ઘટનાઓ બનતી રહે છે. તેના કારણે સ્પીડમાં પણ કેટલીક મર્યાદાઓ આવી જાય છે. તેના કારણે, દરેક નવા ટાઈમ ટેબલમાં, ચાલી રહેલી તમામ નવી ટ્રેનોના સમયમાં વધારો થાય છે જ્યારે અન્ય આધુનિક દેશોમા દોડતી ટ્રેનોના ટાઈમ ટેબલમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે.

**અદ્યતન મેનેજમેન્ટનો અભાવઃ**

રેલવે તંત્ર પૂરતા ઈન્સેન્ટિવ (પ્રોત્સાહકો) અને યોગ્ય પ્રતિભાવાન લોકોને આકર્ષવામાં નિષ્ફળ રહ્યું હોવાથી અત્યારે અદ્યતન મેનેજમેન્ટનો અભાવ છે. આ ઉપરાંત, રેલવે તંત્ર સાપેક્ષ પ્લાનિંગ ભાડાનું આર્થિક વિશ્લેષણ પણ કરી શક્યું નથી.

**જૂનવાણી ટેકનોલોજીઃ**

વર્તમાન સમયની સ્ટોક રોલિંગ

ટેકનોલોજી તદ્દન જુનવાણી છે. આ સિસ્ટમમાં વધારે મેન-પાવરની જરૂર પડે છે અને હાલમાં જે લોકો કામ કરી રહ્યા છે તેમણે પણ ટેકનોલોજીમાં આવી રહેલા સુધારા સાથે પોતાની આવડતોને અપગ્રેડ કરી નથી. આના કારણે રેલવે તંત્ર વધી રહેલી ટ્રાન્સપોર્ટની માંગણીઓને સંતોષવામાં અસમર્થ બની રહ્યું છે તેમજ વધી રહેલા અને ટ્રાફિકના અંકુશ તેમજ તેમાં સુધારા અને ઓછા ખર્ચમાં કામકાજ પાર પાડવાનો પડકાર પણ ઝીલી શકતું નથી.

**રિપ્લેસમેટની સમસ્યાઃ**

ભારતમાં જૂના અને વિતેલા સમયના રેલવે એન્જિન, વેગન તેમજ અન્ય ઉપકરણોની ફેરબદલી (રિપ્લેસમેન્ટ) કરીને નવા લાવવાની સમસ્યા પણ ઘણી ગંભીર સ્તરની છે.

**ડબલ લાઈન્સ નાખવાની સમસ્યાઃ**


મોટાભાગની રેલવે લાઈન્સમાં વર્તમાન સમયમાં સિંગલ લાઈન્સ છેજેના કારણે રેલવે અને મુસાફરોનું જરૂરિયાત અનુસાર આયોજન કરવામાં ઘણી અગવડતા ઉભી થાય છે.

**અપૂરતું રોકાણઃ**

અપુરતાં રોકાણના કારણે રેલવે ટ્રાન્સપોર્ટ વિભાગ જરૂરિયાતની તુલનાએ પાછો પડી રહ્યો છે. નેશનલ ટ્રાન્સપોર્ટ પોલીસી કમિટિ, રેલ ટેરિફ ઈન્કવાયરી કમિટિ અને રેલવે રિફોર્મ્સ કમિટિ સહિતની વિવિધ કમિટિઓ દ્વારા આ ક્ષતિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**માર્ગ પરિવહન સાથે હરિફાઈઃ**

મુસાફરો અને માલસામાન બંનેના પરિવહન મામલે હાલમાં રેલવે તંત્ર રોડ ટ્રાન્સપોર્ટ (માર્ગ પરિવહન) સિસ્ટમ સામે આકરી હરિફાઈનો સામનો કરી રહ્યું છે. રેલવે અને માર્ગ પરિવહન વચ્ચે સંકલનના અભાવના કારણે રેલવેની કમાણીની ક્ષમતા ઘટી ગઈ છે. તેના કારણે ટ્રાફિકની હિલચાલમાં વધારે વિલંબ થઈ રહ્યો છે અને મુસાફરોને પણ ઘણી અગવડતા ઉભી થઈ રહી છે.




ભારતનું રેલવે નેટવર્ક દુનિયામાં સૌથી મોટા અન્ડર સિગ્નલ મેનેજમેન્ટ રેલવે સિસ્ટમ પૈકી એક ગણવામાં આવે છે.

**બજારનું કદઃ**

એપ્રિલ- નવેમ્બર ૨૦૧૭ દરમિયાન, ભારતીય રેલવેના મુસાફર ટ્રાફિકમાં ૦.૬૮ ટકાનો વધારો થઈને આ આંકડો ૫,૫૪૩.૧૫ મિલિયન સુધી પહોંચ્યો હતો.

એપ્રિલ- નવેમ્બર ૨૦૧૭ દરમિયાન ભારતીય રેલવેની એકંદરે રેવેન્યૂ (આવક)માં વાર્ષિક તુલનાત્મક ધોરણે ૫.૬૮ ટકાનો વધારો થયો થઈને આ આંકડો રૂપિયા ૧૦૯,૨૦૯.૧૫ કરોડ (૧૬.૮૭ અબજ અમેરિકી ડોલર) સુધી પહોંચ્યો હતો.

આ સમયગાળામાં જ મુસાફરોમાંથી થતી કમાણી ૫.૨૪ ટકા વધીને રૂપિયા ૩૨,૩૭૦.૫૪ કરોડ (૫ અબજ અમેરિકી ડોલર) અને ભાડામાંથી થતી કમાણી ૮.૦૧ ટકા વધીને રૂપિયા ૭૧,૧૬૮.૬૭ કરોડ (૧૦.૯૯ અબજ અમેરિકી ડોલર) નોંધાઈ હતી.

**રોકાણ/ વિકાસઃ**

રેલવેમાં સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)ની આવક સંબંધિત ઘટકો એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૧૭ દરમિયાન ૮૯૬.૯૯ મિલિયન અમેરિકી ડોલર નોંધાયા હતા.

ભારતીય રેલવે ક્ષેત્રમાં કેટલાક મોટા રોકાણો અને વિકાસ નીચે દર્શાવ્યા અનુસાર છેઃ

સુરતના રેલવે સ્ટેશનના પુનઃવિકાસની યોજનાની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે જેનો કુલ ખર્ચ રૂપિયા ૪,૬૫૦ કરોડ (૭૧૫.૧૨ મિલિયન અમેરિકી ડોલર) છે.

ભારતીય રેલવે તેના ૧૦૦માંથી ૪૦ યાર્ડને સ્માર્ટ યાર્ડમાં રૂપાંતરિત કરીને મેન્યૂઅલ ઈન્સ્પેક્શનનો અંત લાવવા માટે અંદાજે રૂપિયા ૩,૦૦૦ કરોડ (૪૬૧.૦૮ મિલિયન અમેરિકી ડોલર)નું રોકાણ કરવાના આયોજનમાં છે.

ભારતીય રેલવે નેટવર્ક હાલમાં સારા દરે વિકસી રહ્યું છે. આગામી પાંચ વર્ષમાં, ભારતીય રેલવે બજાર દુનિયામાં ત્રીજુ સૌથી મોટું રેલવે બજાર બની જશે અને સમગ્ર દુનિયાના કુલ રેલવે બજારમાં તેનો હિસ્સો ૧૦ ટકા થઈ જશે. કેન્દ્રિય રેલવે અને કોલસા મંત્રી શ્રી પીયૂષ ગોયલના જણાવ્યા અનુસાર, ભારતીય રેલવે દુનિયામાં સૌથી મોટા એમ્પ્લોયર (નોકરીદાતા) છે, અને તે હાલમાં ૧૦ લાખ નવી નોકરીઓ ઉભી કરી શકે તેમ છે.

દેશના વિવિધ ભાગોમાં સમર્પિત ફ્રાઈટ કોરિડોર (ડીએફસી)ની ત્રણ નવી શાખાઓ વિકસાવવા માટે, ભારત સરકાર રૂપિયા ૩,૩૦,૦૦૦ કરોડ (૫૦.૯૮ અબજ અમેરિકી ડોલર)નું રોકાણ કરવાના આયોજનમાં છે.

આ ઉપરાંત, યૂરોપિયન ટ્રેન કંટ્રોલ

સિસ્ટમ (ઈટીઆએસ) અપનાવવા માટે પણ ભારતીય રેલવે રોકાણ કરવાની યોજનામાં છે. આ સિસ્ટમની મદદથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ વિકસાવવામાં ઘણી મદદ મળી શકશે.

**સૂચનો અને આવશ્યક સુધારાઃ**

**આર્થિક સરવેઃ ટેરિફ રેશનલાઈઝેશન (વ્યવહારદક્ષ ભાડા)**

સરવેમાં ટાંકવાં આવ્યું હતું કે, રેલવેમાં પરિવહન વધુ આકર્ષક બનાવવા માટે અને રેલ શેર (રેલ હિસ્સા)ના ઘટી રહેલા ટ્રેન્ડને રોકવા માટે, નાણાકીય વર્ષ ૨૦૧૭માં પગલાં લેવામાં આવ્યા છે જેમાં ટેરિફ રેશનલાઈઝેશન, સ્ટેશન થી સ્ટેશન સુધીના દરો માટે નવી પોલીસી માર્ગદર્શિકા, આયર્ન ઓર (કાચા લોખંડ)ની નિકાસ માટે બેવડા ભાડાની નીતિ પાછી ખેંચવી અને કોલસાના ભાડા વધુ વ્યવહારદક્ષ કરવા વગેરેનો સમાવેશ થાય છે.

ભારતીય રેલવે દ્વારા રેલવે ટ્રાફિકમાં વધારો કરવા માટે લેવાયેલા પગલાં નીચે દર્શાવ્યા અનુસાર છે.

નવી કોમોડિટીનું વર્ગીકરણ; ટેરિફ રેશનલાઈઝેશન; કોલસાના ટેરિફ (ભાડા)નું રેશનલાઈઝેશન; કન્ટેઈનરાઈઝેશન દ્વારા ફ્રાઈટ બાસ્કેટનું વિસ્તરણ; એક સ્ટેશનથી બીજા સ્ટેશન સુધીના ભાડા માટે નવી નીતિની માર્ગદર્શિકા; ખાલી દિશાઓમાં લોડ કરાયેલા ટ્રાફિક માટે ઉદાર ઓટોમેટિક ફ્રાઈટ રિબેટ નીતિ; આયર્ન ઓર (કાચા લોખંડ)ના નિકાસ માટે બેવડા ભાડાની નીતિ પાછી ખેંચવી; મેરી ગો રાઉન્ડ સિસ્ટમ માટે પોલીસી માર્ગદર્શિકા; ખુલ્લા અને ફ્લેટ વેગન્સમાં બાંધેલા કન્સાઈન્મેન્ટ્સના લોડિંગ પર ડિસ્કાઉન્ટ; રોલ-ઓન રોલ ઓફ જેવી સર્વિસ માટે નવા ડિલિવરી મોડેલ્સ; ટૂંક અંતરની છૂટછાટો ફરી રજૂ કરવી અને લઘુતમ અંતર માટેના ચાર્જમાં ઘટાડો કરવો; ફ્રાઈટ બિઝનેસ માટે ડિજીટલ ચુકવણી અને લાંબી મુદતની ટેરિફ કોન્ટ્રાક્ટ પોલીસી (જે ગ્રાહકને ભાડામાં સ્થિરતા અને ફ્રાઈટમાં આકર્ષક રિબેટ (વળતર) આપે છે).

**સ્ટેશનનો પુનઃવિકાસઃ**

આર્થિક સરવે ૨૦૧૮માં જણાવ્યા અનુસાર, સ્ટેશનનોના પુનઃવિકાસનો પ્રોજેક્ટ "સૌથી મોટા નોન-ફેર રેવેન્યૂ જનરેટિંગ" (સૌથી મોટા બિનભાડા આવક ઉપાર્જન) પ્રોજેક્ટ છે. આ ઉપરાંત, સ્ટેશનો નજીક હાથ ધરવામાં આવતા વ્યાપારિક વિકાસ પણ શહેરો માટે ધોરી નસ બની જશે અને ગુણવત્તાપૂર્ણ રિટેઈલ, કોમર્શિયલ અને આતિથ્ય વિકાસ પુરો પાડશે.

આ ઉપરાંત, પુનઃવિકસિત સ્ટેશનો પર મુસાફરોને ડિજીટલ સિગ્નેજ, એક્સલેટર્સ/ એલિવેટર્સ, સેલ્ફ ટિકિટિંગ કાઉન્ટર્સ, એક્ઝિક્યુટિવ લોન્જ, લગેજ સ્ક્રિનિંગ મશીન, વોક-વે, મુસાફરો માટે રોકાણની જગ્યાઓ, ગ્રાન્ડ અને ખૂબ ઉન્નત રૂફિંગ અને ફ્લોરિંગ (છત અને તળીયું), મફત અને પેઈડ વાઈ-ફાઈ સહિતની સંખ્યાબંધ સુવિધાઓ ઉપલબ્ધ થતા તેમના અનુભવ પણ વધુ બહેતર બનશે તેમ સરવેમાં ઉમેરવામાં આવ્યું છે.

**સલામતીઃ સલામતી સંદર્ભે વર્લ્ડ બેન્કનો અહેવાલઃ**

છેલ્લા કેટલાક સપ્તાહમાં ભારતમાં વધી રહેલા રેલવેના અકસ્માતોની સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરતા, વર્લ્ડ બેન્કે ભારતીય રેલવે માટે માર્ગદર્શનોની યાદી તૈયાર કરી છે જેથી આ રાષ્ટ્રીય પરિવાહકને ભવિષ્યમાં ખૂબ જ વિપુલ પ્રમાણમાં દુર્ઘટનાઓ ટાળવા માટે મદદ મળી રહેશે.

અકસ્માતો ટાળવા માટેના માપદંડોના ભાગરૂપે, ટ્રેનોને 'ડિચ લાઈટ્સ' (ખાડા સામે રક્ષણ આપતી લાઈટ્સ) અને ઉજળા પીળા રંગથી સજ્જ કરવામાં આવશે જેથી ઝાંખા પ્રકાશના કલાકો દરમિયાન પણ ટ્રેનોને વધુ વિઝિબલિટી (દશ્યતા) મળી રહેશે; ટ્રેનના કર્મચારીઓને પણ ખૂબ વધારે વિઝિબલિટી વાળા કપડાં આપવામાં આવશે જે તેમણે હંમેશા પહેરવાના રહેશે. તેઓ તેમના ડ્યૂટીના સમયમાં આ કપડા અચૂક પહેરે તે માટે પણ ખાસ ધ્યાન આપવામાં આવશે. કર્મચારીઓ જે ફૂટવેર (પગરખા) અને હેલમેટ પસંદ કરે તે પણ તેમના ભથ્થાની રેન્જમાં હોય અને તેનો મૂળ હેતુ સિદ્ધ થતો હોય તેનું ધ્યાન રાખવામાં આવશે; દરેક ટ્રેનમાં ફાયર એક્સટિંગ્વિશર (અગ્નિશામકો) અનિવાર્યપણે હોવા જ જોઈએ અને વિવિધ પ્રકારે લાગેલી આગ કેવી રીતે રોકવી તે અંગે સ્ટાફને પણ અચુક માર્ગદર્શન આપેલું હોવું જોઈએ.

લેવલ ક્રોસિંગ અને રસ્તા ક્રોસ હેચ્ડ પેટર્ન (પટ્ટાવાળી પેટર્ન)થી રંગવામાં આવશે જેથી ચેતવણી મળી શકે અને આ વિસ્તારમાં જે પણ લોકો હોય તેમને જોખમનો અંદાજ આવી શકે. અકસ્માતોનું મૂળ કારણ શોધવા માટે હાલમાં જે તપાસકારોને નિયુક્ત કરવામાં આવ્યા છે તેઓ દરેક પરિસ્થિતિનું બહેતર વિશ્લેષણ કરી શકે તે માટે તેમને તાલિમ આપવામાં આવશે. અધિકારીઓ દ્વારા મુખ્ય લાઈનોમાં સાપ્તાહિક ધોરણે ચાર કલાકના મેન્ટેન્ટ્સ બોલ્ક જેવા ટાઈમટેબલની સમીક્ષા કરવાનું સૂચવવામાં આવ્યું છે અને પ્રવર્તમાન જોખમોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટર્મિનલ કામગીરીઓમાં સલામતી પરફોર્મન્સની સમીક્ષાનું પણ તેમના દ્વારા સૂચન કરવામાં આવ્યું છે.

રેલવે તંત્ર દ્વારા સ્વતંત્ર સલામતી નિયામકની પણ રચના કરવામાં આવશે જેથી રેલવે સલામતી કમિશનરના પાવર વધુ પ્રબળ બની શખે અને રેલવે બોર્ડના ચેરમેનના વડપણ હેઠળ સલામતી મેનેજમેન્ટ સિસ્ટમની રચના કરી શકાય; પાટા પરથી ગાડી ખડી પડવાની સમસ્યા, આગ, અથવા અન્ય કોઈપણ સંભવિત દુર્ઘટના ટાળવા માટે, ઈમરજન્સી રિસ્પોન્સ પ્લાનની પણ રચના કરવામાં આવશે.

**રેલવે સલામતી અંગે અનિલ કાકોકર**

**કમિટિનો અહેવાલઃ**

આ સમિતિ દ્વારા વિવિધ ૧૦૬ ભલામણો કરવામાં આવી છે જેમાં સામાન્ય સલામતીની બાબતો, સંગઠનાત્મક માળખું (ઓર્ગેનાઈઝેશનલ સ્ટ્રક્ચર), કામગીરીના સ્તરમાં સશક્તિકરણ, સલામતી સંબંધિત કામ અને અન્ય પ્રશ્નો, મહત્વપૂર્ણ સલામતી શ્રેણીઓમાં ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી અને મેનપાવર પ્લાનિંગના પ્રશ્નો, મહત્વપૂર્ણ સલામતી સાધનોની અછત દૂર કરવી, બાહ્ય હસ્તક્ષેપ – દબાણ અને ભાંગફોડ દૂર કરવી, સિગ્નલિંગનું અપગ્રેડેશન કરવું, ટેલિકમ્યુનિકેશન અને ટ્રેન સુરક્ષા સિસ્ટમ, રોલિંગ સ્ટોક, ટ્રેક, પુલનું અપગ્રેડેશન કરવું, લેવલ ક્રોસિંગ દૂર કરવા, ભારતીય રેલવે અંગે શિક્ષણ અને તાલિમ પર વધુ ભાર મુકીને માનવ સંસાધન વિકાસ કરવો, ભારતીય રેલવે પર ઈકો- સિસ્ટમ અને સલામતી આર્કિટેક્ચર્સ વગેરે પાસાઓને આવરી લેવામાં આવ્યા છે.

કમિટિ દ્વારા કરવામાં આવેલી ૧૦૬ ભલામણોમાંથી, રેલવે મંત્રાલય દ્વારા ૬૮ ભલામણોને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવી છે જયારે ૧૯ ભલામણોને આંશિક રીતે સ્વીકારવામાં આવી છે અને ૧૯ ભલામણો નકારી કાઢવામાં આવી છે. અત્યાર સુધીમાં, કમિટિ દ્વારા કરાયેલી ૨૨ ભલામણોનો અમલ કરવામાં આવ્યો છે. ૨૦ ભલામણોના અમલની કામગીરી અંતિમ તબક્કે આવી ગઈ છે.

**ભારતીય રેલવેની ભાવી દૂરંદેશીઃ**

તરલતાની અછત (લિક્વિટીડી ક્રન્ચ)માં સરકારનો સહકાર; રેલવે સલામતી પ્રક્રિયાઓ જેમ કે એલએચબી કોચ, અલ્ટ્રાસાઉન્ડ આધારિત રેલ ટેસ્ટિંગ વગેરેમાં વધારવામાં આવેલું અનુપાલન. આ ઉપરાંત જાપાનના શિંકાનસેન જેવા અન્ય સફળ મોડેલનો અભ્યાસ પણ થઈ શકે છે. રેલવે અને કેન્દ્રિય બજેટનું વિલિનિકરણ કરવામાં આવ્યું તે આવકાર્ય પગલું છે.

વર્તમાન પીએસયુ (જાહેરક્ષેત્રના એકમો)માં પોતાને ફરી સ્ટાર તરીકે પ્રસ્થાપિત કરવા માટે જરૂરી સુધારાનો પડકાર પણ ભારતીય રેલવે સમક્ષ છે. બ્યૂરોક્રેટિક (અમલદારી) માળખું વધુ ખુલ્લા અને સહિયારા માળખામાં રૂપાંતરિત કરવાથી ભારતીય રેલવે દ્વારા હાથ ધરાતા વિવિધ પ્રયાસોમાં ઝડપથી પરિણામ મળશે. વિવિધ વિચલન (ભૂલો) સંબંધિત જાણકારી માટે રેલવે તંત્ર દ્વારા ઓનલાઈન સિસ્ટમ મૂકવી જોઈએ, તેમજ સલામતી માટે કરાયેલા રોકાણનું સમયાંતરે વિશ્લેષણ કરવું જોઈએ. મોટા અકસ્માતોના કારણોનો સારાંશ અને તે પછી હાથ ધરવામાં આવેલા પગલાંઓ પણ જાહેરક્ષેત્ર પર મૂકવા જોઈએ.

વર્તમાન સમયમાં સીધા ડિસ્ચાર્જ ટોઈલેટની બિનહાઈજેનિક પરિસ્થિતિ કે જેના કારણે રેલવેની પણ પ્રતિષ્ઠા ખરડાય છે તેના બદલે બાયો ટોઈલેટ્સ નાખવાનું સૂચન રેલવે મંત્રી દ્વારા કરવામાં આવ્યું છે. બિબેક દેવરોય, અનિલ કાકોકર, સામ પિત્રોડા સહિત વિવિધ સમિતિઓ દ્વારા કરાયેલી ભલામણોમાં દબાણ અને ભાંગફોડ દૂર કરવી, સિગ્નલિંગનું અપગ્રેડેશન કરવું, ટેલિકમ્યુનિકેશન અને ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ, રોલિંગ સ્ટોકનું અપગ્રેડેશન, ટ્રેક, પુલ, લેવલ ક્રોસિંગ હટાવવા વગેરે પણ છે અને તેના પણ તાકીદે કામ કરવાની જરૂર હોવાનું સૂચવાયું છે.

**સારાંશઃ**

ભારતીય રેલવેએ દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં ઘણી મહત્વની ભૂમિકા અદા કરી છે અને તેના કારણે જનતાના વિશાળ વર્ગને સસ્તા અને પોષાય તેવા દરે જાહેર પરિવહન સુનિશ્ચિત થઈ શક્યું છે. વધુમાં, તેનો વિકાસ નોંધપાત્ર પ્રમાણમાં થયો છે અને દુનિયામાં સૌથી મોટા રેલવે નેટવર્કમાં તે સ્થાન ધરાવે છે. જોકે, છેલ્લા બે દાયકામાં, રેલવે તંત્ર પોતાની સ્થિતિ જાળવી શક્યું નથી કારણ કે દેશમાં મુસાફરો અને માલસામાનની હેરફેર માટે સ્પર્ધાત્મક અને ઓછા ખર્ચની પરિવહન સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં તેના સામર્થ્ય અંગે દેશમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

બિબેક દેવરોય કમિટિના અહેવાલમાં ટાંકવામાં આવ્યું હતું કે, માંગને અનુરૂપ પુરવઠા બાજુથી કોઈ સુધારા કરવામાં આવ્યા નથી જેથી તેની જરૂરિયાત ઘટવા લાગે છે, તેમજ મુસાફરો અને માલવાહક ટ્રેનોની ઝડપમાં થતો ઘટાડો તેમજ રેલવે નેટવર્કના આધુનિકીકરણ અને વિસ્તરણમાં પણ વિલંબ થયો છે.

આથી, ભારતીય રેલવેએ મુસાફરોને મળતી સુવિધાઓ, નિર્ણય લેવાની પ્રક્રિયાનું વિકેન્દ્રિકરણ, રાષ્ટ્રીય મહત્વ ધરાવતા પ્રોજેક્ટ્સનું ઝડપી સમાપન, દરેક માટે એકસમાન એકાઉન્ટિંગના માપદંડો અપનાવવા અને સેવાઓ વધુ સારી મળે તે સુનિશ્ચિત કરવાની દિશામાં નક્કર પગલાં લેવાની તાતી જરૂર છે જેથી અર્થતંત્રના વિકાસને વેગ મળે અને તાજેતરમાં તેમજ ભૂતકાળમાં વિવિધ સમિતિઓ દ્વારા દાખલ કરાયેલા રિપોર્ટ્સના સૂચનો અનુસાર આર્થિક સદ્ધરતામાં પણ વધારો થાય.

**આગામી આકર્ષણ**

**પોષણ**

**NUTRITION**

**વિશેષ નજર**

**" બજેટ ૨૦૧૮ -**

**ઉત્તર –પૂર્વના રાજ્યોના વિકાસ પર - વિહંગાવલોકન "**

**કુલ ફાળવણીઓ:**

- વર્ષ ૨૦૧૮-૧૯માં આ પ્રદેશ માટે કુલ રૂપિયા ૪૭,૯૯૪.૮૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે વર્ષ ૨૦૧૭-૧૮માં કરાયેલી રૂપિયા ૪૦,૯૭૧.૬૯ કરોડની ફાળવણી કરતા વધારે છે. મહત્વપૂર્ણ રીતે, આ વધારો રૂપિયા ૭,૦૨૩.૧૯ કરોડ છે જે સ્વતંત્ર ભારતમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો છે.
- આ ઉપરાંત, ડેવલપમેન્ટ ઓફ નોર્થ ઈસ્ટર્ન રિજન (ડીઓએનઈઆર) મંત્રાલયના બજેટને રૂ. ૨,૭૩૭ કરોડ (વર્ષ ૨૦૧૭-૧૮)થી વધારીને રૂ. ૩,૦૬૦ કરોડ (વર્ષ ૨૦૧૮-૧૯ માટે) કરવામાં આવ્યું છે.
- ઉત્તર-પૂર્વના રાજ્યોને મળતી સીધી ગ્રાન્ટ આ બજેટમાં રૂ. ૧,૬૩૮.૨૭ કરોડથી વધારીને રૂ. ૧,૪૪૯.૮૩ કરોડ કરવામાં આવી છે.
- આ પ્રદેશ માટે મૂડીની જોગવાઈ અગાઉ રૂ. ૪૨૦ કરોડ હતી તે વધારીને રૂ. ૭૦૦ કરોડ કરવામાં આવી છે.
- ઉત્તર- પૂર્વના પ્રદેશમાં માળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સ માટે નોંધપાત્ર પ્રમાણમાં બજેટ ફાળવણી કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સના કારણે દેશના અન્ય ભાગો સાથે તેમની કનેક્ટિવિટી વધશે અને આર્થિક વિકાસના દ્વાર ખુલશે.

**રેલવેઃ**

- ૧૩ નવી રેલવે લાઈન નાખવી, ગેજનું રૂપાંતરણ કરવું, ડબલ ટ્રેક્સ નાખવા અને અન્ય સંબંધિત સુવિધાઓ જેમકે સ્ટેશન વગેરે બાંધવા અને હાલમાં જે હોય તેમાં વિસ્તરણ કરવું વગેરે સહિતના ૨૦ મોટા રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- અરૂણાચલ પ્રદેશને ઘણો મોટો લાભ મળશે કારણ કે ત્યાં ત્રણ નવી રેલવે લાઈન ભારત-ચીન સરહદ સુધી લંબાવવામાં આવશે જે આકરા પહાડો અને દુર્ગમ વિસ્તારોમાંથી પસાર થશે.
- આ તમામ રાજ્યો ટૂંક સમયમાં રેલવે લાઈન્સથી જોડાઈ જશે, જેની વર્ષ ૨૦૧૪ સુધી કોઈ કલ્પના પણ નહોતી કરી.
- આ પ્રદેશમાં રેલવે કનેક્ટિવિટી માટે સરકારે છેલ્લા ચાર વર્ષમાં રૂ. ૫,૮૮૬ કરોડ જેટલી જંગી રકમ આપવાની કટીબદ્ધતા દાખવી છે અને આ આંકડો વર્ષ ૨૦૧૯ સુધીમાં વધીને રૂપિયા ૪૦,૦૦૦ કરોડ (જાપાન અને ખાનગી કંપનીઓ દ્વારા થનારા રોકાણ સહિત) સુધી પહોંચવાનો અંદાજ છે.
- છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તર પૂર્વમાં ૯૭૦ કિલોમીટરના ગેજનું રૂપાંતરણ થઈ ગયું છે. આમ, તમામ કાર્યરત મીટરગેજ વિભાગોનું બ્રોડગેજમાં રૂપાંતરણ થઈ ગયું છે અને સમગ્ર ઉત્તર પૂર્વ પ્રાંતમાં હવે ક્યાંય મીટરગેજ રેલવે લાઈન નથી.
- એમડીઓએનઈઆર દ્વારા સમર્થિત અગરતલા- કથુરા (બાંગ્લાદેશ) રેલવે લિંક ટેન્ડર આપવાના સ્તર સુધી આવી ગઈ છે.

**વાંસઃ**

- વાંસ મૂળરૂપે ઘાસનો એક પ્રકાર છે પરંતુ છેલ્લા ૯૦ વર્ષથી તેને ઝાડ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે જેના કારણે ચીનથી વિપરિત ઉત્તર પૂર્વમાં વ્યાપારિક ધોરણે તેનું શોષણ થતા બચી શક્યું છે. દેશમાં ઉછરતા કુલ વાંસમાંથી ૬૭ ટકા હિસ્સો આ પ્રદેશોમાં ઉગે છે. ભારત સિવાય ચીન એકમાત્ર એવો દેશ છે જે વાંસના વિપુલ ભંડાર ધરાવે છે.
- હવે બજેટ ૨૦૧૮માં આ ઘાસના વાવેતર માટે એક નવી આશા જાગી છે જેના માટે એક સમયે ઉત્તર પૂર્વના રાજ્યોમાં બળવો થયો હતો.
- પુનઃગઠિત નેશનલ બામ્બૂ મિશન (એનબીએમ) માટે રૂપિયા ૧,૨૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી હોવાથી વાંસ આધારિત સંખ્યાબંધ ઉદ્યોગો – ફૂડ પ્રોસેસિંગથી માંડીને બાંધકામ- માં નવી આશાનું કિરણ દેખાયું છે.
- વાંસના સાકલ્યવાદી વિકાસ માટે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ શ્રેષ્ઠ પગલાંઓ પૈકી એક છે.

**ઉડ્ડયનઃ**

- કેન્દ્રીય બજેટ ૨૦૧૮-૧૯માં પણ ઉત્તર પૂર્વના પ્રદેશોમાં હવાઈ કનેક્ટિવિટી વધારવા પર કેન્દ્ર સરકારે ધ્યાન આપ્યું છે.
- નાણામંત્રાલય દ્વારા મોખરાની પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કિમ અંતર્ગત ૫૦ એરપોર્ટને ફરી ધમધમતા કરવા અને આ વિસ્તારમાં ઉડ્ડયન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા માટે વાએબલિટી ગેપ ફંડિંગ માટે આગામી નાણાકીય વર્ષમાં રૂપિયા ૧,૦૧૪.૦૯ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ રકમ વર્ષ ૨૦૧૭-૧૮માં સુધારેલા અંદાજ અનુસાર ફાળવવામાં આવેલા રૂપિયા ૨૦૦.૧૧ કરોડ કરતા પાંચ ગણી વધારે છે.
- ઉત્તર પૂર્વ અને પહાડી રાજ્યો માટે ૩૨૫માંથી અંદાજે ૪૦ ટકા એટલે કે ૧૨૯ એર રૂટ પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમના બીજા ફેઝ અંતર્ગત ફાળવવામાં આવ્યા હતા. તેમાં જમ્મુ અને કાશ્મીરમાં કારગિલ, સિક્કિમમાં પાકયોંગ અને અરૂણાચલ પ્રદેશમાં તેઝુ સહિતના વ્યૂહાત્મક

એરપોર્ટ્સ પણ સમાવી લેવામાં આવ્યા હતા જ્યાં પહેલી વખત નાગરિકોને એર કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- ઉત્તર પૂર્વના દૂરના વિસ્તારોમાં એર કનેક્ટિવિટીના કારણે પ્રવાસનમાં વધારો થશે અને તેના કારણે આ પ્રદેશમાં વધુ રોકાણ થશે. આ ઉપરાંત અહીં વેપાર અને વાણિજ્યમાં પણ વધારો થશે.

**રોડ વે (જમીન માર્ગો):**

- સરકાર દ્વારા કનેક્ટિવિટી પર ભાર મુકવામાં આવ્યો હોવાથી તેના પરિણામે, ૨૦૧૯ સુધીમાં આ પ્રદેશમાં ૧૦,૫૦૦ કિમી નવા રસ્તાઓ તૈયાર થઈ જશે જેની શરૂઆત વર્ષ ૨૦૧૪થી કરી દેવામાં આવી છે.
- માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યા અનુસાર, ઉત્તર પૂર્વમાં નવા રસ્તાઓ, પુલ અને તે સંબંધિત અન્ય સાધન સરંજામના બાંધકામમાં તેમજ હાલમાં છે તેમાં સુધારા અને વિસ્તરણ માટે રોકાણ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯માં વધીને રૂપિયા ૨ લાખ કરોડના આંકડાને આંબી જશે.
- તેમાં બ્રહ્મપુત્ર નદીના કાંઠે કાંઠે ૧૩૦૦ કિલોમીટર લાંબા એક્સપ્રેસ-વે માટે રૂપિયા ૪૦,૦૦૦ કરોડ અને ટ્રાન્સ-અરૂણાચલ ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સ માટે રૂપિયા ૫૫,૦૦૦ કરોડનો પણ સમાવેશ થાય છે.
- ભારતમાલા પરિયોજના અંતર્ગત, ઉત્તર પૂર્વ પ્રદેશમાં ૫૩૦૧ કિલોમીટર રસ્તામાં સુધારા માટે મંજૂરી મળી ગઈ છે. આમાંથી, ૩૨૪૬ કિલોમીટર રોડ ઉત્તર પૂર્વમાં ઈકોનોમિક કોરિડોરના વિકાસ માટે છે.
- આસામ અને અરૂણાચલને જોડતા ભારતના સૌથી લાંબા નદી ઉપરના પુલનું ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ પુલ ૯.૧૫ કિલોમીટરનો છે.
- ડિસેમ્બર ૨૦૧૭માં મંજૂરી પામેલા ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રીપક્ષીય ધોરીમાર્ગનું કામ ઝડપી કરવામાં આવ્યું છે.

**ઉર્જા ક્ષેત્ર:**

- ઉત્તર પૂર્વમાં હાલમાં ચાલી રહેલા ઉર્જા પ્રોજેક્ટ્સ માટે રૂપિયા ૧,૨૯૨ કરોડ અલગથી રાખવામાં આવ્યા છે અને ઉર્જા ક્ષેત્ર માટે મૂડી જોગવાઈ વધારીને રૂપિયા ૨૬૭.૪૫ કરોડ કરવામાં આવી છે. આ પ્રદેશમાં ખાસ કરીને સિક્કિમ અને અરૂણાચલમાં વિવિધ જળ વિદ્યુત પ્રોજેક્ટ્સ માટે કરવામાં આવેલા અંદાજે રૂપિયા ૫૪,૦૦૦ કરોડના રોકાણ સિવાયની આ રકમ છે.
- છેલ્લા બે વર્ષમાં આ પ્રદેશમાં સૌર ઉર્જા પ્લાન્ટ્સના વિકાસ માટે વધારના રૂપિયા ૨૩૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**શિપિંગ/ઈનલેન્ડ જળમાર્ગો:**

- શિપિંગ અને નેવિગેશન હેતુથી બરાક નદીના વિકાસની કામગીરી બે તબક્કામાં હાથ ધરવામાં આવી છે.
- તબક્કા- ૧માં, ભાંગા-સિલચર (૭૧ કિમી) લંબાઈનો વિકાસ કરવામાં આવશે જેમાં કરીમગંજ અને બદરપુર ખાતે વર્તમાન ટર્મિનલ્સમાં અપગ્રેડેશન (સુધારો) પણ કરવામાં આવશે.
- બરાક નદીમાંથી કાંપ કાઢવાનું કામ નવેમ્બર ૨૦૧૭માં શરૂ કરવામાં આવ્યું છે.
- તબક્કા – ૨માં, સિલચર –લખીપુર (૫૦ કિમી) લંબાઈના વિકાસનું કામ હાથ ધરવાં આવશે જેમાં સિલચર અને લખીપુર ખાતે નવા ટર્મિનલ ઉભા કરવાનું પણ સૂચવવામાં આવ્યું છે.

**સારાંશ:**

- બજેટ ૨૦૧૮ની જોગવાઈઓમાં 'એક્ટ ઈસ્ટ' નીતિ પર યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું છે. ઉત્તર પૂર્વના વિકાસને વેગ આપવા માટે કનેક્ટિવિટી સૌથી ચાવીરૂપ પાસું છે અને હાલમાં તે દિશામાં કામ ચાલી રહ્યું છે.
- આ પ્રદેશમાં રોકાણ, એક સમયે માત્ર સપના સમાન હતું, પરંતુ હવે વાસ્તવમાં ધીમી ગતિએ શરૂઆત થઈ ગઈ છે અને આગામી કેટલાક વર્ષોમાં અહીં એકધારા પ્રવાહમાં રોકાણ આવવાની અપેક્ષા છે.
- ઉત્તર પૂર્વ અને ભારતના બાકીના હિસ્સા વચ્ચે વધારેલી લિંક્સ તેમજ ઉત્તર પૂર્વ અને દક્ષિણ પૂર્વ એશિયા વચ્ચેની લિંક્સ આ પ્રદેશ માટે ગેમ ચેન્જર પુરવાર થશે.

**ડૉ. શશીકલા પુષ્પા સાંસદ (રાજ્ય સભા) છે અને તેમણે ડૉ. રામસ્વામી સાથે સહ-લેખક તરીકે ચાર પુસ્તકો પણ લખ્યા છે. ડૉ. બી. રામસ્વામી ભારત સરકારના રેલવેના ચેન્નાઈ (ટીએન) ડિવિઝનમાં ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટિ (ડીઆરયુસીસી)ના સભ્ય છે. તેઓ હિમાચલ પ્રદેશમાં એપીજી શીમલા યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર છે. તેમની ક્રેડિટ સાથે તેમના ૨૦૦થી વધારે પ્રકાશનો આવી ચુક્યા છે. ડૉ. રામસ્વામીએ તેમના ૧૬ વર્ષના સેવાકાળમાં, બેન્ચ ઓફ મેજિસ્ટ્રેટ, કાયદાકીય સલાહકાર, ભારતીય અને આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ ફેકલ્ટી તરીકે સેવા આવી છે તેમજ ભારત સરકારના સંખ્યાબંધ અસાઈન્મેન્ટ્સ પર તેમણે કામ કરીને વ્યાપક પ્રમાણમાં યોગદાન આપ્યું છે.**

**E-mail : sasikalapushpamprs@gmail.com**


# ઈન્ડિયા ૨૦૧૮નું વિમોચન



કેન્દ્ર સરકારના કાપડ અને માહિતી તથા પ્રસારણ વિભાગના મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝૂબીન ઈરાની તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે પબ્લિકેશન ડિવિઝન દ્વારા પ્રકાશિત India ૨૦૧૮ અને ભારત ૨૦૧૮નું વિમોચન કર્યુ હતું. તે સમયે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી એન. કે. સિંહા અને પબ્લિકેશન ડિવિઝનના ડાયરેક્ટર જનરલ ડો. સાધના રાઉત પણ તસવીરમાં છે.

પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા વાર્ષિક સંદર્ભ ઈન્ડિયા/ભારત – ૨૦૧૮નું માનનીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાનીના હસ્તે ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ વિમોચન કરવામાં આવ્યું હતું. આ મોખરાના પ્રકાશનની ઈ-આવૃત્તિનું પણ સાથે સાથે જ વિમોચન કરવામાં આવ્યું હતું. આ માહિતીપ્રદ વાર્ષિક સંદર્ભનું દર વર્ષે પ્રકાશન કરવામાં આવે છે અને આ વર્ષે પ્રકાશનનો ૬૨માં વર્ષમાં પ્રવેશ થયો છે. આ પ્રકાશનમાં દેશમાં ગ્રામીણથી માંડીને શહેરી, ઉદ્યોગોથી માંડીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિજ્ઞાન અને ટેકનોલોજીથી માંડીને માનવ સંસાધન વિકાસ, કલા અને સંસ્કૃતિ, નીતિઓ, અર્થતંત્ર, સ્વાસ્થ્ય, સંરક્ષણ, શિક્ષણ અને માસ કમ્યુનિકેશન સહિત દેશમાં વિકાસનાં તમામ પાસાઓને આવરી લેવામાં આવે છે. આ વાર્ષિક પ્રકાશનમાં સરકારના મુખ્ય કાર્યક્રમો, આખા વર્ષની મહત્વની ઘટનાઓ અને ભારતના રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોના મહત્વના આંકડાઓની ઝાંખી કરાવવામાં આવે છે

આ પુસ્તકની ઈલેક્ટ્રોનિક આવૃત્તિ ખૂબ જ સામાન્ય ચલણમાં ઉપયોગમાં લેવાતા ઈ-પબ ફોર્મેટમાં તૈયાર કરવામાં આવી છે જે




ટેબલેટ્સ, કમ્પ્યૂટર્સ, ઈ-રીડર્સ અને સ્માર્ટફોન જેવા વિવિધ ઉપકરણોમાં સરળતાથી વાંચી શકાય છે. આ ઈબુકમાં ટેકનિકલ દૃષ્ટિએ શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ધોરણોને જાળવવામાં આવ્યા છે અને પુસ્તકની પ્રિન્ટ આવૃત્તિની અદ્દલ નકલ છે. તેમાં હાઈપરલિન્ક્સ, હાઈલાઈટિંગ, બુક માર્કિંગ અને ઈન્ટરએક્ટિવિટી સહિત વાચકોને અનુકૂળ આવે તેવી સંખ્યાબંધ સુવિધાઓ ઉમેરવામાં આવી છે જેથી બહેતર કમ્યુનિકેશન થઈ શકે.

આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધતા શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાનીએ કહ્યું હતું કે, ઈન્ડિયા/ભારત ૨૦૧૮ની ઓનલાઈન આવૃત્તિથી અવારનવાર ઈન્ટરનેટ પર માહિતી શોધતા સંશોધકો અને વિદ્યાર્થીઓને ઘણી મદદ મળી શકશે. આ પુસ્તક એડમિનિસ્ટ્રેશનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સંદર્ભ પુસ્તક હોવા ઉપરાંત સંશોધકો અને અન્ય વિદ્યાર્થી સમુદાયો માટે પણ સંદર્ભ પુસ્તક છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ પુસ્તકની પ્રિન્ટેડ આવૃત્તિની કિંમત રૂપિયા ૩૫૦ રાખવામાં આવી છે જે ૮ સેલ્સ એમ્પોરિઆ (બજાર) અને ડીપીડીની ૩ પ્રાદેશિક કચેરીઓથી ખરીદી શકાય છે. આ ઉપરાંત દેશભરમાં તેના અધિકૃત એજન્ટ્સ પાસેથી પણ મળી શકે છે. આ પુસ્તક ભારતકોષના પોર્ટલ પરથી ઓનલાઈન વેચાણ દ્વારા પણ ઉપલબ્ધ છે. પ્રકાશન વિભાગની વેબસાઈટ www.publicationsdivision.nic.in દ્વારા આ પોર્ટલ પર સીધો એક્સેસ મેળવી શકાય છે.

ઈ-બુક્સની કિંમત રૂપિયા ૨૬૩ રાખવામાં આવી છે જે એમેઝોન ગૂગલ પ્લે બુક્સ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ઉપલબ્ધ છે.

પ્રકાશન તા. ૨૬ માર્ચ, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ એપ્રિલ, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), April 2018** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ | ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ | ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ | ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ | ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ | ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ | ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ | ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ | ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ | ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ | ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ | ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ | ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ | ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| | | | ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, 1st Floor, Long Life Hospital Building, Above UCO Bank, Nr. Paldi Char Rasta, Paldi, Ahmedabad - 380007. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.